# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 301 ■ વિક્રમ સંવત ૨૦૮૨

પૌષ સુદ- ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 22 December 2025, Monday ■ REGD.No. MCS/058/2024-26

સોમવાર, ૨૨ ડિસેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



એક માત્ર ટૂર કંપની "Word of Mouth" થી પ્રગતિના પંથે

## કુલીન કુમાર હોલિડેઝ પ્રસ્તુત
## 2026 ના યાદગાર ગ્રુપ ટૂરનાં વિવિધ વિકલ્પો



**અમેરિકા**
૧૬ રાત્રી / ૧૭ દિવસ
સાન ફ્રાન્સિસ્કો, લેક તાહો, લોસ એન્જલસ, મેમથ, લાસ વેગાસ, નાયગરા ફોલ, વોશિંગ્ટન ડીસી, ન્યૂ યોર્ક



**જાપાન**
૧૧ રાત્રી / ૧૨ દિવસ
ટોકિયો, હિરોશિમા, ઓસાકા, ક્યોટો, નાગોયા, માઉન્ટ ફુજી



**સાઉથ કોરીયા**
૦૯ રાત્રી / ૧૦ દિવસ
સિઓલ, જેજુ આયલેન્ડ, બુસાન



**ઓસ્ટ્રેલિયા**
૧૧ રાત્રી / ૧૨ દિવસ
કેર્ન્સ, ગોલ્ડ કોસ્ટ, સિડની, મેલબોર્ન



**ન્યુઝીલેન્ડ**
૧૩ રાત્રી / ૧૪ દિવસ
ઓકલેન્ડ, બે ઓફ આઈસલેન્ડ, રોટોરુઆ, ક્વિન્સટાઉન, કાઈસ્ટચર્ચ, તૌપો



**યુરોપ**
૧૪ રાત્રી / ૧૫ દિવસ I ૧૬ રાત્રી / ૧૭ દિવસ
લંડન(યુ.કે.), નેધરલેન્ડ, ફ્રાન્સ, સ્વીટ્ઝરલેન્ડ, બેલ્જીયમ,જર્મની, ઓસ્ટ્રીયા, ઇટલી




**યુરોપીયન સ્પ્લેંડર**
૧૩ રાત્રી / ૧૪ દિવસ
એમસ્ટરડમ, પેરિસ સાથે સ્વિટ્ઝરલેન્ડ ઈન્નસબ્રુક, મ્યુનિક



**પ્યોર સ્વિટ્ઝરલેન્ડ**
૦૯ રાત્રી / ૧૦ દિવસ
લોઝાન, મોન્ત્રો, વેવે, ઈન્ટરલાકન, એંગલબર્ગ, લ્યુસર્ન, ઝ્યુરિક



**લંડન, આયર્લેન્ડ અને સ્કોટલેન્ડ**
૧૩ રાત્રી / ૧૪ દિવસ
લંડન, માન્ચેસ્ટર, એડિનબર્ગ, ગ્લાસગો, બેલફાસ્ટ, ડબ્લીન



**સીનીક સ્કેન્ડીનેવીયા**
૧૫ રાત્રી / ૧૬ દિવસ
કોપનહેગન, માલમો, ઓસ્લો, હોનીંગસવાગ, ટ્રોનડીયામ, એલસુન્ડ, ગેયરાંગર, ફ્લામ, બર્ગન, સ્ટોકહોમ



**સ્પેન/પોર્ટુગલ**
૧૩ રાત્રી / ૧૪ દિવસ
બાર્સેલોના, વેલેન્સીયા, ગ્રેનાડા, મલાગા, લિસ્બન, આલગ્રેવ, મેડ્રિડ



**જ્યોર્જિયા**
૦૯ રાત્રી / ૧૦ દિવસ
ટીબિલિસી, બાતુમી, બાર્જોમી, ગદોરી



**સાઉથ આફ્રિકા**
૧૨ રાત્રી / ૧૩ દિવસ
કેપટાઉન, હરમાનુસ, ગાર્ડન રૂટ, સનસીટી, સફારી, જોહાનિસબર્ગ



**વિયેતનામ**
૧૦ રાત્રી / ૧૧ દિવસ
હેનોઈ, હો એન, સા પા દનાંગ, હો ચિ મિન



**ચાઈના**
૧૩ રાત્રી / ૧૪ દિવસ
બેજીંગ, ઝાંગજીઝ, ચોંગક્વીંગ, ચેંગડૂ, શાંઘાઇ

અન્ય પ્રવાસોઃ અલાસ્કા કેનેડિયન રૉકિઝ • ગ્રીસ • સેન્ટ્રલ યુરોપ • ક્રોએશિયા • બાકુ • ટર્કિ • મોરોક્કો • આઈસલેન્ડ • આર્કટિક

SCAN ME

ટૂર ની વિશેષતા
- દરરોજ બ્રેકફાસ્ટ, લંચ અને ડીનર
- ભરપુર સાઈટ સીઈંગનો સમાવેશ
- ટૂર કિંમત કોઈપણ છુપા ખર્ચ વગર



- ગુજરાતી, હિન્દી, ઈંગ્લીશ બોલતા નિષ્ણાંત ટૂર લીડર
- લક્ઝરી હાયટેક એ.સી. બસમાં મુસાફરી
- સ્પષ્ટ ટૂર પ્રોગ્રામ તથા પ્રામાણિક વ્યવહાર

Hughes Road (H.O.): 022-4355 5555 | Opera House: 022 4355 5551
Borivali: 022-4355 5590 | Mulund: 022-25695500 | Pune: 020- 25537344
Ahmedabad: 079-40036900 | Surat: 0261-4883555

sales@kulinkumar.com | www.kulinkumar.com | Toll Free: 1800 103 8055
Follow us on @kulinkumarholidays *for live tour moments!*

NO GIMMICKS. NO HYPE. SINCE 1976.
KULIN KUMAR HOLIDAYS

# અમદાવાદના ખ્યાતિ હૉસ્પિટલ કાંડ કેસમાં કાર્તિક પટેલ અને રાહુલ જૈનની ડિસ્ચાર્જ અરજી કોર્ટે ફગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના ચકચારી ખ્યાતિ હોસ્પિટલ કાંડ કેસમાં ઝડપાયેલ હૉસ્પિટલના ચેરમેન કાર્તિક જશુભાઈ પટેલે અને રાહુલ જૈને કેસમાંથી ડિસ્ચાર્જ થવા માટે અરજી કરી હતી. જેમાં એવી રજૂઆત કરી હતી કે, તેમને ખોટી રીતે ફસાવી દેવામાં આવ્યા છે, આ કેસમાં અમારો કોઈ જ રોલ નથી, અમે કોઈ ઓપરેશન કર્યા નથી, ચાર્જશીટ જોતા અમારી સામે કોઈ જ પુરાવા નથી, તેથી કોર્ટે અમને ડિસ્ચાર્જ કરવા જોઈએ.

બીજી તરફ ખાસ સરકારી વકીલે કોર્ટને જણાવ્યું હતું કે, કાર્તિક પટેલ ખ્યાતિકાંડનો મુખ્ય કિંગ પિન છે. આરોપી ખ્યાતિ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલના ચેરમેન છે. આ ગુનાના કાવતરાખોરોનો મુખ્ય હેતુ સરકારની પીએમજેએવાય યોજનાનો આર્થિક ગેરલાભ મેળવવાનો હતો. આરોપી ખ્યાતિ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં ૫૦.૯૮ ટકા હિસ્સો ધરાવે છે.

જોકે ખ્યાતિ મલ્ટીસ્પેશિયાલિટી હૉસ્પિટલના આર્થિક વ્યવહારોમાં તથા ઓડિટ રિપોર્ટમાં આર્થિક નુકસાન થયાનું આરોપીએ દર્શાવ્યું હતું, હૉસ્પિટલના તમામ આર્થિક વ્યવહારો આરોપી દ્વારા દિશા નિર્દેશ થયા છે. જે પુરાવાની દૃષ્ટિએ ખૂબ જ અગત્યના છે.

તેમણે વધુમાં દલીલ કરી હતી કે, આરોપી મુખ્ય સૂત્રધાર છે હૉસ્પિટલમાં દર્દીઓ લાવવા તથા તે દર્દીઓને પીએમજેએવાય હેઠળ હોય કે ન હોય ગેરકાયદેસર આર્થિક લાભ મેળવવા માટે આયુષ્યમાન કાર્ડ ન હોય તેવા લોકોને પણ આરોપીઓ મારફતે અન્ય લોકોના ડેટાનો ઉપયોગ કરીને સરકારી વેબસાઇટ સાથે ચેડા કરી કાર્ડ મેળવ્યાં હતાં. આરોપી સહિતના લોકોએ પૂર્વયોજિત ગુનાહિત કાવતરું રચી પોતાને આર્થિક લાભ લેવા માટે માનવ જીવનનું અવમૂલન કરી ગુનાને અંજામ આપ્યો છે.

જેમાં રાહુલ જૈનની પણ પૂરતી સંડોવણી છે, રાહુલ અને કાર્તિક પટેલ અમદાવાદ શહેર તથા આજુબાજુના જિલ્લાઓમાં ફ્રી મેડિકલ કેમ્પ યોજવા માટે અગાઉ પકડાયેલા આરોપીઓને સૂચના આપી હતી.

આરોપી કેસની ટ્રાયલ મોડી કરવા માટે પ્રયત્ન કરી રહ્યા છે, ચાર્જશીટ જોતા આરોપી સામે પૂરતા પુરાવા છે, ત્યારે આવા કેસમાં આરોપીને ડિસ્ચાર્જ ન કરવા જોઈએ. બન્ને પક્ષની રજૂઆત બાદ ગ્રામ્ય કોર્ટે આરોપીઓની ડિસ્ચાર્જ અરજી ફગાવી દીધી હતી. આ સાથે જ કોર્ટે નોંધ્યું હતું કે, ખ્યાતિ હૉસ્પિટલના ચેરમેન અને મુખ્ય કિંગપિન આરોપી કાર્તિક જશુભાઈ પટેલની સામે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં ૬૦૭૦ પાનાનું ચાર્જશીટ દાખલ કર્યું છે. ચાર્જશીટમાં ૩૦ મહત્ત્વના સાક્ષી, સાત સાક્ષીના મેજિસ્ટ્રેટ રૂબરૂ નિવેદન છે.

કાર્તિક પટેલ સહિતના આરોપીઓએ બિમારીના નામે ડરના નામે ગરીબ દર્દીઓને ડરાવી મોટો આર્થિક લાભ મેળવ્યો છે.

જ્યારે રાહુલ જૈનની પણ મુખ્ય સંડોવણી છે ત્યારે ડિસ્ચાર્જ ન કરી શકાય. આમ કોર્ટના આ નિર્ણયથી બંને આરોપીઓની મુશ્કેલી વધી છે.

# અમદાવાદ કલેક્ટર કચેરીએ સંકલન સમિતિની બેઠક, શહેરમાં બેફામ ડમ્પરો પર અંકુશ મૂકવા માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જિલ્લા કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટર સુજીત કુમારની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન સમિતિની બેઠકનું આયોજન કરાયું હતું. જેમાં અમદાવાદ જિલ્લાના સાંસદો અને ધારાસભ્ય ઉપસ્થિત રહ્યા હતા. તેમને પોતપોતાના મતવિસ્તારમાં આવેલા જુદા જુદા પ્રશ્નો અંગે કલેકટર અને સંબંધિત અધિકારીઓ સમક્ષ રજૂઆતો કરી હતી. જો કે વારંવાર રજુઆતો છતાં કોઈ કાર્યવાહી ન થતા પ્રજાના ચૂંટાયેલા પ્રતિનીધીઓ બળાપો પણ કાઢ્યો હતો.

જમાલપુર ખાડીયાના ધારાસભ્ય ઇમરાન ખેડાવાળાએ રજૂઆત કરી હતી કે, રેતી ભરેલાં ડમ્પર અને કચરો ઠાલવતા મનપા ડમ્પરો બેફામ રીતે ચાલે છે. જેના લીધે એક મહિનામાં ૩ લોકોના જીવ ગયા છે. ડમ્પરચાલકોને મુદ્દે એસઓપી બનાવવામાં આવે અને તેમના લાઇસન્સ ચકાસવામાં આવે તેવી માગ પણ કરી હતી. તે ઉપરાંત તેમણે તેમના વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા મોટા પ્રશ્ન છે વિક્ટોરિયા ગાર્ડનથી લઈને કાલુપુર સુધી ટ્રાફિક જામ થાય છે તથા જમાલપુર બ્રિજ નીચે પણ ટ્રાફિકની મોટી સમસ્યા અંગે પણ રજૂઆત કરી હતી.

તે જ પ્રકારે વેજલપુરના ધારાસભ્ય અમિત ઠાકરે જણાવ્યું હતું કે, અમદાવાદના એસ.જી.હાઈવે અને શીલજ વિસ્તારમાં રોડની કામગીરી પોલીસના સંકલન વગર કરાતા અત્યંત ટ્રાફિક જામ થાય છે. જોધપુરની તલાટી ઓફિસ અને પાલડીથી પોસ્ટ ઓફિસને વેજલપુર વિસ્તારમાં લાવવામાં આવે. આ ઉપરાંત અલબુર્જ ચાર રસ્તા પછીના વિસ્તારોમાં અશાંત ધારાનું કડકપણે અમલીકરણ કરવામાં આવે તેવી માંગ કરી હતી.

એલિસબ્રિજ વિસ્તારના ધારાસભ્ય અમિત શાહે જણાવ્યું હતું કે, એલિસબ્રિજ વિસ્તારમાં વાસણામાં સરકારી તળાવના રીડેવલોપમેન્ટનો પ્રશ્ન છે. ત્યાં આવેલી જુદી જુદી જમીનના કેસોમાં મુદતો પડતી રહે છે. પાલડી ખાતે એસટી બસ સ્ટેન્ડ બનાવવાની વાત છે.

જેની જગ્યા અપાઇ ચૂકી છે, પરંતુ કામગીરીમાં વિલંબ થઈ રહ્યો છે. જેને પગલે તે જમીનની આજુબાજુમાં દબાણો ખડકાઇ રહ્યા છે. તો સાબરમતી વિધાનસભાના ધારાસભ્ય હર્ષદ પટેલે જણાવ્યું હતું કે, તેમના વિસ્તારમાં રેલ્વે લાઈનની આસપાસ બાઉન્ડ્રીના પ્રશ્નો છે. જેથી રેલવે અધિકારીઓને સાથે રાખીને આ પ્રશ્નોનું સમાધાન લાવવામાં આવે તેવી માગ કરી હતી.

# ગુજરાત હાઈ કોર્ટ બાર એસોસિયેશનની ચૂંટણીમાં યતીન ઓઝા ૧૭મી વખત પ્રમુખ બન્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યભરમાં ૨૮૨ બાર એસોસિયેશનની ચૂંટણીનાં પરિણામો જાહેર થયાં હતાં. ગુજરાત હાઈ કોર્ટ બાર એસોસિયેશનની ચૂંટણીમાં પ્રમુખપદ માટે સિનિયર એડ્વોકેટ યતીન ઓઝાનો, ઉપપ્રમુખ પદ માટે પૃથ્વીરાજ જાડેજા, સેક્રેટરી પદ માટે ભાવિક પંડ્યા અને ટ્રેઝરર પદ પર અમી પટેલનો વિજય થયો હતો.

રાજ્યના સૌથી મોટા બાર ક્રિમિનલ કોર્ટ બાર એસોસિયેશનમાં પ્રમુખપદે ઈશ્વર દેસાઈ, સેક્રેટરી પદે ભરત શાહ જીત્યા હતા. સેશન્સ કોર્ટમાં પ્રમુખ પદે જગત ચોક્સી અને સેક્રેટરી પદે કીર્તિ શાહે બાજી મારી હતી.

ક્રિમિનલ બાર ઍસોસિયેશનમાં પ્રમુખપદે ઈશ્વર દેસાઈ ૧૫૦ મતથી જીત્યા જ્યારે ઉપપ્રમુખ અશ્વિન પટેલ ૨૦૦ મતના માર્જિનથી અને સેક્રેટરી ભરત શાહ ૭૦૦ મતથી જીત્યા હતા. ખજાનચી પદે મનીષા પરીખે ૭૦૦ વોટથી જીત મેળવી હતી. મહિલા પ્રતિનિધિ તરીકે એડ્વોકેટ કુમુદ ચાવડા ૭૦ મતથી જીત્યાં હતાં.

ગુજરાત હાઈ કોર્ટના બાર ઍડ્વોકેટ ઍસોસિયેશનની ચૂંટણીમાં યતીન ઓઝા ૧૭મી વખત પ્રમુખ પદ પર જીત હાંસલ કરી હતી. તેઓ ૩૫ વર્ષના હતા ત્યારે પહેલી વખત બારના પ્રમુખ બન્યા હતા. તેઓ વકીલોના કલ્યાણ માટે ઉચ્ચ સ્તર સુધી રજૂઆતો કરતા રહ્યા હોવાથી વકીલોમાં ખાસ્સા લોકપ્રિય છે.

# અમદાવાદમાં ૫૭૦થી વધુ ઘરવિહોણા લોકોને રેનબસેરામાં આશરો, મનપાએ ખાસ ડ્રાઇવ હાથ ધરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવેલા રેન બસેરા (આશ્રયગૃહ) શિયાળાની ઋતુમાં કાતિલ ઠંડીના કારણે રોડની સાઈડમાં અને ફૂટપાથ પર સૂઈ રહેતા ઘરવિહોણા લોકો માટે આશિર્વાદરૂપ બન્યા છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના યુ.સી.ડી. વિભાગ દ્વારા રાત્રિના સમયે ઠંડીમાં રોડ પર સૂઈ રહેનારા લોકોને રેન બસેરામાં લઈ જવામાં આવે છે. ફુટપાથ, બ્રિજ નીચે, રોડ ઉપર, બગીચા તથા જાહેર સ્થળોએ રહેતા કુલ ૫૭૦થી વધુ ઘરવિહોણા લોકોને રેનબસેરામાં આશરો આપવામાં આવ્યો છે. જેમાં સૌથી વધારે પુરુષોને રેનબસેરામાં લાવવામાં આવે છે. પુરુષોની સાથે મહિલા અને બાળકોને પણ રેન બસેરામાં આશ્રય આપવામાં આવે છે.

શિયાળાની હાડ થીજાવતી ઠંડીને ધ્યાનમાં રાખીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ખાસ ડ્રાઇવ હાથ ધરવામાં આવી છે. મનપાની ટીમ દ્વારા ઘરવિહોણા લોકોને નજીકના આશ્રયગૃહોમાં ખસેડવામાં આવે છે. આ કામગીરી દરરોજ સવારે, બપોરે, સાંજે તથા રાત્રી દરમિયાન કરવામાં આવી રહી છે.

તમામ ઝોનમાં ડ્રાઇવ વ્હિકલ અને સુરક્ષા સ્ટાફ સાથે ડ્રાઇવ ચલાવવામાં આવે છે તેમજ ઝોનવાઇઝ દરરોજ એએમટીએસ બસ તથા દબાણની ગાડી સાથે નાઈટ ડ્રાઇવ પણ યોજવામાં આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેરમાં જુદા જુદા ઝોન અને વોર્ડ વિસ્તારમાં કુલ ૩૫ રેનબેસરા ૨૪ કલાક કાર્યરત રાખવામાં આવ્યા છે. આ તમામ રેનબેસરામાં કોઈપણ પ્રકારના ભેદભાવ વગર ઘરવિહોણા લોકોને નિ:શુલ્ક આશ્રય આપવામાં આવી રહ્યો છે. રેનબેસરાની કુલ ક્ષમતા ૪૩૧૫ જેટલી છે, જેમાં સરેરાશ ૮૦ ટકા ઓક્યુપન્સી જળવાઈ રહી છે.

# પાલનપુરમાં યુવકની હત્યા બાદ ચૌધરી સમાજમાં રોષ, પરિવારજનોનો મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પાલનપુરમાં શનિવારે બે યુવકો પર ૧૦થી વધુ લોકોના ટોળાએ તલવાર સહિતનાં હથિયારોથી હુમલો કર્યો હતો. જેમાં એક યુવકનું મોત થયું હતું. જ્યારે અન્ય એક યુવક હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. સમાજના યુવકનું મોત થતાં ચૌધરી સમાજમાં ભારે રોષ ભભૂક્યો છે. સમાજના લોકો હોસ્પિટમાં ઉમટી પડ્યા હતા અને જ્યાં સુધી આરોપી ઝડપાઈ નહીં ત્યાં સુધી લાશ સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો. બીજી તરફ આ સમગ્ર મામલે ૨૪ લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. જેના આધારે પોલીસે આરોપીને ઝડપવા માટે વિવિધ આઠ ટીમો બનાવી છે.

આ મામલે મળતી માહિતી મુજબ, શનિવાર સાંજે ગાદલવાડાના બે ભાઈઓ અમદાવાદ હાઈવે પર આવેલી એક હોટલ પાસે ત્યાં બેઠા હતા. તે દરમિયાન ૩થી ૪ ગાડીમાં આવેલા ૧૦થી વધુ વ્યક્તિઓએ તલવારો, પાઈપો અને લાકડીઓ લઈ એમના ઉપર અચાનક હુમલો કરી દીધો હતો. જે બાદ તે લોકો ત્યાંથી ભાગી નીકળ્યા હતા.

આ હુમલામાં એક યુવકનું મોત થયું હતું. જ્યારે એક યુવક ઈજાગ્રસ્ત છે. બનાસકાંઠા પોલીસે આ સમગ્ર ઘટનાની તપાસ માટે આઠ અલગ-અલગ ટીમોની રચના કરી છે. આ ટીમોમાં સાયબર ક્રાઈમ, એલસીબી, પાલનપુર પશ્ચિમ, પાલનપુર પૂર્વ, પાલનપુર તાલુકા, ગઢ અને છાપી પોલીસ સ્ટેશનનો સ્ટાફ સામેલ છે.

ડીવાયએસપી જે જે ગામિતે આ મામલે જણાવ્યું હતું કે,અલગ અલગ હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે, ટેકનિકલ ઈન્ટેલિજન્સના આધારે આરોપીઓને પકડવાની કાર્યવાહી ચાલુ છે. આ અન્વયે કોઈ બીજાં પગલાં લેવાના થશે તો તે પગલા પણ લેવાશે. મૃતકના પરિવારજનોને સાથે રાખીને અને તેઓને ન્યાય મળે તે માટે બનાસકાંઠા પોલીસ હાલમાં કાર્યરત છે.

ઘટનાસ્થળ પર સીસીટીવી નથી પરંતુ ટેકનિકલ ટીમ આસપાસના વિસ્તારોનું રૂટ મેપિંગ કરીને સીસીટીવી ફૂટેજ એકત્રિત કરી રહી છે, જેથી આરોપીઓની હિલચાલ જાણી શકાય. હાલમાં ૨૪ જેટલા લોકો વિરુદ્ધમાં ફરિયાદ લેવામાં આવી છે.

# લાફાકાંડમાં ટ્રાફિક પોલીસ સાથે ગેરવર્તણૂક કરવા બદલ યુવતી સામે પણ કેસ નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના પાલડી પોલીસ સ્ટેશનના વિસ્તારમાં આવતા અંજલી ચાર રસ્તા પાસે તાજેતરમાં એક પોલીસ કર્મીની એક મહિલા સાથે તકરાર થઈ હતી. જેમાં મહિલા દ્વારા અભદ્ર ભાષાનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન પોલીસ કર્મીએ મહિલાને લાફો પણ માર્યો હતો. આ સમગ્ર ઘટનાનો વીડિયો પણ સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો. આ સમગ્ર ઘટનાને લઈને પાલડી પોલીસે મહિલા વિરૂદ્ધ ફરિયાદ નોંધી હતી.

અંજલિ ચાર રસ્તા પાસે ટ્રાફિક સિગ્નલનો ભંગ કરનાર એક મહિલાને ફરજ પર હાજર ટ્રાફિક પોલીસ દ્વારા અટકાવવામાં આવી હતી. મળતી માહિતી મુજબ આ યુવતીનું નામ બંસરી ઠક્કર હોવાનું માલૂમ પડ્યું હતું. તે વ્યવસાયે એડવોકેટ છે. ટ્રાફિક પોલીસ દ્વારા પૂછપરછ કરવા પર બંસરી ઠક્કરે પોલીસ સાથે ગેરવર્તણૂક કરીને અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો હતો. આ સમગ્ર ઘટનાને લઈને બંસરી ઠક્કર સામે એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો. ફરજ પર હાજર ટ્રાફિક પોલીસ કર્મચારીએ પાલડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

એડવોકેટ બંસરી ઠક્કર વિરૂદ્ધ કુલ ભારતીય ન્યાય સંહિતાની ૬ કલમો હેઠળ ગુનો નોંધાયો હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. જેમાં રાજ્યસેવકના કામમાં અડચણ ઊભી કરવી (કલમ ૧૮૬), જાહેર સ્થળે અશ્લીલ ગાળો બોલવી (કલમ ૨૯૬(બ)), રાજ્યસેવક સાથે તકરાર કરવી (કલમ ૨૮૧), રાજ્યસેવકને ધમકી આપવી (કલમ ૩૫૧(૧)) જેવી કલમોનો સમાવેશ થાય છે. આ સિવાય બંસરી ઠક્કર પર જોખમી રીતે વાહન ચલાવવા બદલ કલમ ૧૮૪ અને ૧૭૭ પણ લગાવવામાં આવી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

આ ઘટના બાદ થપ્પડ મારનારા ટ્રાફિક પોલીસને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો.

# સુરતમાં ગુનેગારો બેફામ, ઉધના વિસ્તારમાં પુત્ર સાથેની અંગત અદાવતમાં પિતાની હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતમાં ગુનેગારોને પોલીસને જાણે કોઈ ભય રહ્યો નથી, શહેરમાં હત્યા, લૂંટ, નશા કારક દ્રવ્યોની તસ્કરી, મહિલાઓ સાથે દુષ્કર્મ સહિતના ગુનાઓ સતત વધી રહ્યા છે. ઉધના વિસ્તારમાં પુત્ર સાથેની અંગત અદાવતમાં પિતાની હત્યા કરવામાં આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ઉધનાના અશોક સમ્રાટ નગરમાં રહેતા અને મૂળ મહારાષ્ટ્રના વતની ધનરાજ તાયડે નામના આધેડની ૪થી ૫ હુમલાખોરોએ જાહેરમાં ચપ્પુના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરી નાખી હતી.

મળતી માહિતી મુજબ મૂળ મહારાષ્ટ્ર અને ઉધના વિસ્તારમાં રહેતા ૫૦ વર્ષીય ધનરાજ ભીમરાવ તાયડે પરિવાર સાથે રહેતા હતા. આ લોહિયાળ ખેલ પાછળ જૂની અદાવત જવાબદાર હતી. મુખ્ય આરોપી દીપક નગરાડે અને મૃતક ધનરાજભાઈના પુત્ર વિકી વચ્ચે થોડા સમય પહેલા ઉગ્ર મારામારી થઈ હતી. આ લડાઈનો બદલો લેવા માટે દીપક નગરાડે તેના સાગરીતો સાથે વિકી પર હુમલો કરવાના ઈરાદે આવ્યો હતો.

હુમલાના સમયે વિકી જીવ બચાવીને ભાગી છૂટ્યો હતો, પરંતુ કમનસીબે તેના પિતા ધનરાજ તાયડે હુમલાખોરોના હાથે ચડી ગયા હતા. પુત્ર ન મળતા ઉશ્કેરાયેલા દીપક અને તેના સાગરીતોએ આધેડ પિતા પર ચપ્પુ વડે તૂટી પડી તેમને મોતને ઘાટ ઉતાર્યા હતા. દીકરા વિક્કીની પાછળ દોડતા હુમલાખોરો સીસીટીવી કેદ થઈ ગયા છે.

આ ઘટનાની જાણ થતા જ ઉધના પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી હત્યાનો ગુનો દાખલ કર્યો છે.

હાલમાં ફરાર થઈ ગયેલા દીપક નગરાડે અને તેના સાગરીતોને પકડવા માટે પોલીસે અલગ-અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી છે.

# વડોદરાના ૮૦ વર્ષના વૃદ્ધ બન્યા સાયબર ફ્રોડનો શિકાર, એક કરોડ ગુમાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સતત સાયબર ફ્રોડના કેસ વધી રહ્યા છે. જેમાં પણ મ્યુલ એકાઉન્ટનો ઉપયોગ કરીને ફ્રોડ કરતા લોકો પર સરકારે કડક એક્શન પગલાં લેવાનું શરૂ કર્યું છે. જોકે બીજી બાજુ છાશવારે લોકો છેતરાતા રહે છે. આવા જ એક કિસ્સામાં વડોદરાના ૮૦ વર્ષના વૃદ્ધ સાયબર ફ્રોડનો શિકાર બન્યા હતા. જેમાં ફ્રોડ કરનારાઓએ વૃદ્ધને ૮૪૦ ટકા નફાની લાલચ આપીને રૂ. ૧.૧૧ કરોડ પડાવી લીધા હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. આ અંગે વડોદરા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ અંગે પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ ગોત્રીના વૃદ્ધને સાયબર ગુનેગારોએ પૂર્વાયોજિત કાવતરૂ રચી એક લિન્ક મોકલી હતી. જેમાં વૃદ્ધને ખોટી એપ્લિકેશન ઇન્સ્ટોલ કરવા જણાવ્યું હતું. તેમજ એપમાં રજિસ્ટ્રેશન કરાવીને વૃદ્ધને વિવિધ વોટ્સએપ ગ્રૂપમાં એડ કર્યાં હતાં.

તેમજ આ વૃદ્ધને વિશ્વાસમાં લેવા માટે સેબી દ્વારા મંજૂરીના ખોટા દસ્તાવેજ અને સર્ટિફિકેટ મોકલ્યાં હતાં. તેમ જ સાયબર ફ્રોડ કરનારાઓ તેમની ખોટી ઓળખ આપી હતી. તેમજ વૃદ્ધને રોકાણ પર ૮૫૦ ટકા નફો આપવાનો વાયદો કર્યો હતો. ત્યારબાદ વૃદ્ધ પાસે અલગ અલગ ખાતામાં રૂ. ૧.૨૦ કરોડ ટ્રાન્સફર કરાવ્યા હતા. જેમાંથી તેમણે માત્ર ૯ લાખ રૂપિયા ખાતામાં જમા કરાવ્યા હતા. આ અંગે ત્રણ દિવસ અગાઉ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત પોલીસે સાયબર ગઠિયાઓ પાસેથી રૂ. ૩૩ કરોડ પાછા મેળવ્યા છે. આ મહિનામાં પાંચ દિવસો એવા ગયા જેમાં ૩૦૦૦થી વધુ લોકોએ હેલ્પલાઇન ૧૯૩૦ પર કોલ કરતાં તેમને સાયબર ગઠિયાઓથી બચાવી લેવાયા હોવાની માહિતી સૂત્રો પાસેથી મળી હતી.

# હરિયાણાની કુખ્યાત રોહિત ગોદારા અને નવીન બોક્સર ગેંગના વોન્ટેડ શાર્પ શૂટરને ગુજરાત એટીએસે કચ્છના રાપરમાંથી ઝડપ્યો

## શાર્પ શૂટરને કચ્છમાં પનાહ આપનારા શખસની પણ ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગુજરાતના ત્રાસવાદ વિરોધી દળ (એટીએસ)એ સરહદી કચ્છ જિલ્લાના રાપરમાંથી હરિયાણાની કુખ્યાત રોહિત ગોદારા અને નવીન બોક્સર ગેંગના ખૂંખાર શાર્પશૂટર અને તેને આશ્રય આપનારા શખસની કચ્છથી ઝડપી પાડ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ, ગુજરાત એટીએસને હ્યુમન ઇન્ટેલિજન્સના આધારે મળેલી સચોટ બાતમીના આધારે સીમાવર્તી રાપરના નાગેશ્વર આર.ઓ પ્લાન્ટમાં નોકરી કરતા દિનકેશ ગર્ગ નામના વ્યક્તિના ઘરે છાપો મારીને હરિયાણાના નવીન બોક્સર ગેંગના શૂટર વિકાસ ઉર્ફે ગોલુ શ્યોરણની ધરપકડ કરી છે.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે વિકાસે ગત ૪ સપ્ટેમ્બરે હરિયાણાના ભીવાની શહેરના કોર્ટ પરિસરમાં થયેલા ગેંગવોરમાં અજય તથા રોહિત સાથે મળીને લવજીત નામના વ્યક્તિની પોઇન્ટ બ્લેન્ક રેન્જથી હત્યા કરી હતી.

આ હત્યા માટે પિસ્તોલ રોહિત ગોદારા દ્વારા મોકલવામાં આવી હતી. આ હત્યાનો બનાવ બે ગેંગ વચ્ચે ચાલી રહેલી ગેંગવોરની અદાવતમાં બન્યો હતો. આ અંગે ભવાની પોલીસ મથકમાં જે-તે સમયે ગુનો પણ નોંધવામાં આવ્યો હતો.

રોહિત ગોદારા પણ નવીન બોક્સર ગેંગનો સભ્ય બતાવાઈ રહ્યો છે. લવજીતનું ઢીમ ઢાળી દીધા બાદ વિકાસ ફરાર હતો અને નવેમ્બર મહિનામાં રોહિત ગોદારાની સૂચનાથી દિનેશે રાપરમાં વિકાસને આશ્રય આપ્યો હતો. હાલ બંને આરોપીઓનો કબજો હરિયાણા પોલીસને સોંપવા માટે તજવીજ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, પંજાબના લોકપ્રિય ગાયક સિદ્ધુ મુંસેવાલાની ગોળીઓ ધરબીને હત્યા કરવાના પ્રકરણમાં સામેલ લોરેન્સ બિશ્નોઇ ગેંગના શાર્પશૂટરોને પણ કચ્છમાંથી પકડી લેવાયા હતા.

આ ઉપરાંત બોલિવૂડના અભિનેતા સલમાન ખાનના મુંબઈસ્થિત ગેલેક્ષી એપાર્ટમેન્ટ પર ગોળીબાર કરનારા શૂટરોને પણ માતાના મઢ ખાતેથી પકડી લેવાયા હતા. કચ્છ હવે જાણે આવા ગુનેગારો માટે જાણે 'હાઇડ આઉટ' જેવું બની રહ્યું હોય તેવું વધુ એક વાર આ બનાવ પરથી સાબિત થયું છે.

# પ્રેમમાં આડખીલીરૂપ પિતાને પુત્રીએ પ્રેમી સાથે મળી મોતને ઘાટ ઉતાર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરામાં પુત્રીએ પિતાની હત્યા કરાવ્યાનો કિસ્સો બહાર આવ્યો હતો. પિતા શાના ચાવડા પુત્રીનાં રણજિત વાઘેલા સાથેના પ્રેમસંબંધનો વિરોધ કરતા હતા, તેથી પુત્રી અને પ્રેમીએ સાથે મળી પિતાની હત્યા કરી હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

વડોદરાના પાદરામાં રહેતા પિતા શાના ચાવડાને પોતાની ૧૭ વર્ષીય પુત્રીનાં રણજિત સાથેના પ્રેમસંબંધ પસંદ ન હતા. જુલાઈ મહિનામાં પુત્રી રણજીત સાથે ભાગી ગઈ હતી. તે સમયે પિતાએ રણજિત સામે પોક્સો અંતર્ગત ગુનો નોંધાવતા તે જેલમાં પણ ગયો હતો. થોડા દિવસો પહેલા તે જેલમાંથી બહાર આવ્યો હતો. શાના ચાવડાના પુત્ર મોતીના જણાવ્યા અનુસાર રણજિત ફરી તેની બહેનને મળવા લાગ્યો હતો, આથી પિતાએ ફરી તેની સાથે ઝઘડો કર્યો હતો અને ત્યારે રણજિતે સંબંધનો વિરોધ કરનારાને મારી નાખવાની પણ ધમકી આપી હતી.

દરમિયાન રણજિત અને છોકરીએ શાના ચાવડાને મારી નાખવાનું ષડ્યંત્ર રચ્યું હતું. જેમાં અગાઉ પણ માતા-પિતાને પાણીમાં નશીલી દવા પીવડાવવાની કોશિશ કરી હતી, પરંતુ માતાને પાણીમાં વાસ આવતા અને તેનો સ્વાદ વિચિત્ર લાગતા પીધું ન હતું. ત્યારબાદ ૧૬મી ડિસેમ્બરે બન્નેને ઊંઘની દવાઓ આપી હતી, પરંતુ માતા જાગતા હોવાનું જાણમાં આવતા હત્યાની યોજના પાર પાડી શકાઈ ન હતી. ૧૮મી ડિસેમ્બરે ફરી બન્નેને નશીલી દવા પિવડાવવામાં આવી હતી અને છોકરીની હાજરીમાં પ્રેમીએ તેનાં પિતાની ચાકુના ઘા ઝીંકી હત્યા કરી હતી.

મળતી માહિતી અનુસાર શાના ચાવડાની મોટી દીકરીએ પણ પોતાની મરજીથી લગ્ન કર્યાં હતાં અને પિતા નાની દીકરીનાં પ્રેમસંબધથી સખત નારાજ હતા, પરંતુ તેમની નારાજગીએ તેમને મોત આપ્યું હતું. પાદરા ગ્રામ્ય પોલીસે બન્ને આરોપી સામે કાયદાસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 301 ■ વિક્રમ સંવત ૨૦૮૨

પૌષ સુદ- ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 22 December 2025, Monday ■ REGD.No. MCS/058/2024-26

સોમવાર, ૨૨ ડિસેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u












# લાંબા અંતરની ટ્રેન ટિકિટ મોંઘી થશે

## ૨૬ ડિસેમ્બરથી અમલઃ લોકલ ટ્રેનનું ભાડું નહીં વધે

નવી દિલ્હીઃ ટ્રેનમાં લાંબા અંતરની મુસાફરી હવે વધુ મોંઘી થશે. રેલવેએ મુસાફરોના ભાડામાં વધારો કર્યો છે. આ ભાડું ૨૬ ડિસેમ્બરથી અમલમાં આવશે. જોકે, લોકલ ટ્રેનો અને ટૂંકા અંતરના પ્રવાસીઓ માટે ભાડામાં કોઈ વધારો કરવામાં આવશે નહીં. આ ફેરફારથી ચાલુ નાણાકીય વર્ષમાં આશરે ૬૦૦ કરોડ રૂપિયાની વધારાની આવક થવાની ધારણા છે.

લાંબા અંતરના પ્રવાસીઓ માટે ભાડામાં નજીવો વધારો કરવામાં આવ્યો છે. ૨૧૫ કિલોમીટરથી વધુ અંતર માટે જનરલ ક્લાસમાં મુસાફરી કરવા પર પ્રતિ કિલોમીટર ૧ પૈસા વધુ ખર્ચ થશે. મેલ અને એક્સપ્રેસ ટ્રેનોના નોન-એસી કોચ અને તમામ એસી ક્લાસમાં પ્રતિ કિલોમીટર ૨ પૈસાનો વધારો થશે. રેલવેએ એક ઉદાહરણ આપીને જણાવ્યું હતું કે ૫૦૦ કિલોમીટરની નોન-એસી મુસાફરી માટે ફક્ત ૧૦ રૂ. વધારાનો ખર્ચ થશે.

નવી સિસ્ટમ હેઠળ લોકલ ટ્રેનો (ઉપનગરીય સેવાઓ) અને માસિક સીઝન ટિકિટ માટે ભાડામાં કોઈ વધારો કરવામાં આવશે નહીં. સામાન્ય વર્ગમાં ૨૧૫ કિલોમીટર સુધી મુસાફરી કરનારા મુસાફરોએ હજુ પણ જૂનું ભાડું ચૂકવવું પડશે.

રેલવે અધિકારીઓએ જણાવ્યું હતું કે છેલ્લા દાયકામાં રેલવે નેટવર્ક અને કામગીરીના નોંધપાત્ર વિસ્તરણને ધ્યાનમાં રાખીને આ ભાડાનું તર્કસંગતકરણ કરવામાં આવ્યું છે. રેલવે કામગીરીની માગમાં વધારો થયો છે, અને સલામતીના પગલાંને મજબૂત બનાવવા માટે કર્મચારીઓની સંખ્યામાં પણ વધારો કરવામાં આવ્યો છે, જેના કારણે ખર્ચમાં વધારો થયો છે. કર્મચારીઓનો ખર્ચ (જુઓ પાનું ૨) ▸▸

# મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપની મહાયુતિનો ભવ્ય વિજય

મુંબઈ : મહારાષ્ટ્રની સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીમાં ભાજપની મહાયુતિનો ભવ્ય વિજય થયો છે. આ ચૂંટણીમાં ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઊભર્યો છે. રાજ્યની ૨૮૮ નગર પરિષદ અને પંચાયતના પરિણામ જાહેર થયા છે અને આમાંથી ભાજપે ૧૨૯ જીતી હતી.

આ પરિણામ બદલ આનંદ વ્યક્ત કરતા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે નગર પરિષદ અને પંચાયતમાં મહાયુતિની સફળતા એ ભાજપ અને સરકારની આખી ટીમના પ્રયાસને લીધે મળી છે. અમે વિકાસના એજન્ડા પર ચૂંટણી લડી હતી. મેં વિકાસના સકારાત્મક એજન્ડાના નામે મત માગ્યા હતા. મેં કોઈ રાજકીય પક્ષ કે નેતાની ટીકા કરી ન હતી. લોકોએ મારા આ અભિગમને ટેકો આપ્યો હતો.

ફડણવીસે કહ્યું હતું કે ભાજપ ફરી મોટો પક્ષ તરીકે વિકસ્યો છે. ફડણવીસે દાવો કર્યો હતો કે ભાજપના ૧૨૯ નગરાધ્યક્ષ ચૂંટાયા છે. અમારા ૪૮ ટકા નગરસેવક ચૂંટાયા છે. અમારા ૩,૩૦૦થી વધારે નગરસેવક ચૂંટાયા છે.

દેવેન્દ્રે વધુમાં કહ્યું હતું કે મોદીજીના રચનાત્મક વલણ અને અમારા નેતા અમિત શાહ, નડ્ડાજી અને નવીનજીએ સ્થાનિક એકમમાં રાખેલા વિશ્વાસને અમે સાકાર કર્યો છે. મહાયુતિ ભાજપ, અજિત પવારની એનસીપી અને એકનાથ શિંદેની શિવસેનાની બનેલી છે. અમુક બેઠકમાં બહુકોણીય લડાઈમાં મહાયુતિના સાથીદારો વચ્ચે મિત્રતાભર્યો સંગ્રામ જોવા મળ્યો હતો. એ જ પ્રમાણે મહા વિકાસ આઘાડીના ઘટકપક્ષો શિવસેના (યુબીટી), એનસીપી (એસપી) અને કૉંગ્રેસ વચ્ચે પણ ફ્રેન્ડલી લડાઈ થઈ હતી. વિરોધ પક્ષ કૉંગ્રેસ અને ઉદ્ધવ ઠાકરેની શિવસેનાએ પરાજય સ્વીકાર્યો હતો આ પક્ષોએ આક્ષેપ કર્યો (જુઓ પાનું ૨) ▸▸

# નવી મુંબઈ ઍરપોર્ટ ગુરુવારે શરૂ થશે

નવી દિલ્હી : નવી મુંબઈ હવાઈમથકનું કમર્શિયલ ઑપરેશન ૨૫ ડિસેમ્બરથી શરૂ થશે ત્યારે અદાણી ગ્રૂપની નવી મુંબઈ ઈન્ટરનેશનલ ઍરપોર્ટ પ્રાઈવેટ લિમિટેડ (એનએમઆઈએએલ) ફ્રી હાઈ-સ્પીડ વાઈ-ફાઈથી ચાલતી પ્રથમ ડિજિટલ પેસેન્જર કમ્યુનિકેશન સિસ્ટમ લોન્ચ કરશે. અદાણી વનએપ દ્વારા ઍરપોર્ટના વાઈફાઈ સાથે કનેક્ટ થનાર પેસેન્જરને વાસ્તવિક સમયમાં અપડેટ મળશે જે વર્ચ્યુઅલ આસિસ્ટન્ટ તરીકે કામ કરશે અને ટર્મિનલના ચાવીરૂપ કી પોઈન્ટ્સમાં પેસેન્જરને માર્ગદર્શન આપશે.

વાઈ-ફાઈથી ચાલતું એપ ફ્લાઈટ સ્ટેટસના એલર્ટ, બોર્ડિંગ ગેટની માહિતી, શેડ્યુલ્સ અને (જુઓ પાનું ૨) ▸▸

# ઈસરો બુધવારે ઉપગ્રહ ભ્રમણકક્ષામાં મૂકશે

ચેન્નઈ: ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઈસરો)ના આગામી એલવીએમ૩ એમ૬ મિશનના ભાગરૂપે ૨૪ ડિસેમ્બરે બ્લૂ બર્ડ બ્લોક-૨ ઉપગ્રહને ભ્રમણકક્ષામાં લોન્ચ કરશે. આ મિશન અમેરિકામાં સ્થિત એએસટી સ્પેસમોબાઇલ સાથેના વાણિજ્યિક કરારનો એક ભાગ છે. આ ઐતિહાસિક મિશન આગામી પેઢીના સંચાર ઉપગ્રહને તહેનાત કરશે જે વિશ્વભરના સ્માર્ટફોન્સને સીધા હાઇ-સ્પીડ સેલ્યુલર બ્રોડબેન્ડ પ્રદાન કરવા માટે રચાયેલ છે. એએસટી સ્પેસમોબાઇલ પ્રથમ અને એકમાત્ર અવકાશ-આધારિત સેલ્યુલર બ્રોડબેન્ડ નેટવર્ક વિકસાવી રહ્યું છે જે સ્માર્ટફોન દ્વારા સીધુ સુલભ છે (જુઓ પાનું ૨) ▸▸

# બાંગ્લાદેશના ચિત્તાગોંગમાં ભારતીય વિઝા સેવા સસ્પેન્ડ

ઢાકાઃ ભારતે રવિવારે બાંગ્લાદેશના દક્ષિણ-પૂર્વ બંદર શહેર ચિત્તાગોંગમાં ભારતીય વિઝા અરજી કેન્દ્રમાં વિઝા કામગીરી આગામી આદેશ સુધી સ્થગિત કરી દીધી છે. અગ્રણી યુવા નેતા શરીફ ઉસ્માન હાદીના મોત બાદ તણાવ વધવાને પગલે ભારતે આ નિર્ણય લીધો છે. આ જાણકારી સ્થાનિક મીડિયા અહેવાલોમાં આપવામાં આવી છે. હાદી ગત વર્ષે વિદ્યાર્થી-નેતૃત્વ હેઠળ (જુઓ પાનું ૨) ▸▸

## બાંગ્લાદેશ હિંસાઃ સાત વર્ષની બાળકીને જીવતી સળગાવી

નવી દિલ્હીઃ બાંગ્લાદેશમાં યુવા નેતા શરીફ ઉસ્માન હાદીની હત્યા બાદ ફરી એકવાર હિંસા ફાટી નીકળી છે. દેશના વિવિધ ભાગોમાં વિરોધ પ્રદર્શન અને હિંસક ઘટનાઓ બની રહી છે. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર આ હિંસક વિરોધ પ્રદર્શનો વચ્ચે સાત વર્ષની (જુઓ પાનું ૨) ▸▸

# વિકસિત ભારત-જી-રામ-જી ખરડો બન્યો કાયદો

નવી દિલ્હીઃ રાષ્ટ્રપતિએ વિકસિત ભારત-ગેરન્ટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ) અથવા વીબી-જી રામજી બિલ, ૨૦૨૫ ને પોતાની મંજૂરી આપી દીધી છે. આ મંજૂરી સાથે બિલ હવે કાયદો બની ગયું છે. આ કાયદા હેઠળ ગ્રામીણ પરિવારો માટે વૈધાનિક વેતન રોજગાર ગેરન્ટી દર નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછી ૧૨૫ દિવસ સુધી વધારી દેવામાં આવી છે. સરકાર આને એક ઐતિહાસિક પગલું ગણાવી રહી છે જે ગ્રામીણ જીવનને મજબૂત બનાવશે. સરકારનું કહેવું છે કે આ એક્ટના અમલીકરણથી ગ્રામીણ વિસ્તારોમાં રોજગારની કાનૂની ગેરન્ટી વધુ મજબૂત બનશે.

નોંધનીય છે કે સંસદમાં મોડી રાત સુધી આ બિલ પર ચર્ચા થઈ હતી. વિપક્ષે દાવો કર્યો હતો કે સરકાર જાણી જોઈને મનરેગાનું નામ બદલી રહી છે. મનરેગામાં મહાત્મા ગાંધીનું નામ પણ આવતું હતું જેથી ભાજપે આ નામ દૂર કરવા માટે આ બિલ રજૂ કર્યું હતું. દરમિયાન સરકારે દલીલ કરી હતી કે અગાઉની યોજના ૧૦૦ દિવસનું કામ પૂરું પાડતી હતી, પરંતુ હવે આ કાયદા હેઠળ ઓછામાં ઓછા ૧૨૫ દિવસનું કામ પૂરું પાડવું ફરજિયાત છે. આ ચર્ચા દરમિયાન કૉંગ્રેસના નેતા પ્રમોદ તિવારીએ (જુઓ પાનું ૨) ▸▸






# કૉંગ્રેસ ઘૂસણખોરોને આસામમાં સ્થાયી કરાવવા ઈચ્છે છે : મોદી

નમરુપ : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કૉંગ્રેસ પર આકરા પ્રહારો કરતા તેના પર 'રાષ્ટ્રવિરોધી' પ્રવૃત્તિ કરવાનો અને ગેરકાયદે બાંગ્લાદેશી વસાહતીને આસામમાં સ્થાયી થવામાં મદદ કરવાનો આક્ષેપ કર્યો હતો.

મોદીએ આસામના દિબ્રુગઢ જિલ્લામાં ૧૦,૬૦૧ કરોડ રૂપિયાના ખાતરના પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું હતું અને સભાને સંબોધી હતી. મોદીએ એવો આક્ષેપ કર્યો હતો કે કૉંગ્રેસે અહીંના જૂના પ્લાન્ટને આધુનિક કરવાનો અને ખેડૂતોની સમસ્યાનો ઉકેલ શોધવાનો કોઈ પ્રયાસ કર્યો નહોતો.

મોદીએ કહ્યું હતું કે કૉંગ્રેસ રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિ કરે છે અને ગેરકાયદે બાંગ્લાદેશી વાસહતીને આસામના જંગલ અને જમીનમાં સ્થાયી કરવા માગે છે. કૉંગ્રેસ તેની વોટબૅન્ક મજબૂત કરવા માગે છે અને તેને લોકોની દરકાર નથી. વિરોધ પક્ષને આસામના (જુઓ પાનું ૨) ▸▸

## મોદીની ક્રૂઝ પર વિદ્યાર્થીઓ સાથે પરીક્ષા પે ચર્ચા

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુવાહાટીમાં પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ અંતર્ગત રવિવારના રોજ આસામના ૨૫ તેજસ્વી વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી.

વડા પ્રધાને બ્રહ્મપુત્રા નદી પર ક્રૂઝ પર વિદ્યાર્થીઓ સાથે મુલાકાત કરી હતી. જે બોર્ડની પરીક્ષાઓ પહેલા વડા પ્રધાનનું વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરવા માટેનું એક અનોખું સ્થળ હતું. અહેવાલો અનુસાર વડા પ્રધાન જહાજના ઉપરના ડેક પર વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ અને આગામી પરીક્ષાઓ પહેલા તણાવનો સામનો કરવા વિશે વાતચીત કરતા જોવા મળ્યા હતા. મુખ્ય પીપીસી કાર્યક્રમ જાન્યુઆરી (જુઓ પાનું ૨) ▸▸

# ઉત્તર ભારતમાં ધુમ્મસને લીધે અનેક ટ્રેન, ફ્લાઈટ રદ

નવી દિલ્હી : ઉત્તર ભારતમાં ગાઢ ધુમ્મસને લીધે અનેક ટ્રેન અને ફ્લાઈટ રદ કરાઈ હતી અથવા મોડી પડી હતી. ઍરપોર્ટ ઓથોરિટી ઑફ ઈન્ડિયા (એએઆઈ)એ રવિવારે માર્ગદર્શિકામાં ચેતવણી આપી હતી કે ઉત્તર ભારતમાં ધુમ્મસને લીધે દૃષ્ટિગોચરતા ઓછી છે અને આને લીધે અમુક હવાઈમથકોમાં ફ્લાઈટમાં વિલંબ થઈ શકે અથવા તો ફ્લાઈટ ઑપરેશનમાં ફેરફાર થઈ શકે.

માર્ગદર્શિકામાં પેસેન્જરને સલાહ આપવામાં આવી હતી કે ફ્લાઈટ માટે હવાઈમથકે જતા પહેલાં (જુઓ પાનું ૨) ▸▸

# કાશ્મીરમાં હિમવર્ષા અને વરસાદ

શ્રીનગરઃ કાશ્મીરમાં ઉપરના વિસ્તારોમાં હિમવર્ષા અને મેદાની વિસ્તારોમાં વરસાદ પડવાથી રવિવારે લઘુતમ તાપમાનમાં વધારો થયો હતો. જેના કારણે શ્રીનગરમાં આ શિયાળાની સૌથી ગરમ રાત નોંધાઇ હતી. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

સ્થાનિક હવામાન વિભાગના એક અધિકારીએ જણાવ્યું કે રવિવારે શ્રીનગરમાં લઘુતમ તાપમાન ૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં છ ડિગ્રી વધારે હતું. કારણ કે કાશ્મીરના ઊંચા વિસ્તારોમાં બરફવર્ષા અને મેદાની વિસ્તારોમાં વરસાદ પડ્યો (જુઓ પાનું ૨) ▸▸

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પ્રદૂષણને ફેફસાની બીમારી સાથે સંબંધ નથી એ વાત કોણ માને?

**હવાના** પ્રદૂષણના કારણે શ્વાસની તકલીફ અને ફેફસાંના રોગ થાય ?

આ સવાલ સામાન્ય બુદ્ધિ ધરાવતા સો લોકોને પૂછો તો તમામ સો લોકોનો જવાબ એક જ હોય કે, પ્રદૂષણના કારણે ફેફસાંને ખરાબ અસર થાય અને ફેફસાંના રોગ પણ થાય પણ આપણી કેન્દ્ર સરકાર એવું નથી માનતી.

હવાનું પ્રદૂષણ વધે તેથી એર ક્વોલિટી ઇન્ડેક્સ (AQI) વધે છે. એક ને એક બે થાય એ સાદા નિયમ પ્રમાણે, એક્યુઆઈ વધે એટલે ફેફસાંના રોગ પણ વધે પણ કેન્દ્ર સરકારનું કહેવું છે કે એર ક્વોલિટી ઇન્ડેક્સ (AQI)ના ઊંચા સ્તર અને ફેફસાંની બીમારીઓ વચ્ચે સીધો સંબંધ નથી કેમ કે આ વાત સાબિત કરતા કોઈ નક્કર વૈજ્ઞાનિક ડેટા ઉપલબ્ધ નથી.

આઘાતજનક વાત એ છે કે, કેન્દ્ર સરકારે સંસદમાં લેખિત જવાબમાં આ દાવો કર્યો છે. દિલ્હીમાં હમણાં વધેલા પ્રદૂષણના કારણે એર ક્વોલિટી ઇન્ડેક્સ (AQI) કૂદકે ને ભૂસકે વધી રહ્યો છે એ સંદર્ભમાં ભાજપના સાંસદ લક્ષ્મીકાંત વાજપેયીએ સવાલ કર્યો હતો કે, દિલ્હી - NCRમાં લાંબા સમયથી AQIનું પ્રમાણ ખતરનાક સ્તરે છે તેથી લોકોની ફેફસાંની ક્ષમતા ઘટી રહી છે ?

કેન્દ્ર સરકાર વતી પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયના રાજ્ય કક્ષાના મંત્રી કીર્તિવર્ધન સિંહે રાજ્યસભામાં લેખિત જવાબમાં કહ્યું કે, એર ક્વોલિટી ઇન્ડેક્સ (AQI)ના ઊંચા સ્તર અને ફેફસાંની બીમારીઓ વચ્ચે સીધો સંબંધ નથી કેમ કે આ વાત સાબિત કરતા કોઈ વૈજ્ઞાનિક પુરાવા નથી.

પ્રધાનશ્રીએ આપેલો જવાબ આપણા માથે કેવા લોકોને થોપી દેવાયા છે તેનો નાદાર નમૂનો છે કેમ કે આપણા પ્રધાનશ્રી લોકોને રીસતર મૂરખ બનાવી રહ્યા છે અને કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલયે ૧૫ દિવસ પહેલાં એટલે કે ૩ ડીસેમ્બરે આપેલા જવાબની વાત જ ગૂપચાવી ગયા છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે ૩ ડિસેમ્બરે રાજ્યસભામાં જણાવ્યું હતું કે ૨૦૨૨થી ૨૦૨૪ દરમિયાન દિલ્હીની છ મોટી સરકારી હૉસ્પિટલોમાં શ્વાસ સંબંધિત સમસ્યાઓના ૨.૦૫ લાખ કેસ આવ્યા હતા અને તેમાંથી લગભગ ૩૫ હજાર દર્દીઓને હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા.

આરોગ્ય મંત્રાલયે સ્વીકારેલું કે, શ્વાસ સંબંધિત રોગોનું મુખ્ય કારણ વાયુ પ્રદૂષણ છે. વાયુ પ્રદૂષણ વધે એ એક્યુઆઈમાં મપાય છે તેનો મતલબ કે, એક્યુઆઈ વધ્યો તેના કારણે શ્વાસને સંબંધિત રોગોનું પ્રમાણ વધ્યું છે. ફેફસાં નબળાં પડે તો જ શ્વાસ સંબંધિત રોગો વધે એ વાત પ્રાથમિક શાળાનાં છોકરાંને ભણાવાતી હોય છે તેથી તેના વિશે વધારે ચર્ચા કરવી મૂર્ખામી કહેવાય પણ સીધી ત્રિરાશિ માંડો તો એ જ સાબિત થાય કે, એક્યુઆઈના કારણે ફેફસાં નબળાં પડે છે પણ આપણી સરકાર એ વાત સ્વીકારવા તૈયાર નથી.

સૌથી મહત્ત્વની વાત એ છે કે, આરોગ્ય મંત્રાલયે આપેલો જવાબ ડોક્ટરોના રિપોર્ટને આધારે જ હશે એ છતાં સરકાર ખુલ્લેઆમ કહે છે કે, ફેફસાંના રોગને એક્યુઆઈ વધવા સાથે સંબંધ હોવાનું સાબિત કરતા વૈજ્ઞાવિક ડેટા નથી. આરોગ્ય મંત્રાલયની કબૂલાત અને ડોક્ટરોનો રિપોર્ટ વૈજ્ઞાનિક ડેટા ના ગણાય ? સરકાર તેને વૈજ્ઞાનિક ડેટા ના ગણતી હોય તો શેને વૈજ્ઞાનિક ડેટા માને છે એ સ્પષ્ટતા પણ કરવી જોઈએ.

પ્રદૂષણ વધે તેના કારણે સ્વાસ્થ્ય પર ખરાબ અસર થાય છે અને સૌથી વધારે અસર શ્વસનતંત્રને થાય છે એ વાત વરસોથી ડોક્ટરો અને સંશોધકો કહે છે. પ્રદૂષણના જોખમી સ્તરને કારણે લોકોને ફાઇબ્રોસિસ એટલે કે ફેફસાંની ક્ષમતામાં કાયમી ઘટાડો થવાની સમસ્યા થાય છે એ વૈજ્ઞાવિક રીતે સાબિત થયેલું છે. એર ક્વોલિટી ઇન્ડેક્સ (AQI) જેવા શબ્દો તો છેલ્લાં કેટલાંક વરસોથી હવામાં તરતા થયા પણ એ પહેલાંથી આ વાત સાબિત થયેલી છે તો પછી તેને લગતા વૈજ્ઞાનિક ટેડાની શું જરૂર ? આ વાત જેને ના સમજાય એ માણસ કાં ભોટ હોય કાં લુચ્ચાઈ કરતો હોય પણ સરકારમાં બેઠેલા લોકો ભોટ નથી હોતા.

કેન્દ્ર સરકારને આ વાત સ્વીકારવામાં ખચકાટ કેમ થઈ રહ્યો છે એ પણ કહેવાની જરૂર નથી. દિલ્હીમાં ભાજપની સરકાર છે ને પોતાની માને કોણ ડાકણ કહે ?

દિલ્હીમાં અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીની સરકાર હતી ત્યારે ભાજપ પ્રદૂષણના મુદ્દે બહુ હોહા કરતો હતો. કેજરીવાલની સરકાર દિલ્હીમાં પ્રદૂષણ રોકવામાં નિષ્ફળ રહી છે અને લોકોના આરોગ્ય સામેના જોખમને ટાળી શકી નથી એવા આક્ષેપો ભાજપ કરતો હતો. દિલ્હીનાં લોકોએ આ બધી વાતોમાં આવીને ભાજપને સત્તામાં લાવી દીધો પણ દિલ્હીની સ્થિતિ સુધરી નથી. શિયાળો આવ્યો નથી કે પાછી પ્રદૂષણની મોંકાણ મંડાઈ ગઈ છે ને ભાજપની સરકાર કશું કરી શકી નથી.

દિલ્હીમાં ગયા વરસે ફેબ્રુઆરીમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ પછી ભાજપની સરકાર આવી અને રેખા ગુપ્તા મુખ્યમંત્રી બન્યાં હતાં. એ વખતે પણ શિયાળો હતો પણ પ્રદૂષણની સમસ્યા તેની ચરમસીમા પર પહોંચે એ સમય જતો રહેલો તેથી રેખા ગુપ્તાની સરકારને કોઈએ કશું કહ્યું નહીં.

અત્યારે સ્થિતિ જુદી છે અને ભાજપ સરકાર પાસે પ્રદૂષણની સમસ્યાને પહોંમચી વળવા માટે પૂરતો સમય હતો છતાં કશું કર્યું નથી. નાનાં નાનાં પગલાં લેવાયાં છે પણ તેના કારણે કોઈ રાહત નથી ને સમસ્યાનો ઉકેલ આવ્યો નથી. લોકો પરેશાન છે જ ને આક્રોશમાં પણ છે. પ્રદૂષણને રોકવાના નામે વાહનોનાં ચેકિંગ, વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ, દંડ સહિતનાં જે પગલાં લેવાઈ રહ્યાં છે તેનાથી લોકો જરાય ખુશ નથી.

આ માહોલમાં કેન્દ્ર સરકાર એવું સ્વીકારે કે એક્યુઆઈ વધ્યો તેના કારણે દિલ્હીમાં ફેફસાંના રોગી વધી રહ્યા છે ને ભાજપ સરકાર હાથ પર હાથ મૂકીને બેઠી છે, લોકોને મરતાં રોકવા કશું નથી કરી રહી છે એવું સ્વીકારે તો ઉહાપોહ મચી જાય તેથી કેન્દ્ર સરકાર સાવ નામક્કર ગઈ છે. અને ભાજપની સરકારે પ્રદૂષણને નાથવા કેવાં પગલાં લીધાં તેની વાત માંડી દેવાઈ છે.

ભાજપના સાંસદ વાજપેયીએ તો એવા સવાલ પણ કરેલા કે, દિલ્હી-NCRના રહેવાસીઓનાં ફેફસાંની ક્ષમતા સારી હવા એટલે કે ઓછું પ્રદૂષણ ધરાવતાં શહેરોમાં રહેતા લોકો કરતા અડધી છે? સરકાર પાસે દિલ્હી-NCRના લાખો રહેવાસીઓની શ્વસનતંત્રની સમસ્યાઓ ફાઇબ્રોસિસ, ક્રોનિક ઓબસ્ટ્રક્ટિવ પલ્મોનરી ડિસીઝ (COPD), એમ્ફિસીમા, ફેફસાંની ક્ષમતા અને ફેફસાની સ્થિતિસ્થાપકતામાં સતત ઘટાડો જેવા જીવલેણ રોગોથી બચાવવા માટે કોઈ ઉપાય છે ?

હવે કેન્દ્ર સરકાર એક્યુઆઈને ફેફસાંના રોગ સાથે સંબંધ હોવાની વાત સ્વીકારવા જ તૈયાર નથી તો આ સવાલોનો જવાબ આપે એવી અપેક્ષા તો ક્યાંથી રખાય ?

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

**ઉત્તરાયણ - સૌર શિશિરઋતુ, સોમવાર, તા. ૨૨-૧૨-૨૦૨૫**

- ભારતીય દિનાંક ૧, માહે પૌષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, પૌષ સુદ-૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે પૌષ, તિથિ સુદ-૨
- પારસી શહેનશાહી રોજ ૧૦મો આવા, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૦મો આવા, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૭મો અમરદાદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧લો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૩જો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- નક્ષત્ર ઉત્તરાષાઢા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૩૧ સુધી (તા. ૨૩), પછી શ્રવણ
- ચંદ્ર ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૯, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૫, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૮, સ્ટા. ટા.

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

- ભરતીઃ બપોરે ક. ૧૨-૫૪, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૫૨ (તા. ૨૩)
- ઓટઃ સવારે ક. ૦૭-૨૭, સાંજે ક. ૧૮-૫૫
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, પૌષ શુક્લ - દ્વિતીયા. ભારતીય પૌષ માસારંભ, અયન પુણ્યકાળ સૂર્યોદયથી સૂર્યાસ્ત, મુસ્લિમ ૭મો રજજબ માસારંભ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ સાંસારિક માંગલિક શુભ કાર્ય વર્જ્ય છે. વિશ્વ દેવતાનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, સૂર્ય-ચંદ્ર દેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, મુંડન કરાવવું નહિ, બાળકને અન્નપ્રાશન, નામકરણ, દેવદર્શન, મિત્રતા કરવી, નવાં વસ્રો, આભૂષણ, દુકાન-નોકરી-વેપાર, ખેતીવાડી, ધાન્ય ભરવું, નવી તિજોરીની સ્થાપના, પ્રાણી પાળવા.
- આચમનઃ ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ બેપરવાહ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ મૌલિક વિચારના.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય ધનુ, મંગળ-ધનુ, માર્ગી બુધ- વૃશ્ચિક વક્રી ગુરુ-મિથુન, શુક્ર-ધનુ (શુક્ર અસ્ત) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## પહેલા પાનાનું ચાલુ

### લાંબા અંતરની ટ્રેન

વધીને ૧.૧૫ લાખ કરોડ રૂપિયા થયો છે, જ્યારે પેન્શન ખર્ચ ૬૦,૦૦૦ કરોડ રૂપિયા થયો છે. ૨૦૨૪-૨૫ માટે કુલ સંચાલન ખર્ચ ૨.૬૩ લાખ કરોડ રૂપિયા થયો છે.

વધતા ખર્ચને પહોંચી વળવા માટે ભારતીય રેલવે કાર્ગો લોડિંગ વધારવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. તે મુસાફરોના ભાડામાં મર્યાદિત ગોઠવણો પણ કરી રહી છે. આ વ્યૂહરચનાએ સલામતી અને કાર્યક્ષમતામાં પણ સુધારો કર્યો છે. ભારત હવે વિશ્વની બીજી સૌથી મોટી માલવહન કરતી રેલવે સિસ્ટમ બની ગઈ છે.

ભારતીય રેલવેએ મુસાફરો માટે એક મોટી જાહેરાત કરી છે. ટ્રેન ભાડામાં ફેરફાર ૨૬ ડિસેમ્બર, ૨૦૨૫થી લાગુ કરવામાં આવશે. આ નિર્ણયથી દેશભરના લાખો મુસાફરો પ્રભાવિત થશે. જોકે, ટૂંકા અંતરના પ્રવાસીઓને રાહત આપવા માટે રેલવેએ ૨૧૫ કિલોમીટર સુધીની મુસાફરી માટે ભાડામાં વધારો ન કરવાનો નિર્ણય લીધો છે. દૈનિક મુસાફરોના હિતમાં ઉપનગરીય ટ્રેનો અને માસિક સીઝન ટિકિટના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

રેલવેના જણાવ્યા અનુસાર, સામાન્ય વર્ગમાં ૨૧૫ કિલોમીટર સુધીની મુસાફરી માટે કોઈ વધારાનું ભાડું લેવામાં આવશે નહીં. આનાથી દૈનિક મુસાફરો અને ટૂંકા અંતરના પ્રવાસીઓ પર બોજ પડશે નહીં. રેલવેના કહેવા પ્રમાણે આ નિર્ણય સામાન્ય મુસાફરોને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે.

રેલવેએ સ્પષ્ટતા કરી છે કે ૨૧૫ કિલોમીટરથી વધુની મુસાફરી માટે સામાન્ય વર્ગમાં ભાડામાં પ્રતિ કિલોમીટર ૧ પૈસાનો વધારો થશે, જ્યારે મેલ/એક્સપ્રેસ અને એસી વર્ગમાં ભાડામાં પ્રતિ કિલોમીટર ૨ પૈસાનો વધારો થશે. રેલવે મંત્રાલયના જણાવ્યા અનુસાર, ભાડામાં નવો સુધારો રાજધાની, શતાબ્દી, દુરંતો, વંદે ભારત, તેજસ, હમસફર, અમૃત ભારત, મહામના, ગતિમાન, અંત્યોદય, જન શતાબ્દી, યુવા એક્સપ્રેસ, એસી વિસ્ટાડોમ કોચ, અનુભૂતિ કોચ અને સામાન્ય નોન-ઉપનગરીય સેવાઓ જેવી પ્રીમિયર અને સ્પેશિયલ ટ્રેન સેવાઓ પર પણ લાગુ પડશે.

ભારતીય રેલવે દ્વારા આ વર્ષે ટ્રેન ટિકિટના ભાવમાં આ બીજો વધારો છે. અગાઉનો વધારો ૧ જુલાઈના રોજ કરવામાં આવ્યો હતો. ભારતીય રેલવે દ્વારા ૧ જુલાઈથી લાગુ કરાયેલો ભાડા વધારો પણ એ જ તીવ્રતાનો હતો. મેલ અને એક્સપ્રેસ ટ્રેનના ભાડામાં પ્રતિ કિલોમીટર ૧ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો, જ્યારે એસી ટ્રેનના ભાડામાં પ્રતિ કિલોમીટર ૨ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો.

રેલવેનો અંદાજ છે કે આ ભાડા વધારાથી આશરે ૬૦૦ કરોડની વધારાની આવક થશે. રેલવેના જણાવ્યા અનુસાર, આ રકમનો ઉપયોગ સંચાલન ખર્ચને આવરી લેવા અને સ્ટેશન સુવિધાઓ, કોચ જાળવણી અને સુરક્ષા જેવી મુસાફરોની સુવિધાઓ સુધારવા માટે કરવામાં આવશે. છેલ્લા દસ વર્ષોમાં રેલવેએ તેના નેટવર્ક અને કામગીરીનો નોંધપાત્ર વિસ્તાર કર્યો છે, જે દેશના દૂરના ખૂણાઓ સુધી પણ પહોંચ્યો છે.

### મોદીની ફ્રૂઝ પર

૨૦૨૬માં યોજાવાનો છે. પરંતુ ચોક્કસ તારીખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. આ દરમિયાન નોંધણી પ્રક્રિયા ચાલી રહી છે. ઉમેદવારો ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી નોંધણી કરાવી શકે છે. અત્યાર સુધીમાં ૧,૫૪,૩૩,૨૮૫ લોકોએ કાર્યક્રમ માટે અરજી કરી છે. જેમાં ૧,૪૩,૪૦,૯૧૬ વિદ્યાર્થીઓ, ૯,૪૧,૫૧૫ શિક્ષકો અને ૧,૫૦,૮૫૪ વાલીઓ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે દર વર્ષે બોર્ડની પરીક્ષાઓ પહેલાં વિદ્યાર્થીઓને તણાવ અને ચિંતાનો સામનો કરવામાં મદદ કરવા માટે પરીક્ષા પે ચર્ચાનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમ દરમિયાન વડા પ્રધાન મોદી વિદ્યાર્થીઓને પરીક્ષાઓ અને જીવનમાં આગળ વધવા અંગે માર્ગદર્શન આપે છે. તેમજ તેમના માનસિક સ્વાસ્થ્યને વધુ સારું બનાવવા અને તેમના આત્મવિશ્વાસને વધારવા પર ભાર મૂકે છે. આમાં એક ખુલ્લો સંવાદ થાય છે. જેમાં વિદ્યાર્થીઓ, માતા-પિતા અને શિક્ષકો સીધા વડા પ્રધાન મોદીને પ્રશ્નો પૂછી શકે છે.

### નવી મુંબઈ ઍરપોર્ટ

ઑપરેશનના નોટિફિકેશન સીધા પેસેન્જરના મોબાઈલ ફોનમાં મોકલાવશે. આને લીધે ભૌતિક માહિતી કાઉન્ટર અને સ્થિર ડિસ્પ્લે બોર્ડ પરનું દબાણ ઓછું થશે અને પેસેન્જરને સમયસર અંગત અપડેટ મળશે. અદાણી વનએપ ફૂડ અને ઠંડા પીણાના આઉટલેટ, રીટેલ સ્ટોર, લોન્જ અને ટર્મિનલની બીજી સુવિધાની માહિતી આપશે. ટર્મિનલમાં ફ્રી વાઈ-ફાઈ મળશે જેની સ્પીડ ૧૦ એમબીપીએસની છે. (એજનસી)

### ઈસરો બુધવારે ઉપગ્રહ

અને વ્યાપારી અને સરકારી એપ્લિકેશનો બંને માટે રચાયેલ છે.

ઇન્ટરનેટ કનેક્ટિવિટી સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં આવશે. કંપનીએ પોતાની વેબસાઈટમાં કહ્યું હતું કે ''અમે આજે લગભગ છ અબજ મોબાઇલ સબ્સ્ક્રાઇબર્સ દ્વારા સામનો કરવામાં આવતી કનેક્ટિવિટી સમસ્યાઓને દૂર કરવા અને અબજો લોકો સુધી બ્રોડબેન્ડ ઍક્સેસ પહોંચાડવાના મિશન પર છીએ જે હજુ પણ ઇન્ટરનેટથી જોડાયેલા નથી.'' એએસટી સ્પેસમોબાઇલે સપ્ટેમ્બર ૨૦૨૪માં પાંચ ઉપગ્રહો બ્લુ બર્ડ ૧-૫ - લોન્ચ કર્યા, જેનાથી અમેરિકા અને કેટલાક અન્ય પસંદગીના દેશોમાં સતત ઇન્ટરનેટ કવરેજ શક્ય બન્યું.

અમેરિકા સ્થિત કંપની તેના નેટવર્ક સપોર્ટને વધુ મજબૂત બનાવવા માટે વધુ સમાન ઉપગ્રહો લોન્ચ કરવાની યોજના ધરાવે છે અને તેણે વિશ્વભરમાં ૫૦થી વધુ મોબાઇલ ઓપરેટરો સાથે ભાગીદારી કરી છે. આગામી મિશન હેઠળ એએસટી સ્પેસમોબાઇલ તેના આગામી પેઢીના સંચાર ઉપગ્રહ બ્લૂ બર્ડ બ્લોક-૨ લોન્ચ કરવાની યોજના બનાવી રહ્યું છે જે ૨૪ કલાક વિશ્વભરના સ્માર્ટફોનને સીધા હાઇ-સ્પીડ સેલ્યુલર બ્રોડબેન્ડ પ્રદાન કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે.

ઈસરો અનુસાર, આ મિશન ન્યૂસ્પેસ ઇન્ડિયા લિમિટેડ અને એએસટી સ્પેસમોબાઇલ (એએસટી એન્ડ સાયન્સ, એલએલસી ) વચ્ચેના કરાર હેઠળ એક સમર્પિત વ્યાપારી પ્રક્ષેપણ હશે. ન્યૂસ્પેસ ઇન્ડિયા લિમિટેડ એ બેંગલુરુ સ્થિત ઈસરોની વાણિજ્યિક શાખા છે. બ્લૂ બર્ડ બ્લોક-૨ મિશન વૈશ્વિક લો અર્થ ઓર્બિટ ભ્રમણકક્ષામાં ઉપગ્રહોના સમૂહનો એક ભાગ છે જેનો હેતુ ઉપગ્રહ દ્વારા સીધી મોબાઇલ કનેક્ટિવિટી પ્રદાન કરવાનો છે.

### ઉત્તર ભારતમાં ધુમ્મસને

ઉતારુઓ સત્તાવાર ચેનલ તપાસે અને હવાઈમથકે મુસાફરી માટે અને ઔપચારિકતા પૂરી કરવા વધારે ફાજલ સમય રાખે. વિપરીત હવામાનમાં પેસેન્જરને મદદ કરવા હવાઈમથકે એએઆઈએ અસરગ્રસ્ત હવાઈમથકે ટુકડી રાખી છે જેથી તેમને ગ્રાઉન્ડ સપોર્ટ મળે. એએઆઈએ કસ્ટમર સપોર્ટ કોન્ટેક નંબર બહાર પાડ્યા હતા. (એજન્સી)

### કાશ્મીરમાં હિમવર્ષા

હતો. જે ખીણના લોકો માટે ખૂબ જ જરૂરી રાહત લઇને આવ્યા હતા.

અધિકારીએ જણાવ્યું કે લઘુતમ તાપમાનમાં વધારો આ પ્રદેશમાં વાદળછાયું વાતાવરણ રહેવાને કારણે થયો છે. ઉત્તર કાશ્મીરમાં ગુલમર્ગ એકમાત્ર હવામાન મથક હતું, જ્યાં તાપમાન શૂન્યથી નીચે માઇનસ ૧.૫ ડિગ્રી નોંધાયું હતું. જે વર્ષના આ સમય માટે સામાન્ય કરતાં ૫ ડિગ્રી સેલ્સિયસ વધારે હતું.

દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહલગામ સહિત બાકીના હવામાન મથકોએ લઘુતમ તાપમાન ૨.૫ ડિગ્રી સેલ્સિયસ અને ૩.૮ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે નોંધાયું હતું. હવામાન વિભાગે ઊંચાઇવાળા વિસ્તારોમાં મધ્યમથી ભારે હિમવર્ષા અને મેદાની વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ પડવાની આગાહી કરી છે.

### વિકસિત ભારત-જી-રામ-જી

ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે જ્યારે પણ કૉંગ્રેસ સત્તામાં આવશે ત્યારે તેઓ તેનું નામ ફરીથી બદલી નાખશે. આ બધા હોબાળા વચ્ચે બિલને ધ્વનિમતથી પસાર કરવામાં આવ્યું. જોકે, વિપક્ષે સંસદમાં બિલનો જોરદાર વિરોધ કર્યો હતો. વધુમાં, વિપક્ષે ગૃહની બહાર આખી રાત ધરણા પણ કર્યા હતા.

આ કાયદા અનુસાર, હવે સરકારની જવાબદારી રહેશે કે તે લાયક ગ્રામીણ પરિવારોને વર્ષમાં ૧૨૫ દિવસનું વેતન આધારિત કામ પૂરું પાડે. તેનો પ્રાથમિક ઉદ્દેશ્ય ગ્રામીણ મજૂરો, ખેડૂતો અને ભૂમિહીન પરિવારોની આવક વધારવાનો અને તેમને આર્થિક સુરક્ષા પૂરી પાડવાનો છે. સરકારનો દાવો છે કે આનાથી ગામડાઓમાં ગરીબી ઓછી થશે અને લોકોને તેમના પોતાના વિસ્તારોમાં કામ મળશે.

સરકારનો દાવો છે કે નવા કાયદાનો હેતુ માત્ર રોજગાર પૂરો પાડવાનો જ નહીં પરંતુ ગ્રામીણ સમાજને સર્વાંગી રીતે સશક્ત બનાવવાનો પણ છે. સમાવિષ્ટ વિકાસને પ્રાથમિકતા આપવામાં આવી છે, જે સુનિશ્ચિત કરે છે કે યોજનાઓના લાભ સમાજના સૌથી નીચલા સ્તર સુધી પહોંચે. સરકારનો દાવો છે કે આ કાયદો મહિલાઓ, નબળા જૂથો અને જરૂરિયાતમંદ પરિવારોને આત્મનિર્ભર બનવા માટે સશક્ત બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ ગ્રામીણ અર્થતંત્રને કાયમી મજબૂતી પ્રદાન કરશે.

સરકાર ઇચ્છે છે કે ચાલુ ગ્રામીણ યોજનાઓને સંકલિત કરવામાં આવે અને વધુ અસરકારક પરિણામો મળે. યોજના રોડ, જળ સંરક્ષણ, સિંચાઈ, આવાસ અને અન્ય માળખાગત પ્રોજેક્ટ્સને રોજગાર સાથે જોડીને ગામડાઓનો ચહેરો બદલવાની છે. આનાથી વિકાસ પ્રોજેક્ટ્સમાં પારદર્શિતા અને ગતિ બંને વધશે. આ કાયદાનો પ્રાથમિક ઉદ્દેશ્ય છેલ્લા વ્યક્તિને રોજગાર અને આજીવિકાના લાભો પૂરા પાડવાનો છે. આ ગ્રામીણ વિસ્તારોમાં અસમાનતા ઘટાડશે અને ખાતરી કરશે કે વિકાસના લાભો દરેક સુધી પહોંચે.

### બાંગ્લાદેશ હિંસા

બાળકીને જીવતી સળગાવી દેવામાં આવી છે. કેટલાક મીડિયા હાઉસમાં તોડફોડ અને પત્રકારો પર હુમલા કરવામાં આવ્યા છે. વિરોધીઓએ યુનુસ સરકારને ૨૪ કલાકનું અલ્ટીમેટમ આપ્યું છે. આ દરમિયાન વિરોધીઓએ જાહેરમાં દીપુ ચંદ્ર દાસની હત્યા કરી હતી. દીપુની હત્યા બાદથી ભારતીયો લાલઘુમ છે. જેને પગલે ભારતમાં પણ વિરોધ પ્રદર્શન શરૂ થયા છે. બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસના પૂતળા દહન કરવામાં આવી રહ્યા છે.

સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર શનિવારે લક્ષ્મીપુર સદર ઉપજિલ્લામાં બીએનપી નેતાના ઘરને બહારથી બંધ કરીને આગ ચાંપી દેવામાં આવી હતી. જેમાં એક સાત વર્ષની બાળકીનું મોત થયું હતું. તેમજ ત્રણ ગંભીર રીતે ઘાયલ થયા હતા.

બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસે શનિવારે જણાવ્યું હતું કે હિન્દુ વ્યક્તિ દીપુચંદ્ર દાસની હત્યા કેસમાં ૧૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

હાદીના મૃત્યુ પછી વધેલા તણાવને ધ્યાનમાં રાખીને બાંગ્લાદેશના સિલહટમાં ભારતીય સહાયક ઉચ્ચ કમિશન કાર્યાલય અને વિઝા અરજી કેન્દ્ર પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. ગુરુવારે હાદીના મૃત્યુની પુષ્ટિ થયા બાદ ઢાકા અને અન્ય મુખ્ય શહેરોમાં હિંસક વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા હતા.

દેશના વિવિધ ભાગોમાં હુમલા અને તોડફોડની ઘટનાઓ બની હતી. જેમાં ચિત્તાગોંગમાં સહાયક ભારતીય ઉચ્ચાયુક્તના નિવાસસ્થાન પર પથ્થરમારો, મુખ્ય અખબારો ડેઇલી સ્ટાર અને પ્રોથોમ આલોના કાર્યાલયો પર હુમલા તથા બંગબંધુ મેમોરિયલ મ્યુઝિયમમાં તોડફોડનો સમાવેશ થાય છે.

### બાંગ્લાદેશના ચિત્તાગોંગમાં

થયેલા વિરોધ પ્રદર્શનોનો એક અગ્રણી નેતા હતો. જેના કારણે વડા પ્રધાન શેખ હસીનાના નેતૃત્વવાળી અવામી લીગ સરકારને ઉથલાવી દેવામાં આવી હતી. હાદી ૧૨ ફેબ્રુઆરીની સામાન્ય ચૂંટણીમાં ઉમેદવાર હતો.

૧૨ ડિસેમ્બરના રોજ મધ્ય ઢાકાના બિજોયનગર વિસ્તારમાં ચૂંટણી પ્રચાર દરમિયાન નકાબધારી બંદૂકધારીઓએ હાદીને માથામાં ગોળી ધરબી દીધી હતી. ગુરુવારે સિંગાપોરમાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. તેના મૃત્યુ બાદ સમગ્ર બાંગ્લાદેશમાં હુમલાઓ અને તોડફોડની ઘટનાઓ બની હતી. જેમાં ગુરુવારે ચટ્ટોગ્રામ(ચિત્તાગોંગ)માં ભારતીય સહાયક ઉચ્ચાયુક્તના નિવાસસ્થાન પર પથ્થરમારો પણ સામેલ છે.

આઇવીએસીએ એક નિવેદનમાં જણાવ્યું કે આસિસ્ટન્ટ હાઇ કમિશન ઓફ ઇન્ડિયા(એએચસીઆઇ) ચટ્ટોગ્રામ ખાતે તાજેતરમાં બનેલી સુરક્ષા ઘટનાને કારણે આઇવીએસી ચટ્ટોગ્રામમાં ભારતીય વિઝા કામગીરી ૨૧/૧૨/૨૦૨૫થી આગામી આદેશો સુધી સ્થગિત રહેશે. પરિસ્થિતિની સમીક્ષા કર્યા બાદ વિઝા સેન્ટર ફરીથી ખોલવાની જાહેરાત કરવામાં આવશે.

આ નિર્ણય રવિવારે ચટ્ટોગ્રામમાં એએચસીઆઇ ખાતે બનેલી હાલની સુરક્ષા ઘટના બાદ અમલમાં આવ્યો છે.

અગાઉ, બાંગ્લાદેશના યુવાન નેતા શરીફ ઉસ્માન હાદીના જનાજામાં ભારતવિરોધી નારા પોકારાયા હતા. જનાજામાં ભાગ લેનારા લોકો નારા પોકારતા હતા કે 'દિલ્હી કે ઢાકા - ઢાકા, ઢાકા' અને 'ભાઇ હાદી તારા લોહીને વ્યર્થ જવા નહિ દઇએ'.

અંતિમ સંસ્કાર રાજધાનીમાં કડક સલામતી હેઠળ રાજકીય સન્માન સાથે કરાયા હતા.

'ઇન્કલાબ મંચ'ના ૩૨ વર્ષીય પ્રવક્તા હાદીના અંતિમ સંસ્કાર માણિક મિયાં એવેન્યૂ ખાતે પાર્લામેન્ટ કૉમ્પ્લેક્ષના સાઉથ પ્લાઝામાં યોજાયા હતા. તેમાં દેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મુહંમદ યુનુસ, રાષ્ટ્રીય સલાહકાર સમિતિના સભ્યો, લશ્કરના વડા જનરલ વકેર-ઉઝ-ઝમાન સહિત અનેક મહાનુભાવ હાજર રહ્યા હતા.

જનાજાની પહેલાં યુનુસે થોડું પ્રવચન આપ્યું હતું. જનાજામાં ભૂતપૂર્વ વડાં પ્રધાન ખાલેદા ઝિયાની બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી, જમાતે ઇસ્લામી અને વિદ્યાર્થીઓની નેશનલ સિટીઝન પાર્ટીના નેતાઓ પણ જોડાયા હતા.

બાંગ્લાદેશના રાષ્ટ્રીય કવિ કાઝી નઝરુલ ઇસ્લામના મકબરાની બાજુમાં જ હાદી માટે કબર રાતના જ ખોદવામાં આવી હતી. હાદીના નાના ભાઇના હાથે અંતિમસંસ્કાર કરાયા હતા.

અગાઉ, હાદીને ગોળી મારવામાં આવી હતી અને સિંગાપોરમાં સારવાર દરમિયાન તેનું નિધન થયું હોવાની જાહેરાત બાંગ્લાદેશની રખેવાળ સરકારના વડા યુનુસે ટીવી પર કરતા બાંગ્લાદેશમાં ભારતવિરોધી હિંસા ફેલાઇ હતી. (એજન્સી)

### મહારાષ્ટ્રમાં સ્થાનિક

હતો કે ચૂંટણી પંચે શાસક મહાયુતિને વિજયની સગવડ કરી આપી હતી. કૉંગ્રેસના રાજ્યાધ્યક્ષ હર્ષવર્ધન સકપાલે મ્યુનિસિપલ પ્રેસિડન્ટ બનનાર પક્ષના ઉમેદવારો અને ચૂંટાયેલા નગરસેવકોને અભિનંદન આપ્યા હતા.

શિવસેનાના સાંસદ સંજય રાઉતે આક્ષેપ કર્યો હતો કે ઈવીએમ સાથે ચેડાં કરીને મહાયુતિનો વિજય થયો હતો. વિરોધ પક્ષો નાણાંના વાવાઝોડા સામે ટકી શક્યા નથી. (એજન્સી)

### કૉંગ્રેસ ઘૂસણખોરોને

લોકોની ઓળખ, અસ્તિત્વ અને ગરીમાની કોઈ ચિંતા નથી. બીજી બાજુ ભાજપ આનું રક્ષણ કરવા માગે છે.

મોદીએ શનિવારે ભારતના ચૂંટણી પંચ અંગે કહ્યું હતું કે ચૂંટણી પંચે 'ઘૂસણખોર'ને બહાર રાખવા મતદારયાદીની ખાસ સઘન સમીક્ષા ('સર')ની કવાયત શરૂ કરી છે અને 'દેશદ્રોહી' તેમને બચાવવાનો પ્રયાસ કરે છે. કેન્દ્ર સરકાર ઘૂસણખોરીને અટકાવવા કડક પગલાં લઈ રહી છે.

મોદીએ કહ્યું હતું કે કૉંગ્રેસ સરકારે આસામ અને ઈશાન ભારતને વિકાસથી દૂર રાખવાનું પાપ કર્યું હતું અને આની દેશને એકતા, સુરક્ષા અને અખંડિતતામાં મોટી કિંમત ચુકવવી પડી હતી. કૉંગ્રેસ સરકાર દરમિયાન દાયકાઓ સુધી હિંસાનો યુગ હતો. ફક્ત ૧૦-૧૧ વર્ષમાં અમે આનો અંત લાવી રહ્યા છીએ. ઈશાન ભારતના અશાંત જિલ્લાઓ મહત્ત્વાંકાક્ષી જિલ્લા તરીકે વિકસી રહ્યા છીએ. મોદીએ કૉંગ્રેસ પર 'ઘૂસણખોર'નું રક્ષણ કરવાનો આક્ષેપ કર્યો હતો. આ ઘૂસણખોરોએ આસામની સુરક્ષા અને અસ્મિતા સામે ખતરો ઊભો કર્યો હતો. ભાજપ કૉંગ્રેસે દાયકાઓ સુધી કરેલી ભૂલોને સુધારી રહ્યો છે.

અગાઉ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે પશ્ચિમ બંગાળની તૃણમૂલ કૉંગ્રેસની સરકારની આકરી ટીકા કરતા જણાવ્યું હતું કે અમે પશ્ચિમ બંગાળમાંના 'મહા જંગલરાજ'નો અંત આણીશું અને ભ્રષ્ટાચાર, સગાંવાદ અને (અમુક કોમનું કરાતું) તુષ્ટીકરણ બંધ કરાવીશું.

મોદીએ કોલકાતાથી ફોન પર નાદિયા જિલ્લાના તહેરપુરમાંની સભાને સંબોધતા જણાવ્યું હતું કે રાજ્ય સરકારની ભ્રષ્ટ નીતિ વિકાસમાં વિઘ્નરૂપ બને છે. મને આશા છે કે રાજ્યના મતદારો ૨૦૨૬માંની વિધાનસભાની ચૂંટણીમાં રાજ્યમાં ભાજપના નેતૃત્વ હેઠળની 'ડબલ એન્જિન' સરકાર સત્તા પર લાવશે, તે પછી જ રાજ્યનો વિકાસ ઝડપી બનશે.

કેન્દ્ર અને રાજ્યમાં ભાજપની સરકાર હોય, તો તેના માટે 'ડબલ એન્જિન'ની સરકાર શબ્દ વપરાય છે.

ગાઢ ધુમ્મસને કારણે મોદીનું હૅલિકૉપ્ટર તહેરપુરમાંના કામચલાઉ હૅલિપૅડ પર ઉતરાણ કરી નહોતું શક્યું અને તે વડા પ્રધાનને લઇને કોલકાતા વિમાનમથકે પાછું ફર્યું હતું.

મોદીએ પરિવર્તન સંકલ્પ સભાને સંબોધતા જણાવ્યું હતું કે તૃણમૂલ કૉંગ્રેસને મારો અને ભાજપનો વિરોધ કરવા દો. રાજ્યનો શાસક પક્ષ મતદારોને લાંબો સમય બાનમાં રાખીને રાજ્યનો વિકાસ અટકાવી નહિ શકે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે રાજ્યમાં 'નાણાંની કટકી અને કમિશન'ની નીતિને લીધે વિકાસકાર્યો અટક્યા છે. અમે બંગાળના વિકાસ માટે બનતા દરેક પ્રયાસ કરીશું.

તેમણે આશા વ્યક્ત કરી હતી કે બિહાર વિધાનસભાની તાજેતરની ચૂંટણીમાં એનડીએને મળેલા ભવ્ય વિજયની અસર પશ્ચિમ બંગાળની ચૂંટણી પર પણ પડશે.

મોદીએ જણાવ્યું હતું કે બિહારની ચૂંટણીમાં એનડીએના થયેલા વિજયે બંગાળની આગામી ચૂંટણીમાં જીતના દ્વાર ખોલી આપ્યા છે. અમે તૃણમૂલ કૉંગ્રેસના ગેરવહીવટથી રાજ્યને મુક્ત કરીશું. (એજન્સી)



**સી-ગલ આવ્યા રસ્તા પરઃ**
શિયાળાની ઓળખ સમાન પ્રવાસી પક્ષીઓ મુંબઈમાં આવી ગયા છે અને રવિવારે એક બાઈકરની સામે સાઈબિરિયન સી–ગલ આવી ગયેલું જોવા મળ્યું હતું. આથી હવે બાઈકરોએ રસ્તા પર સાવધાની રાખવાની જરૂરિયાત જણાય છે. (એજન્સી)

# મુંબઈમાં મૂકબધિર મહિલાએ ૧૬ વર્ષનું મૌન તોડ્યું

## શ્રેણીબદ્ધ જાતીય શોષણ અને બ્લેકમેઈલનો કર્યો પર્દાફાશ

મુંબઈઃ મુંબઈમાં ૧૬ વર્ષ અગાઉ થયેલા જાતીય શોષણ અંગે મૂકબધિર મહિલાએ કરેલી ફરિયાદને કારણે શ્રેણીબદ્ધ દુષ્કર્મ અને બ્લેકમેઇલનો પર્દાફાશ થયો હતો, જેમાં આરોપીએ સમુદાયની અનેક મહિલાઓને વાસનાનો શિકાર બનાવી હતી. દુષ્કર્મનો ભોગ બનેલી એક મહિલાએ આત્મહત્યાનો પ્રયાસ કર્યા બાદ મૂકબધિર મહિલાએ હાલમાં પોતાનું મૌન તોડ્યું હતું અને ૧૩ ડિસેમ્બરે આરોપી મહેશ પવારની ધરપકડ કરવામાં આવી હતી.

મહિલાના આત્મહત્યાના પ્રયાસથી વિચલિત મૂકબધિર મહિલાએ ૨૦૦૯માં પોતાના પર થયેલા જાતીય શોષણ વિશે તેના ફ્રેન્ડ્સને વીડિયો કૉલ પર જાણ કરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર પીડિતા પશ્ચિમ પરાંની રહેવાસી છે. તેણે વ્હૉટ્સઍપ ગ્રૂપનો હિસ્સો એવા મિત્રો અને સાથીઓ સાથે વીડિયો કૉલ દરમિયાન સાંકેતિક ભાષામાં સંકેત આપ્યો હતો કે પોતે સગીર હતી ત્યારે આરોપીએ તેને ઘેનની દવા આપ્યા બાદ તેના સાથે દુષ્કર્મ આચર્યું હતું.

પીડિતાએ પોતાના પતિને વિશ્વાસમાં લીધો હતો અને થાણે ડેફ એસોસિયેશનના પ્રમુખ વૈભવ ઘૈસિસ, એક્ટિવિસ્ટ મોહંમદ ફરહાન ખાન, સાંકેતિક ભાષા સમજાવી શકનાર મધુ કેણી અને અલી યાવર જંગ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્પીચ એન્ડ હિયરિંગ ડિસેબિલિટીસ દિવ્યાંગજનના નિવૃત્ત અધિકારીની મદદથી તેણે પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

પીડિતા, તેનો પતિ અને તેના કેટલાક મિત્રો કુરાર પોલીસ સ્ટેશનમાં ગયા હતા, જ્યાં પીડિતાનું નિવેદન ઇન-કેમેરા નોંધવામાં આવ્યું હતું. ત્યાર બાદ આરોપી મહેશ પવારની વિરારથી ધરપકડ કરવામાં આવી હતી.

૧૬ વર્ષ પૂર્વેની આપવીતી જણાવતાં પીડિતાએ કહ્યું હતું કે તેની એક બહેનપણીએ તેને જુલાઇ, ૨૦૦૯માં શહેરમાં ફરવા માટે બોલાવી હતી અને તેને બાદમાં સાંતાક્રુઝના વાકોલા ખાતે મહેશના ઘરે લઇ જવામાં આવી હતી.

બહેનપણીના બર્થડેની ઉજવણી નિમિત્તે આરોપીએ પીડિતાને સમોસા અને ઘેનયુક્ત ઠંડુંપીણું આપ્યું હતું, જે બહેનપણીએ જબરજસ્તી પીવડાવ્યું હતું. થોડા સમય બાદ બહેનપણી ત્યાંથી જતી રહી હતી. બાદમાં આરોપીએ પીડિતા પર બળાત્કાર ગુજાર્યો હતો અને તેનો વીડિયો ઉતાર્યો હતો, જેના થકી પીડિતાને તે બ્લેકમેઇલ કરવા લાગ્યો હતો.

દુષ્કર્મના આઘાતને લઇ પીડિતા વર્ષોથી જીવતી હતી. જોકે સમુદાયની અન્ય મહિલાઓ સાથે પણ આવું થતાં તેણે ફરિયાદ કરવાનું નક્કી કર્યું હતું.

તપાસમાં આરોપીએ અન્ય મૂકબધિર મહિલાઓ સાથે પણ આ જ રીતે દુષ્કર્મ આચર્યું હોવાનું સામે આવ્યું હતું. તેમનો વીડિયો ઉતારવામાં આવ્યો હતો અને આ અંગે ફરિયાદ કરે તો વીડિયો જાહેર કરવાની ધમકી આપવામાં આવીહ તી. ઉપરાંત આરોપીએ વીડિયોને આધારે રૂપિયા, સોનું તથા મોબાઇલ ફોન પણ પડાવી લેતો હતો.

અત્યાર સુધીની તપાસમાં એવું સામે આવ્યું છે કે ઓછામાં ઓછી સાત મહિલા સાથે આરોપીએ દુષ્કર્મ આચર્યું હતું, પરંતુ આ સંખ્યા ૨૪થી વધુ જઇ શકે છે. હવે પવારનો શિકાર બનેલી અન્ય મહિલાઓ પણ ફરિયાદ નોંધવા માગે છે, એમ મધુ કેણીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

સાબિત કેલ્સીયોગ®
આયુર્વેદિક કેલ્શિયમ ટેબ્લેટ્સ
• હાડકા અને સાંધાના ટોનિક. • હાથ, પગ, કમર, ઘૂંટણ, પીઠ, સાંધાના દુખાવા માટે ઉત્તમ. • વાળ ખરવાનું ઓછું કરો.
• સ્નાયુ, લિગામેન્ટ ઇજાઓ પર પ્રભાવી
Amazon પર કેશ ઑન ડિલિવરી ઉપલબ્ધ
ડૉ. અભિજીત 9422011723
ધૌતી-યોગ ની પ્રભાવી ઔષધિ

# નોરા ફતેહીને અકસ્માતમાં ઈજા

મુંબઈઃ અંધેરી વિસ્તારમાં બોલીવૂડની અભિનેત્રી નોરા ફતેહીની કાર સાથે અન્ય કાર અથડાતાં તેને નજીવી ઇજા થઇ હતી. અંબોલી પોલીસે આ પ્રકરણે વિનય સકપાલ (૨૭)ની ધરપકડ કરી હતી, જેની કાર અંધેરીમાં લિંક રોડ પર શુક્રવારે બપોરે નોરા ફતેહીની કાર સાથે અથડાઇ હતી. અકસ્માત સમયે સકપાલ દારૂના નશામાં હતો. નોરા શુક્રવારે સનબર્ન મ્યુઝિક ફેસ્ટિવલમાં જઇ રહી હતી ત્યારે તેને અકસ્માત નડ્યો હતો. મેડિકલ ચેકઅપ બાદ તેણે ફેસ્ટિવલમાં હાજરી આપી હતી. ■

# ઘાટકોપરના યુવકની ચાકુના પચીસથી વધુ ઘા ઝીંકી હત્યાઃ આરોપી પકડાયો

મુંબઈઃ ઘાટકોપરમાં જૂની અદાવતને લઇ યુવકની ચાકુના પચીસથી વધુ ઘા ઝીંકી હત્યા કરવામાં આવી હતી. સાકીનાકા પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કર્યા બાદ છ કલાકમાં જ આરોપીને ઝડપી પાડી લોકઅપભેગો કરી દીધો હતો.

આરોપીની ઓળખ અંકુશ સિંહ (૨૧) તરીકે થઇ હતી, જે ઘાટકોપર પૂર્વના અસલ્ફા ખાતે આવેલી શિવપ્રભાત ઇમારતમાં રહે છે. આરોપી વિરુદ્ધ અગાઉ ઘાટકોપર પોલીસ સ્ટેશનમાં મારામારીના બે કેસ નોંધાયેલા હોવાનું તપાસમાં જાણવા મળ્યું હતું. પોલીસના જણાવ્યા મુજબ મૃતક વિશાલ કોકણે (૨૫) અસલ્ફા વિસ્તારમાં રહેતો હતો અને તેની વિરુદ્ધ પણ ઘાટકોપર અને સાકીનાકા પોલીસ સ્ટેશનમાં અમુક ગુના દાખલ હતા.

અંકુશ અને વિશાલ એકબીજાને ઓળખતા હતા અને તેમની વચ્ચે જૂની અદાવત હતી. છ મહિના અગાઉ બંને વચ્ચે ઝઘડો થયો હતો. એ સમયે વિશાલે તેના ભાઇ સાથે મળીને અંકુશની મારપીટ કરી હતી, જેનો ગુસ્સો અંકુશના મનમાં હતો.

શનિવારે મધરાતે શિવપ્રભાત ઇમારત નજીક બંને જણ વચ્ચે વિવાદ થયો હતો. એ સમયે બંને જણ દારૂના નશામાં હતા. વિવાદને કારણે ઉશ્કેરાયેલા અંકુશે વિશાલ પર ચાકુના પચીસથી વધુ ઘા ઝીંકી દીધા હતા, જેમાં તેનું મૃત્યુ થયું હતું.

આ ઘટના બાદ પોલીસે સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા, જેમાં વિશાલ પર અંકુશ ચાકુથી હુમલો કરતો નજરે પડ્યો હતો. અંકુશનો ક્રિમિનલ રેકોર્ડ હોવાથી પોલીસે તેના મોબાઇલનું લોકેશન ટ્રેસ કરતાં તે સાકીનાકા વિસ્તારમાં હોવાનું જાણવા મળ્યું હતું. બાદમાં અંકુશને ઝડપી પાડવામાં આવ્યો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. ■

# મુંબઈ એરપોર્ટ પર ૨૦ કરોડ રૂપિયાનો ગાંજો જપ્ત

## મુંબ્રાની મહિલા સહિત બેની ધરપકડ

મુંબઈઃ કસ્ટમ્સ વિભાગના એર ઇન્ટેલિજન્સ યુનિટે (એઆઇયુ) મુંબઈ એરપોર્ટ પર ૨૦ કરોડ રૂપિયાનો ઉચ્ચ ગુણવત્તાનો ગાંજો જપ્ત કર્યો હતો. આ પ્રકરણે મુંબ્રાની મહિલા સહિત બે જણની ધરપકડ કરવામાં આવી હતી. એઆઇયુના અધિકારીઓએ ધરપકડ કરેલા બંને પ્રવાસીની ઓળખ ફાતિમા સલીમ સૈયદ (૩૩) અને ફરમાન મોહંમદ (૨૭) તરીકે થઇ હતી. ફરમાન ઉત્તર પ્રદેશનો રહેવાસી છે.

બેંગકોકથી ફ્લાઇટમાં શનિવારે રાતે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આવેલા ફરમાન મોહંમદને એઆઇયુના અધિકારીઓએ શંકાને આધારે આંતર્યો હતો.

ફરમાનના સામાનની તલાશી લેવામાં આવતાં આઠ કરોડ રૂપિયાનો ગાંજો મળી આવ્યો હતો. આથી ફરમાન વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. ફરમાનના વકીલ તરીકે આશિષ સિંહ અને અરુણ ગુપ્તા હાજર રહ્યા હતા અને તેમણે દલીલ કરી હતી.

દરમિયાન ફાતિમા સૈયદ પણ શનિવારે ફ્લાઇટમાં બેંગકોકથી આવી હતી અને તેની પાસેથી ૧૨ કરોડ રૂપિયાનો ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો. તેણે ગાંજો બેંગકોકમાં કોની પાસેથી મેળવ્યો હતો અને મુંબઇમાં તે કઇ વ્યક્તિ સુધી પહોંચાડવાની હતી, તેની તપાસ કરાઇ રહી છે. ■

# મહારાષ્ટ્રમાં કુલ ૨૪ જાહેર રજાઓ

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર દ્વારા ૨૦૨૫ના અંતમાં જ ૨૦૨૬માં આવનારી જાહેર રજાઓની યાદી બહાર પાડવામાં આવી છે. આ રજાઓ નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ ૧૮૮૧ની ધારા ૨૫ હેઠળ જાહેર કરવામાં આવી છે. આ લિસ્ટ અનુસાર રાજ્યભરની સરકારી ઓફિસ, સંસ્થા, શાળા, કોલેજ વગેરેમાં આ રજાઓ લાગુ થશે. આવો જોઈએ ૨૦૨૪માં આખા રાજ્યમાં ક્યાં અને કેટલા પબ્લિક હોલિડે જાહર કરવામાં આવ્યા છે, આ સિવાય બેંકો માટે પણ અલગ રજાઓ જાહર કરવામાં આવી છે.

દર વર્ષે મહારાષ્ટ્ર સરકાર દ્વારા નવા વર્ષમાં આવનારી રજાઓની યાદી બહાર પાડવામાં આવે છે. આ જ અનુસંધાનમાં સરકાર દ્વારા હાલમાં ૨૦૨૬માં આવનારા પબ્લિક હોલીડેનું લિસ્ટ આપવામાં આવ્યું છે. ૨૦૨૬માં કુલ ૨૪ રજાઓ રહેશે. ચાલો નજર કરીએ ૨૦૨૬ના પબ્લિક હોલીડે પર. ૨૦૨૬માં મહારાષ્ટ્રમાં આ દિવસે રહેશે જાહેર રજા-

૨૬મી જાન્યુઆરી, ૨૦૨૬ના સોમવારઃ ગણતંત્ર દિવસ
૧૫મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રવિવારઃ મહાશિવરાત્રિ
૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના ગુરુવારઃ છત્રપતિ શિવાજી મહારાજ જયંતિ
ત્રીજી માર્ચ, ૨૦૨૬ના મંગળવારઃધૂળેટી
૧૯મી માર્ચ, ૨૦૨૬ના ગુરુવારઃ ગૂઢી પાડવો
૨૧મી માર્ચ, ૨૦૨૬ના શનિવારઃ રમજાન ઈદ
૨૬મી માર્ચ, ૨૦૨૬ના ગુરુવારઃ રામ નવમી
૩૧મી માર્ચ, ૨૦૨૬વા મંગળવારઃ મહાવીર જન્મકલ્યાણક
ત્રીજી એપ્રિલ, ૨૦૨૬ના શુક્રવારઃ ગુડ ફ્રાઈડે
૧૪મી એપ્રિલ, ૨૦૨૬ના મંગળવારઃ ડો. બાબાસાહેબ આંબેડકર જયંતિ
પહેલી મે, ૨૦૨૬ના શુક્રવારઃ મહારાષ્ટ્ર ડે, બુદ્ધ પૌર્ણિમા
૨૮મી મે, ૨૦૨૬ના ગુરૂવારઃ બકરી ઈદ
૨૬મી જૂન, ૨૦૨૬ના શુક્રવારઃ મોહર્રમ
૧૫મી ઓગસ્ટ, ૨૦૨૬ના શનિવારઃ સ્વતંત્રતા દિવસ, પારસી નવું વર્ષ
૨૬મી ઓગસ્ટ, ૨૦૨૬ના બુધવારઃ ઈદ-એ-મિલાદ
૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના સોમવારઃ ગણશે ચતુર્થી
બીજી ઓક્ટોબર, ૨૦૨૬ના શુક્રવારઃ મહાત્મા ગાંધી જયંતિ
૨૦મી ઓક્ટોબર, ૨૦૨૬ના મંગળવારઃ દશેરા
૮મી નવેમ્બર, ૨૦૨૬ના રવિવારઃ દિવાળી લક્ષ્મી પૂજા
૧૦મી નવેમ્બર, ૨૦૨૬ના મંગળવારઃ દિવાળી (બલિ પ્રતિપદા)
૨૪મી નવેમ્બર, ૨૦૨૬ના મંગળવારઃ ગુરુ નાનક જયંતિ
૨૫મી ડિસેમ્બર, ૨૦૨૬ના શુક્રવારઃ ક્રિસમસ

બેંક માટેની ખાસ રજાઃ
પહેલી એપ્રિલ, ૨૦૨૬ના બુધવારઃ યર્લી એકાઉન્ટ ક્લોઝિંગ રાજ્ય સરકાર અને સ્થાનિક યુનિટ ઓફિસ માટે વધારાની રજા
૧૧મી નવેમ્બર, ૨૦૨૬ના બુધવારઃ ભાઈબીજ. ■

# થાણેમાં પાણીની ટાંકીમાં પડેલા શિયાળને બચાવી લેવાયું

થાણેઃ થાણેના શિળ વિસ્તારમાં રવિવારે પાણીની ખુલ્લી ટાંકીમાં પડેલા શિયાળને બચાવી લેવામાં આવ્યું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું.

થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ યાસિન તડવીએ જણાવ્યું હતું કે વનવિભાગના અધિકારીઓએ અગ્નિશમન દળના જવાનો સાથે મળીને બપોરે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું, જે એક કલાક ચાલ્યું હતું.

કલ્યાણ-શિલફાટા રોડ પર મુક્તાઇ રેસિડેન્સી નજીક પાણીની ટાંકીમાં શિયાળ પડી ગયું હતું. ટાંકીની મર્યાદિત જગ્યાને કારણે બચાવકાર્યમાં મુશ્કેલી આવી રહી હતી. જોકે અગ્નિશમન દળના જવાનો અને વનવિભાગના અધિકારીઓએ એક કલાક બાદ શિયાળને ટાંકીમાંથી સુરક્ષિત બહાર કાઢ્યું હતું.

શિયાળને જંગલમાં છોડતા પહેલા તપાસ માટે વનવિભાગના અધિકારીઓ તેને પોતાની સાથે લઇ ગયા હતા, એમ તડવીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# પાંચ મહિનાના બાળકનું અપહરણ

## બે મહિલા સહિત ત્રણ આરોપીને ત્રણ વર્ષની કેદ

થાણેઃ થાણેની કોર્ટે પાંચ મહિનાના બાળકનું અપહરણ કરવા બદલ બે મહિલા સહિત ત્રણ જણને ત્રણ વર્ષની સખત કેદ ફટકારી હતી.

એડિશનલ સેશન્સ જજ સૂર્યકાંત શિંદેએ આરોપીઓને ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭ (૧) (બી) હેઠળ દોષી ઠેરવ્યા હતા.

ફરિયાદી મહિલા તેના પાંચ વર્ષના પુત્ર સાથે ૧૨, ઑક્ટોબર, ૨૦૨૪ની રાતે રાબોડી ફ્લાયઓવર નીચે સૂઇ રહી હતી ત્યારે તેના પુત્રનું અપહરણ કરવામાં આવ્યું હતું.

મહિલાએ આ પ્રકરણે ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસે ઘટનાસ્થળ તથા આસપાસના વિસ્તારોના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા, જેમાં લાલ રંગનો ડ્રેસ પહેરેલી મહિલા બાળકને લઇ જતી અને બાદમાં તેને અન્ય બે આરોપીને સોંપતી નજરે પડી હતી.

દરમિયાન પોલીસ ટીમે મળેલી માહિતીને આધારે રાબોડી વિસ્તારમાં રેઇડ પાડી હતી અને બાળકને છોડાવ્યો હતો. પોલીસે આ પ્રકરણે ત્રણ આરોપીની ધરપકડ કરી હતી, જેમની ઓળખ જાવેદ અમજદઅલી ન્હાવી (૩૫), જયશ્રી યાકુબ નાઇક (૪૫) અને સુરેખા રાજેશ ખંડાગડે (૩૪) તરીકે થઇ હતી.

જજે ડિજિટલ પુરાવા પર આધાર રાખ્યો હતો અને નોંધ્યું હતું કે જાવેદ ન્હાવીને થાણે, નવી મુંબઈ અને મુંબઈમાંથી તડીપાર કરવામાં આવ્યો હતો અને તેણે આદેશનું ઉલ્લંઘન કર્યું હતું. તડીપાર કર્યો હોવા છતાં ન્હાવી થાણેમાં પ્રવેશ્યો હોવાથી તેને મહારાષ્ટ્ર પોલીસ એક્ટ હેઠળ વધારાની એક વર્ષની સજા ફટકારવામાં આવી હતી. (પીટીઆઇ)■



**ક્રિકેટની મોસમઃ** મુંબઈના પ્રખ્યાત ઓવલ મેદાનમાં રવિવારે ક્રિકેટની મોસમ પુરબહારમાં ખીલી હોવાનું જોવા મળ્યું હતું. સેંકડોની સખ્યામાં યુવાનો ક્રિકેટ રમતા અને વચ્ચે ઊભા રહીને જોતા હોવા મળ્યા હતા. (અમય ખરાડે)

# નવી મુંબઈ કેન્સર હૉસ્પિટલ નજીક ગેરકાયદે ખોદકામ અંગે એનજીટીએ અધિકારીઓને ફટકાર લગાવી

થાણે : નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (એનજીટી) એ નવી મુંબઈમાં ટાટા કેન્સર હૉસ્પિટલ પાછળ ચાલી રહેલા ''ગેરકાયદે'' ખોદકામ પર કડક નજર રાખી છે, અને પર્યાવરણીય પ્રશ્નોનો જવાબ આપવામાં નિષ્ફળ રહેવા બદલ ઉચ્ચ અધિકારીઓને કડક કાર્યવાહીની ચેતવણી આપી છે. જસ્ટિસ દિનેશ કુમાર સિંહ અને નિષ્ણાત સભ્ય ડૉ. સુજીતકુમાર બાજપેયીની બનેલી બેન્ચ,એક કાર્યકર્તા દ્વારા દાખલ કરાયેલી અરજી અને એક સમાચાર અહેવાલ બાદ સ્વતઃ સંજ્ઞાન લઈને સુનાવણી કરી રહી હતી.

ટ્રિબ્યુનલે ૫ ડિસેમ્બરના રોજ આપેલા પોતાના આદેશમાં નોંધ્યું હતું કે તેણે રાયગઢ જિલ્લા કલેક્ટર અને ભૂસ્તરશાસ્ત્ર અને ખાણ નિયામકને તેમના જવાબ સોગંદનામા સાથે રજૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો, પરંતુ તે દાખલ કરવામાં આવ્યો નથી. આરટીઆઈના તારણો મુજબ કેન્સર હૉસ્પિટલની પાછળ ગેરકાયદે ખાણકામની પ્રવૃત્તિ ચાલી રહી હતી, જે આરોગ્ય અને પર્યાવરણ માટે જોખમી છે.

એનજીટી એ ચેતવણી આપી હતી કે જો તેઓ ન્યાયિક નિર્દેશોની અવગણના કરવાનું ચાલુ રાખશે તો ''સંબંધિત અધિકારીઓને વ્યક્તિગત રીતે હાજર રહેવાનો આદેશ આપવાની ફરજ પાડવામાં આવશે.''

હવે મુખ્ય સચિવને ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ આગામી સુનાવણી સુધીમાં કલેક્ટર અને ખાણકામ અધિકારીઓ તેમના જવાબો દાખલ કરે તેની ખાતરી કરવાનું કામ સોંપવામાં આવ્યું છે. (પીટીઆઈ)■

# થાણેમાં બંધુઆ મજૂરીઃ ફેક્ટરીના માલિકો વિરુદ્ધ ગુનો દાખલ

થાણેઃ થાણે જિલ્લામાં મજૂરો પાસે કલાકો સુધી કામ કરાવવા, તેમને વેતન તથા ભોજન ન આપવા અને ઘણા મહિનાઓ સુધી તેમને બંધક બનાવી રાખવા બદલ પોલીસે ફેક્ટરીના બે માલિક વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

અંબરનાથ પોલીસે શુક્રવારે ફેક્ટરીના બંને માલિક વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા સંબંધિત કલમો તથા બોન્ડેડ લેબર સિસ્ટમ (એબોલિશન) એક્ટ, ૧૯૭૬ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. ઉત્તર પ્રદેશના ૪૦ વર્ષના મજૂરે આ પ્રકરણે ફરિયાદ નોંધાવી હતી, જેમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે લાડીનાકા અને ભેંડીપાડા વિસ્તારમાં ફેક્ટરી ધરાવતા નિક્કી ઉર્ફે કૃષ્ણકુમાર અગ્રહારી તથા નીતિન તિવારીએ ફરિયાદી તથા અન્ય ૧૦ મજૂરોને ૧૫થી ૧૬ કલાક સુધી કામ કરવા માટે દબાણ કર્યું હતું. તેમને પૂરતું ભોજન આપવામાં આવતું નહોતું અને તેઓ બીમાર હોવા છતાં તેમની પાસે કામ કરાવવામાં આવતું હતું. મજૂરો જ્યારે પોતાનો પગાર માગતા હતા ત્યારે તેમને ગાળો ભાંડવામાં આવતી હતી. ફરિયાદમાં જણાવવામાં આવ્યું હતું કે આરોપીઓ મજૂરોને ધમકાવતા હતા. (પીટીઆઇ)■

# બોગસ કંપનીઓ શરૂ કરીને ૨૨.૦૬ કરોડની આઇટીસીનો દાવોઃ ચાર સામે ગુનો

થાણેઃ થાણે જિલ્લામાં બોગસ જીએસટી-રજિસ્ટર્ડ કંપનીઓ શરૂ કરીને ૨૨.૦૬ કરોડ રૂપિયાથી વધુની ઇનપુટ ટેક્સ ક્રેડિટ (જીએસટી)નો દાવો કરવા બદલ ચાર જણ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું. સ્ટેટ ગૂડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (એસજીએસટી) વિભાગના અધિકારીએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે કલ્યાણની પોલીસે ડાયનેમિક એન્ટરપ્રાઇઝીસના માલિક નિખિલ ગાયકવાડ સહ નૂરમોહંમદ વસીમ પિંજારી, નવનાથ સુકર્યા ઘરાત, સરફરાઝ તથા અન્યો સામે ગુરુવારે ગુનો દાખલ કર્યો હતો. એપ્રિલથી ઑગસ્ટ, ૨૦૨૫ દરમિયાન આરોપીઓએ સરકારને ખોટી માહિતી સુપરત કરીન કંપની માટે બોગસ દસ્તાવેજો તૈયાર કર્યા હતા તથા જીએસટી ધારા હેઠળ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ પ્રાપ્ત કર્યું હતું, એમ મહાત્મા ફૂલે ચોક પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું. આરોપીઓએ આઠ બોગસ કંપનીઓ સ્થાપી હતી અને ૨૨.૦૬ કરોડની આઇટીસીનો દાવો કર્યો હતો. આરોપીઓ વિરુદ્ધ મહારાષ્ટ્ર ગૂડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ એક્ટ, ૨૦૧૭ની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો. આ પ્રકરણે તપાસ ચાલી રહી હોઇ હજી સુધી કોઇની પણ ધરપકડ કરવામાં આવી નથી, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# વીબી જી-રામ જી બિલ સાથે કેન્દ્ર દ્વારા મનરેગાનો વ્યવહારિક રીતે અંત કરાયોઃ પ્રશાંત ભૂષણ

લાતુર : સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણે રવિવારે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે વિકસિત ભારત ગેરંટી, રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) (વીબી જી-રામ જી) બિલ લાવીને મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમને ''વ્યવહારિક રીતે સમાપ્ત'' કરી દીધો છે.

લાતુરમાં પત્રકારો સાથે વાત કરતા વરિષ્ઠ વકીલે જણાવ્યું હતું કે માત્ર નામ જ બદલાયું નથી, પરંતુ સમગ્ર યોજનામાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે.

મહાત્મા ગાંધીનું નામ દૂર કરવા અને રાજ્યો પર નાણાકીય બોજ નાખવાના વિરોધમાં વિપક્ષના જોરદાર વિરોધ વચ્ચે તાજેતરમાં પૂર્ણ થયેલા શિયાળુ સત્રમાં વિકાસ ભારત માટે ગેરંટીનું રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) બિલ સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યું હતું.

મનરેગા એક અધિકાર-સંચાલિત યોજના હતી. તેમાં દરેક ગ્રામીણ પરિવારને ઓછામાં ઓછા ૧૦૦ દિવસ લઘુતમ વેતન પર કામ કરવાનો અને સરકાર તરફથી પૈસા મેળવવાનો મૂળભૂત અધિકાર હતો, પરંતુ હવે કેન્દ્ર સરકારે તે રદ કરી દીધું છે. સરકારે કહ્યું છે કે તે હવે બજેટ-સંચાલિત હશે, એમ ભૂષણે કહ્યું.

હવે સરકાર કહે છે કે તેઓ નક્કી કરશે કે તેઓ કેટલા ટકા ભંડોળ પૂરું પાડશે અને રાજ્ય કેટલા ટકા ભંડોળ પૂરું પાડશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે અગાઉ પણ સરકારે તેના પર વિવિધ રીતે નિયંત્રણો લાદ્યા હતા. પશ્ચિમ બંગાળની જેમ, કેન્દ્રએ પણ ઘણા વર્ષોથી મનરેગા માટે પૈસા પૂરા પાડ્યા નહોતા. તેમનો ઈરાદો યોજના સમાપ્ત કરવાનો હતો. હવે, કાનૂની અર્થમાં તેનો અંત લાવી દીધો છે, એમ વરિષ્ઠ વકીલે દાવો કર્યો.

તેમણે ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન (ડીપીડીપી) એક્ટ અને ભારતીય ન્યાય સંહિતા હેઠળ રાજદ્રોહની જોગવાઈ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી, અને કહ્યું હતું કે આવા પગલાં દ્વારા ''ઘણી મર્યાદાઓ લાદવામાં આવી રહી છે.

આપણે જોઈ રહ્યા છીએ કે સરકાર વિરુદ્ધ બોલતા લોકોને યુએપીએ, પીએમએલએ અથવા કોઈને કોઈ રીતે ફસાવવામાં આવી રહ્યા છે. કેન્દ્ર સરકાર વાણી સ્વાતંત્ર્યને ખતમ કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કરી રહી છે, પરંતુ તેઓ હજુ સુધી સંપૂર્ણપણે સફળ થયા નથી, એમ તેમણે ભારપૂર્વક જણાવ્યું. (પીટીઆઈ)■

# પુણેમાં અજિત પવાર ફોર્મમાં: ૧૭માંથી ૧૦ નગરાધ્યક્ષ ઉમેદવાર વિજયી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યભરમાં થયેલી નગરપરિષદ અને નગરપંચાયતની ચૂંટણીમાં ભાજપ સૌથી મોટો પક્ષ તરીકે ઊભરી આવ્યો છે. તો બીજી તરફ પુણે જિલ્લામાં માત્ર અજીત પવારનો રાષ્ટ્રવાદી કૉંગ્રેસ મોટો ભાઈ તરીકે ઊભરી આવ્યો છે. અજીત પવારે પોતાના બાળકિલ્લામાં ફરી પોતાની તાકાત બતાવી દીધી છે. ૧૭માંથી કુલ ૧૦ ઠેકાણે અજીત પવારના નગરાધ્યક્ષ પદના ઉમેદવાર ચૂંટાઈ આવ્યા છે. એ સિવાય લાતુર જિલ્લાના ઔસા નગરપરિષદમાં પણ તેમના પક્ષે ભવ્ય વિજય મેળવ્યો હતો.

પુણે જિલ્લામાં ૧૪ નગરપરષિદ અને ત્રણ નગરપંચાયતની ચૂંટણી થઈ હતી, તેમાંથી સાત ઠેકાણે અજીત પવારની રાષ્ટ્રવાદીએ જોરદાર પ્રદર્શન કર્યું હતું. બારામતી, ઈંદાપૂર, ભોર સહિત કુલ ૧૦ નગરપરિષદ અને નગરપંચાયતના નગરાધ્યક્ષ પદ પર વિજય મેળવીને તેઓએ પોતાના મોટા ભાઈ તરીકે સિદ્ધ કર્યા હતા.

લાતુર જિલ્લાના ઔસા નગરપરિષદમાં અજીત પવારની રાષ્ટ્રવાદીએ બાજી મારી હતી. ઔસા નગરપરિષદમાં ૨૩માંથી ૧૭ જગ્યાએ વિજય મેળવ્યો હતો. નગરાધ્યક્ષ પદ પણ તેમના પક્ષને મળ્યું હતું. આ ઠેકાણે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નજીકના મનાતા અભિમન્યુ પવારને મોટો ફટકો પડયો છે. અભિમન્યુ ફડણવીસના અંગત મદદનીશ હતા. ૨૦૧૯માં પહેલી વખત ફડણવીસે તેમને ઔસા વિધાનસભાની ચૂંટણીમાં ટિકિટ આપી હતી અને પહેલી વખત તેઓ અહીં ભાજપનો ઝંડો ફરકાવવામાં સફળ રહ્યા હતા પણ નગરપરિષદ અને પંચાયતની ચૂંટણીમાં તેઓ પોતાની ભરપૂર તાકાત લગાવ્યા બાદ પણ પક્ષને જીતાડી શકયા નહોતા. ■

# પ્રધાનપદ ગયું અને વિધાનસભ્ય પદ પણ જોખમમાં છતાં કોકાટે ગેમ કરી ગયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નાશિક જિલ્લાના સિન્નરમાં અજિત પવારના રાષ્ટ્રવાદી કૉંગ્રેસના નગરાધ્યક્ષ પદના ઉમેદવાર વિઠ્ઠલ ઉગલેએ બાજી મારી છે. ઉગલેના પ્રચારમાં રાષ્ટ્રવાદી કૉંગ્રેસના નેતા માણિકરાવ કોકાટે ઉતર્યા હતા. કોકાટેનું મંત્રીપદ જતું રહ્યું છે અને ગમે ત્યારે વિધાનસભ્ય પદ પણ જતું રહેવાનું છે. તેમને કારણે રાષ્ટ્રવાદી કૉંગ્રેસને નામોશીનો સામનો કરવો પડયો છે, છતાં કોકાટેને કારણે સિન્નરમાં રાષ્ટ્રવાદી કૉંગ્રેસને નગરાધ્યક્ષપદ મળ્યું છે.

સિન્નર નગરપાલિકામાં ભાજપ, રાષ્ટ્રવાદી, શિવસેના અને યુબીટી એમ ચાર પક્ષો વચ્ચે જોરદાર લડત હતી, જેમાં મુખ્યત્વે ઉદ્ધવની સેના અને રાષ્ટ્રવાદીના ઉમેદવારો વચ્ચે જ મહત્ત્વની હતી. ભાજપ અને શિવસેનાના પણ ઉમેદવાર ચૂંટણીમાં હતા.

ભાજપે તો બીજા પક્ષોમાં કાર્યકર્તાઓને ફોડવાનું કામ પણ કર્યું હતું છતાં કોકાટાએ જોરદાર પ્રચાર કરીને અને વ્યૂહરચનાને અમલમાં રાખીને વિઠ્ઠલ ઉગલે સાથે મોટા પ્રમાણમાં પ્રચાર કર્યો હતો. ભાજપના તમામ દાવપેચ વચ્ચે પણ કોકાટેએ રાષ્ટ્રવાદી કૉંગ્રેસને જીતાડી દીધી હતી. ■

# શિવસેનાનો ગઢ ભાજપે છિનવી લીધો: અંબરનાથ, બદલાપુર નગરપાલિકા જીતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકા સહિતની ૨૯ મહાનગરપાલિકાની આગામી ૧૫ જાન્યુઆરીના ચૂંટણી યોજાઈ રહી છે એ પહેલા ભાજપ સહિતના તમામ પક્ષો માટે ટ્રાયલ રહેલી રાજ્યની નગરપાલિકા અને નગરપરિષદની ચૂંટણીના રવિવારે જાહેર થયેલા રિઝલ્ટમાં ભાજપે મેદાન મારી લીધું છે. જોકે સૌથી મોટો ફટકો શિંદે સેનાને પડયો છે. શિવસેનાના ગઢ કહેવાતા અંબરનાથ અને બદલાપુરમાં ભાજપે ભવ્ય વિજય મેળવ્યો છે, તેને કારણે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના પુત્ર અને સ્થાનિક સાંસદ શ્રીકાંત શિંદેને મોટો ફટકો પડયો હોવાનું માનવામાં આવે છે.

છેલ્લા અનેક દિવસથી આખા રાજ્યની નજર નગરપરિષદ અને નગરપંચાયતની ચૂંટણીના રિઝલ્ટ પર હતી. ભાજપે તમામ જગ્યાએ બાજી મારી લીધી છે પણ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના પુત્ર શ્રીકાંત શિંદેનો વિસ્તાર ગણાતા અને શિવસેનાનો વર્ષોથી ગઢ રહેલા બદલાપુર અને અંબરનાથમાં ભાજપે શિંદે શિવસેનાને હરાવી છે, તે શ્રીકાંત શિંદે માટે મોટો ફટકો માનવામાં આવે છે.

એકનાથ શિંદેએ આખા રાજ્યમાં ફરીને પ્રચાર કર્યો હતો. તેથી થાણેને અડીને આવેલા અંબરનાથ અને બદલાપુર નગરપરિષદની ચૂંટણીની જવાબદારી શ્રીકાંત શિંદે પાસે હતી. આ બંને નગરપરિષદ શ્રીકાંત શિંદેની કલ્યાણ લોકસભા મતદારસંઘમાં આવે છે. તેથી આ બંને જગ્યાએ શ્રીકાંતની પ્રતિષ્ઠા દાવમાં લાગી હતી પણ તેમના નેતૃત્વમાં શિવસેનાને હારનો સામનો કરવો પડયો હતો.

છેલ્લા ૨૫ વર્ષથી નગરપરિષદમાં શિવસેનાની સત્તા હતી. અંબરનાથ શિવસેનાનો બાળકિલ્લો ગણાય છે પણ તેમાં ભાજપે સુરંગ લગાવી દીધી છે. ■

# ‘આ કર્મના ફળ છે’ કારમી હાર બાદ શિંદેના ધારાસભ્યનો ઠાકરે જૂથને ટોણો

મુંબઈ: શિવસેનાના સાડા ત્રણ વર્ષના કાર્યનું આ ફળ છે. કાર્યકરો માટે તેઓ દરેક જગ્યાએ જઈ રહ્યા હતા. અમે બધી યોજનાઓને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે કામ કર્યું. અમે ક્યારેય નંબર વન હોવાનો દાવો કર્યો ન હતો. હું શરૂઆતથી જ કહેતો હતો કે અમે મહારાષ્ટ્રમાં બીજા નંબર પર રહીશું. જો આપણે સ્ટ્રાઈક રેટ જોઈએ તો, અમારો સ્ટ્રાઈક રેટ શ્રેષ્ઠ છે. આખી મહાવિકાસ આઘાડી મળીને જેટલી બેઠકો નથી આવી, તેનાથી આગળ એકનાથ શિંદે સાહેબ રહ્યા છે,‘‘ આવી પ્રતિક્રિયા પાલક પ્રધાન સંજય શિરસાટે આપી હતી.’’ હવે આ માધ્યમથી ગામડે ગામડે વિકાસ સુનિશ્ચિત કરવામાં આવશે, અને અમને મ્યુનિસિપલ કોર્પોરેશન અને જિલ્લા પરિષદની ચૂંટણીમાં ચોક્કસપણે તેનો લાભ મળશે, તેમણે કહ્યું હતું.

‘‘મોટા ભાઈની બેઠકો વધારે હતી, એટલે તેમની સંખ્યા પણ વધારે જ આવવાની અને એ અમે નકાર્યું નથી. અચાનક આટલી બધી ચૂંટણીઓ લડવી અને મેનેજમેન્ટ કરવું, આ બધું કરવામાં કદાચ અમારાથી કંઈક રહી ગયું હશે.’’ જો આપણે આ ચૂંટણી આયોજનપૂર્વક લડી હોત, તો આપણે ચોક્કસપણે વધુ સફળતા મેળવી શક્યા હોત, સંજય શિરસાટે ઉમેર્યુ હતું.

‘‘આ કર્મનું ફળ છે, યુબીટીના કોઈ પણ વ્યક્તિએ મહારાષ્ટ્રમાં ક્યારેય સભા કરી નથી. તેમણે કાર્યકરોને પોતાની તાકાત પર લડવાનો પડકાર ફેંક્યો, જેના કારણે કાર્યકરો થાકી ગયા હતા. તેમને કોઈ મદદ મળી નહીં કે કોઈએ તેમના પ્રચારમાં ભાગ લીધો નહીં. હવે એક સમાચાર બહાર આવ્યા છે કે એક વ્યક્તિ યુબીટીમાંથી ચૂંટણી લડી, બીજી પાર્ટીમાં ગયો. તેથી જ ઠાકરે જૂથના બધા લોકો થાકી ગયા છે અને ઠાકરે જૂથ સંપૂર્ણપણે તૂટી પડવાનું છે.’’ સંજય શિરસાટે દાવો કર્યો હતો.

‘‘લોકશાહીમાં જો જીત થાય છે, તો એવો આરોપ લગાવવામાં આવે છે કે તે પૈસા, ઇવીએમ ને કારણે થઈ છે. પરંતુ જીત તો જીત છે. આવા કારણો આપીને, તમારી હાર જીતમાં પરિવર્તિત થશે નહીં,’’ સંજય શિરસાટે કહ્યું હતું. ■

# લોકો એનડીએ સાથે છે, એમવીએને નકારી કાઢી: બાવનકુળે

નાગપુર : મહારાષ્ટ્રના પ્રધાન અને ભાજપના નેતા ચંદ્રશેખર બાવનકુળેએ દાવો કર્યો હતો કે સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીમાં મહાયુતિએ ‘‘સારી લીડ’’ મેળવી છે, જ્યારે વિપક્ષી મહા વિકાસ આઘાડીને નકારી કાઢવામાં આવી છે.

નાગપુર એરપોર્ટ પર પત્રકારો સાથે વાત કરતા બાવનકુળેએ કહ્યું કે મહારાષ્ટ્રમાં મહાયુતિએ સંપૂર્ણ તાકાતથી ખૂબ સારી આગેવાની લીધી છે અને લોકોએ કોંગ્રેસ, શિવસેના (યુબીટી) અને એનસીપી (એસપી)ને નકારી કાઢ્યા છે. આજે ઉજવણીનો દિવસ છે. મેં અગાઉ કહ્યું હતું કે ફક્ત વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળની સરકારો જ મહારાષ્ટ્રનો વિકાસ કરી શકે છે. તેમણે વધુમાં દાવો કર્યો કે નાગપુર જિલ્લાની ૨૭ બેઠકોમાંથી ૨૨ બેઠકો પર ભાજપ આગળ છે. બાવનકુળેએ એમ પણ કહ્યું કે ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી) ને આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે. (પીટીઆઈ) ■

## હિન્દુ મરણ

**લોહાણા**

સાવરકુંડલા નિવાસી હાલ કલ્યાણ, સ્વ.રવીન્દ્રકુમાર મોહનલાલ સૂચક દિનુભાઈ (ઉં.વ.૭૬) ગુરૂવાર ૧૮/૧૨/૨૫ના શ્રીજી ચરણ પામેલ છે. તે સ્વ.લક્ષ્મીબેન મોહનલાલ સૂચકના સુપુત્ર. તે શીલુબેનના પતિ. તે શિલ્પા, ચેતન(વિકી), વિશાલના પિતાશ્રી. તે હેતલના સસરા. તે નિકી, સમાયરા, રોનીતના દાદા. તેમની પ્રાર્થનાસભા સોમવાર તા.૨૨/૧૨/૨૫ના સાંજે ૪ થી ૬ના સમયે માતુશ્રી શ્યામભાઈ લોહાણા મહાજનવાડી, સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ, કલ્યાણ (પ).

**લુહાર સુતાર**

મૂળગામ દેલવાળા હાલ મીરારોડ સ્વ. લક્ષ્મીબેન રામજીભાઈ કવાના પુત્ર છોટુભાઈ કવા (ઉં.વ.૭૩) તે તા ૧૯/૧૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે દીપાબેનના પતિ. સ્વ. કમળાબેનના દિયર. સ્વ. વજુભાઇ, જયાબેન, કલાબેન, કંચનબેનના ભાઈ. તે સાસરાપક્ષે ઉનાવાળા ગં.સ્વ લાભુબેન સવજીભાઈ મકવાણાના જમાઈ. તેમની પ્રાર્થનાસભા ૨૨/૧૨/૨૫ ના ૫ થી ૭ કલાકે લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર , કાર્ટર રોડ ૩, અંબા માતા મંદિર પાસે બોરીવલી ઈસ્ટ.

**ભાવનગરી ક્ષત્રિય**

પાલીતાણા નિવાસી હાલ બોરીવલી સ્વ. મગનભાઈ બાબુભાઇ મકવાણાના ધર્મપત્ની ગં.સ્વ મુક્તાબેન મકવાણા (ઉં.વ.૭૭) ૧૯/૧૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. વિજયભાઈ, હસમુખભાઈ, વ્યોમેશભાઈ,કલ્પનાબેનના માતુશ્રી. રેખાબેન, વર્ષાબેન, રશ્મિબેનના સાસુ. પિયરપક્ષે સાંખડાસરવાળા સ્વ. લાડુબેન મુળજીભાઈ ચૌહાણના દીકરી. પ્રાર્થનાસભા ૨૨/૧૨/૨૫ના ૪ થી ૬ કલાકે સર્વોદય હોલ બીજે માળે ડાયમંડ ટોકીઝ ની સામે એલ ટી રોડ બોરીવલી વેસ્ટ.

**મચ્છુકાંઠા સઇ સુતાર જ્ઞાતિ**

સ્વ. રતિલાલ કુરજીભાઈ વાઘેલા (ગામ - મજેવડી, હાલ કાંદિવલી ) ૧૯-૧૨-૨૫ શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. તેઓ શાંતિભાઈ, જમનાદાસ, ગૌરીબેન રતિલાલ સોલંકીના ભાઈ. તથા જયશ્રીબેનના પતિ. ગાંડાલાલ ડાયાલાલના જમાઈ. ઉમેશભાઈ, મહેશભાઈ, રાકેશભાઈના પિતાશ્રી. વૈશાલી મહેશ વાઘેલા અને નેહા રાકેશ વાઘેલાના સસરા. બેસણું તારીખ ૨૨-૧૨-૨૫ સોમવારના સમય સાંજે ૪ થી ૬. સ્થળ હરિ નામ મંદિર ટ્રસ્ટ, ૨૯૬ શાંતિલાલ મોદી રોડ, ઈરાની વાડી કાંદિવલી (વેસ્ટ) એશિયન બેકરીની બાજુમાં મુંબઈ.

**દેસાઈ સઈ સુતાર જ્ઞાતિ**

ભાવનગર નિવાસી હાલ ભાયખલા સ્વ. નારાયણભાઈ સુખાભાઈ ગોહિલના પુત્ર સ્વ. દિનેશભાઈ ગોહિલ (ઉં.વ.૭૨) તા. ૨૦/૧૨/૨૫ શનિવારના રામચરણ પામેલ છે. તે શારદાબેનના પતિ. તે પ્રવિણભાઇ નારાયણભાઈ ગોહિલ, મંદાબેન ઉમેશલાલ સોલંકી, સ્વ. મીનાબેન મહેશભાઈ વાઘેલાના ભાઈ. તે પ્રફુલભાઈ ગોહિલ, રેણુકાબેન ગિરીશભાઈ સોલંકીના પિતા. તે ગિરીશભાઈ રતિભાઈ, કોમલબેનના સસરા. પ્રાર્થનાસભા તા ૨૨/૧૨/૨૫ સોમવારના સમય ૪ થી ૬. સ્થળ : શ્રી દેસાઈ સઈ સુતાર જ્ઞાતિની વાડી ( સમાજ ભવન ), અશોક ચક્રવર્તી રોડ નં ૪, અશોક નગર, સ્વયંભુ ગણેશ મંદિરની સામે કાંદિવલી પૂર્વ. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી બ્રહ્મક્ષત્રિય**

ગામ મોટા અંગીયાના હાલ ડોમ્બિવલી હીરાલાલ ધાંધા (ઉં. વ. ૭૨) તે જયબાળાબેનના પતિ તા. ૨૦-૧૨-૨૫ શનિવારના ડોમ્બિવલી મુકામે રામશરણ પામેલ છે. તે સ્વ. લક્ષ્મીબેન ત્રિકમદાસ ઉમરશી ધાંધાના પુત્ર. ગં. સ્વ. કમળાબેન ગંગારામ રાજાવાઢા, લતાબેન ઇશ્વરલાલ વીંછી, રેખાબેન કમલેશ છાટબારના ભાઇ. રૂચીકા અને કરણના પિતાશ્રી. સ્વ. લીલાધર દામોદર મામતોરાના જમાઇ. જયંત મોહનલાલ મચ્છરના સસરા. પ્રાર્થનાસભા તા. ૨૨-૧૨-૨૫ના સોમવારે સાંજે ૪થી ૫. ઠે. પાંજીવાડી, કાંજુર વીલેજ રોડ, કાંજુરમાર્ગ (પૂર્વ), લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રીમાળી સોની**

જામનગર નિવાસી સ્વ. ગીરધરલાલ મગનલાલ પારેખના સુપુત્ર પ્રફુલચંદ્ર પારેખ (ઉં. વ. ૭૧) હાલ ડોમ્બિવલી તા. ૨૦-૧૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે હરકિશન હેમચંદ કડેચાના જમાઇ. હર્ષાબેનના પતિ. દેવાંગ અને કૃપાના પિતા. મેહુલકુમાર મોહનલાલ બારોટના સસરા. તે જય પ્રકાશભાઇ, કિરીટભાઇ, અનિલભાઇ તથા જયોત્સનાબેન, ભારતીબેન, હર્ષિદાબેન, કલ્પનાબેનના ભાઇ. પ્રાર્થનાસભા તા.૨૨-૧૨-૨૫ને સોમવારે સાંજે ૪થી ૬. ઠે.ભાનુશાળી સભાગૃહ, હનુમાન કો. ઓ. સોસાયટી પ્લોટ નં.૧૬ પંડિત શ્યામજી કૃષ્ણાવર્મા ભાનુસાલી રોડ, નાંદિવલી રોડ, ડોમ્બિવલી (પૂર્વ).

**કપોળ**

ચિતલવાળા હાલ વિરાર અશોકભાઇ રતિલાલ ભુવાના ધર્મપત્ની મમતા (ઉં. વ. ૫૭) તા. ૨૦-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સ્વ. બાલકૃષ્ણબાઇના નાનાભાઇના પત્ની તથા દક્ષાબેનના દેરાણી. ગં. સ્વ. પુષ્પાબેન કિશોરકુમાર સંઘવી અને ગં. સ્વ. રેખાબેન સંજયકુમાર મહેતાના ભાભી. સુજીત, અંકિતા, મિતલના કાકી. પિયરપક્ષે લાઠીવાળા સ્વ. રજનીકાંત પ્રાણજીવનદાસ વળીયા અને ગં. સ્વ. પન્નાબેન રજનીકાંતના પુત્રી. પારસ, સોનલ, કેતનાના બેન, મીરાબહેનના નણંદ. લૌકિક પ્રથા બંધ છે.

**પરજિયા સોની**

ભાદરવાવાળા (હાલ દહીસર) રસિકલાલ ભીમજીભાઇ ધાણક તથા નર્મદાબેન રસિકલાલ ધાણકના પુત્ર ભરતભાઇ રસિકલાલ ધાણક (ઉં.વ.૬૨) તે હિનાના પતિ. અમીના પિતા. સ્વ. રાજેશભાઇ, ભૂપેન્દ્રભાઇ, મહેશભાઇ, શૈલેષભાઇ, ભાવિકા હરેશકુમાર થડેશ્વરના ભાઇ. તે દાઠાવાળા સ્વ. વ્રજલાલ પ્રભુદાસ સુરુ તથા નલીનીબેન વ્રજલાલ સુરુના જમાઇ તા. ૧૯-૧૨-૨૫, શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**કોડિનાર મોઢ વણિક**

મૂળ વતની કોડિનાર અને હાલ વડોદરા નિવાસી ગં. સ્વ. ચંદ્રિકા વિનોદચંદ્ર શાહ (ઉં. વ. ૭૭) તે જામનગરના સ્વ. લાલજી પોપટલાલ શેઠ તથા સ્વ. લક્ષ્મીબેનના દીકરી. સ્વ. વિનોદચંદ્ર કુમંદાસ શાહના ધર્મપત્ની. હેતલ અલ્પેશકુમાર મુછાળા, કિંજલના માતુશ્રી. અલ્પેશ મનસુખલાલ મુછાળા, જેનિફર કિંજલ શાહના સાસુ. સ્વ. ચંદુબેન વિનોદલાલ શાહ, ઈંદિરા દિલીપ દામાણી, નીલમ હિતેશ દામાણી, રેખા બિપિન શાહ, મુકુંદભાઈ, ચેતનાબેનના મોટા ભાભી. તા. ૨૦-૧૨-૨૫ના રોજ વૈકુંઠ લોકે સિધાવ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**અનાવિલ બ્રાહ્મણ**

મોરાભાગડા હાલ મલાડના રક્ષા દિલીપ દેસાઇ (ઉં. વ. ૭૧) તા. ૧૮-૧૨-૨૫ના અવસાન પામેલ છે. તે દિલીપ રણછોડજી દેસાઇના પત્ની. અ. સૌ. નિતલ જીજ્ઞેશભાઇ દેસાઇ તથા અ. સૌ. વિનલ ગૌરાંગભાઇ દેસાઇના માતા. કુ. ટિયા, આર્યા તથા ત્રિશાના નાની. કલ્પેશભાઇના કાકી. અ.સૌ. ઇલાબેન અરુણભાઇ નાયક તથા પ્રકાશભાઇ ઘેલાભાઇ વસીના બહેન. સર્વ લૌકિક રિવાજ તથા સાદડી પ્રથા નથી.

## પારસી મરણ

ડોલી મીનુ પટેલ તે મરહુમ મીનુ પીરોજશા પટેલના વિધવા. તે મરહુમો ધનમાય તથા એદલજી ગણદેવીયાના દીકરી. તે રોહીન્ટન પટેલ ને નરગીશ મિસ્ત્રીના માતાજી. તે રોહીન્ટન મિસ્ત્રી ને રેખા પટેલના સાસુ. તે મરહુમો નરગીશ, હોમી, રૂસી, હોમાય, માનેક ને ઝરીનના બહેન. તે દાનેશ મિસ્ત્રીના મમયજી. (ઉં. વ. ૮૯) રે. ઠે. ૧૮૯. હીરાબાઇ પેટીટ બિલ્ડિંગ, બીજો માળ, રૂમ. નં. ૪૯, ગ્રાન્ટ રોડ, સ્ટેશનની સામે, ગ્રાન્ટ રોડ (ઇસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૦૭. ઉઠમણાંની ક્રિયા તા. ૨૨-૧૨-૨૫ના રોજ ૩.૪૫ કલાકે બેનેટ બંગલી નં-૬, ડુંગરવાડી, મુંબઇ.

## જૈન મરણ

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ લાકડીયાના હાલે ગોરેગામના સ્વ. કામલબેન ગેલા નરપાર ગાલાના પૌત્રવધુ. ગં.સ્વ. કેસરબેન રામજી ગેલા ગાલાના પુત્રવધુ. સ્વ. મણીલાલ રામજી ગાલાની ધર્મપત્ની ચેતનાબેન, (ઉં.વ.૪૯), શનિવાર, તા. ૨૦.૧૨.૨૫ના અવસાન પામેલ છે. જય, વિનિતના માતુશ્રી. લખમશી, હેમલતા, મંજુલા, ભાવનાના ભાભી. ગં.સ્વ. માતુશ્રી દિવાળીબેન નાનજી માડણ શાહની દિકરી. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૨૨.૧૨.૨૫, સમય : સવારે ૧૦.૩૦ થી ૧૧.૪૫. સ્થળ : શ્રી કરસન લધુભાઈ નીસર હોલ, દાદર (વેસ્ટ).

**ઝાલાવાડી વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન.**

ધ્રાંગધ્રા નિવાસી હાલ વાશી સરોજબેન ચંદુલાલ સંઘવીના સુપુત્ર નયનભાઈ (ઉં.વ.૭૦). ૨૦.૧૨.૨૫ના અરીહંત શરણ પામેલ છે. તે સુધા બેનના પતિ. નિશિત-કિંજલ/ આશિષ-પૂજાના પિતાશ્રી. નટવરલાલ કપુરચંદ (નાથાભવનવાળા )ના જમાઈ. પ્રદીપ/રીટા તથા ચેતન/સંગીતાના મોટાભાઇ. પ્રાર્થના સભા તા. ૨૨.૧૨.૨૫. ૪ થી ૬. સ્થળ: ગુજરાત ભવન પ્લોટ નંબર ૬૧, સેક્ટર ૧૫, વાશી, નવી મુંબઈ, મહારાષ્ટ્ર ૪૦૦૭૦૩.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભુજપુરના પ્રભાબેન (જવેર) પ્રેમજી દેઢિયા (ઉં.વ. ૮૨) ૧૯/૧૨/૨૫ના અવસાન પામેલ છે. પાનબાઈ દેવજીના પુત્રવધુ. સ્વ.પ્રેમજીના પત્ની. ભાવના, બીના, વીણા, હિતેશ, વિમલ, નિતુન, મયુરીના માતુશ્રી. પત્રીના ખેતબાઈ/ પાનબાઈ નેણશી આણંદજીના પુત્રી. મેઘજી, સમાઘોઘાના મોઘીબાઈ કરમશી, ભુજપુરના ગંગાબાઈ દામજી, ટોડાના ધનબાઈ જેઠાલાલ, છસરાના નાનબાઈ પોપટલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. નીતુન દેઢિયા, એ/૫, તાપઈ કો.હા.સો., ઘનશ્યામ ગુપ્તે રોડ, આનંદ બજારની સામે, જયહિંદ કોલોની, ડોંબિવલી (વેસ્ટ).

બેરાજાના કેશવજી નાનજી સૈયા (ઉં.વ.૮૬) ૧૯-૧૨-૨૫ના દેહ પરીવર્તન કરેલ છે. કુંવરબાઇ નાનજીના પુત્ર. ચંદ્રીકાના પતિ. નીતા, રીટા ભાવનાના પિતા. રામાણીયા લક્ષ્મીબેન કારૂભાઇ, લુણી મણીબેન વેલજીના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. રીટા દેઢીયા, ૨૦૧, નવનીત ભવન, આણંદજી કલ્યાણજી જૈન નગર, બહેરામપુરા, અમદાવાદ-૩૮૦૦૨૨.

દેઢીયાના શાંતીલાલ (મંગલ) ભોજરાજ પાસડ (ઉં.વ. ૯૧) ૧૯-૧૨-૨૫ના અવસાન પામેલ છે. રતનબાઇ/જયાબાઇ ભોજરાજ ચાંપશીના પુત્ર. વિજયાબેનના પતિ. હીરેન, કુસુમના પિતા. ગામ ડુમરાના ભારતી વસનજી કારાણીના ભાઇ. ડુમરાના મેઘજી શામતના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. વિજયાબેન પાસડ, ૧૧, સંદીપ બીલ્ડીંગ, તિલક રોડ, ઘાટકોપર (ઇસ્ટ).

**શ્રી ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ મુલુંડ સ્વ. ધનવંતભાઇ છોટાલાલ શાહ તથા સ્વ. વનીતાબેનના સુપુત્રી ચેતના (ઉં. વ. ૫૬) તા. ૧૯-૧૨-૨૫ના ને શુક્રવારે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. છોટાલાલ કિલાચંદ શાહ અને સ્વ. લીલાવતીબેન છોટાલાલ શાહના પૌત્રી. જિનેશભાઇના બેન તથા ઉષાબેન ભરતકુમાર શાહના ભત્રીજી. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**દશા શ્રીમાળી સ્થાનક જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. રમણીકલાલ વનમાળીદાસ દોશીના ધર્મપત્ની મધુકાંતાબેન (ઉં. વ. ૮૪) તે વિજયભાઇ, ભાવનાબેન, હિનાબેન, ધરાબેનના માતુશ્રી. તે ફાલ્ગુનીબેન, જિજ્ઞેશભાઇ શેઠ, અશોકભાઇ મહેતા, વિપુલભાઇ વોરાના સાસુ. એકતા સમીર બાંગર તથા ચિંતનના દાદી. તે ધવલ, નિકેત, નીમિત અંજલી, ધરમના નાની. તા. ૧૯-૧૨-૨૫ના શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

છેલ્લા પાનાનું ચાલુ

## સ્ટ્રાઈક રેટ

છે. વિકાસલક્ષી યોજનાને મુદ્દે પક્ષએ ચૂંટણી લડી હતી અને સકારાત્મક ડેવલપમેન્ટ એજેન્ડાને મુદ્દે ઝુંબેશ હાથ ધરી હતી અને પ્રચાર દરમ્યાન કોઈ પણ પાર્ટીના નેતાઓની કે પક્ષની તેઓએ ટીકા કરી ન હોવાનો દાવો પણ ફડણવીસે કર્યો હતો. ડેવલપમેન્ટના મુદ્દે અને ભવિષ્યની શું યોજના છે તે મુદ્દે નાગરિકો પાસેથી મત માગ્યા હતા અને નાગરિકોએ મોટી સંખ્યામાં મતદાન કરતા ભાજપ ફરી એક વખત ચૂંટણીમાં સિંગલ લાર્જેસ્ટ પાર્ટી તરીકે ઊભરી આવ્યો હોવાનો દાવો પણ ફડણવીસે કર્યો હતો.

બે તબક્કામાં થયેલી ૨૮૬ નગરપંચાયત અને નગરપરિષદની ચૂંટણીમાં રવિવારે સવારના ૧૦ વાગે મતગણતરી ચાલુ થઈ હતી, જેમાં ભાજપ સૌથી મોટો પક્ષ તરીકે ઊભરી આવ્યો છે.

ભાજપની ચિન્હ પર ચૂંટણી લડેલા કુલ ઉમેદવારમાંથી ૪૮ ટકા ઉમેદવાર જીતી ગયા છે. પાલિકાના અધ્યક્ષ પદે ભાજપા ૧૨૯ ઉમેદવારો ચૂંટાયા છે. ૭૯ ટકા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મહાયુતિના ઉમેદવારો અધ્યક્ષ તરીકે ચૂંટાયા હોવાનો દાવો પણ મુખ્યપ્રધાને કર્યો હતો. ભાજપના રાષ્ટ્રીય નેતૃત્વમાં તેમનામાં રાખેલો વિશ્વાસ અને રાજ્યની યુનિટ પર રાખેલા વિશ્વાસને કારણે ભવ્ય વિજય થયો હોવાનો દાવો પણ ફડણવીસે કર્યો હતો. ■

## મહાયુતિ માટે

નકારી કાઢશે, તેમણે ઉમેર્યું હતું.

મુંબઈ ચૂંટણી પર બોલતા, ચવ્હાણે કહ્યું કે વિશ્વના સૌથી વધુ ગીચ રેલવે નેટવર્કમાંથી એક એવા ઉપનગરીય રેલવેના ભાડામાં એક પૈસાનો પણ વધારો કર્યા વિના હાલની બધી લોકલ ટ્રેનોને એસી ટ્રેનોથી બદલવાનો નિર્ણય મુખ્ય પ્રધાન ફડણવીસે લીધો છે.રાજ્યનો વ્યાપક પ્રવાસ કરવા, રેલીઓ યોજવા અને ઓનલાઈન મીટિંગો દ્વારા પાર્ટીના કાર્યકરો સાથે વાતચીત કરવા બદલ તેમણે ફડણવીસની પ્રશંસા કરી હતી. પરિણામ રાજ્યની દિશાનો સ્પષ્ટ સંકેત છે. આ પ્રગતિ અને વિકાસ માટે એક મજબૂત જનાદેશ છે. ભાજપ અને તેના સાથી પક્ષો મતદારોની ઉચ્ચ અપેક્ષાઓ પૂર્ણ કરશે, તેમણે ઉમેર્યું.

ભાજપ નેતા અને સિંધુદુર્ગના પાલક પ્રધાન નિતેશ રાણેએ આ દરમિયાન સમાધાનકારી ટિપ્પણી કરતા ભાર મૂક્યો કે ચૂંટણીઓ પૂરી થઈ ગઈ છે. હવે કોઈ પણ બાબતનું રાજકારણ કરવાની જરૂર નથી. વિકાસ પર ધ્યાન કેન્દ્રિત રહેશે. માલવણ, કણકવલી, સાવંતવાડી અને વેંગુર્લામાં વિજેતાઓને અભિનંદન આપતા તેમણે કહ્યું કે પાલક પ્રધાન તરીકે હું કોઈપણ પક્ષપાત વિના સહુને સમર્થન આપીશ અને સહુની માગણીઓ અને અપેક્ષાઓ પૂર્ણ કરવાની ખાતરી આપું છું. તેમણે ભાજપના કાર્યકરોની અથાગ મહેનતની પ્રશંસા કરી હતી, અને કહ્યું કે લોકશાહીમાં, આવા પ્રયાસોનું સન્માન કરવું જોઈએ.

ચૂંટણીમાં રૂપિયા વહેંચવાના આરોપોનો પણ નિતેશ રાણેએ જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું, કે જો પૈસાનો ઉપયોગ થયો હોત, તો માલવણમાં મારી પેનલના બધા ઉમેદવારો જીતી ગયા હોત. લોકો સમજદાર છે અને આપણે તેમની પસંદગી પર વિશ્વાસ કરવો જોઈએ. અમે કેમ હાર્યા તેનો હું અભ્યાસ કરીશ. તેમણે તેમના મોટા ભાઈ નીલેશ રાણેના પ્રચારના પ્રભાવનો પણ સ્વીકાર કર્યો. (પીટીઆઈ) ■

## ઠાકરેએ ૨૭ વર્ષમાં

હતા અને તેઓ ઠાકરેને છોડીને શિંદે સેનામાં જોડાયા હતા.

શિવસેનાની જેમ જ અહીંની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પણ બે જૂથોમાં વહેંચાઈ ગઈ હતી. પ્રેરણા બલકવડેએ અજિત પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસનો પક્ષ પસંદ કર્યો હતો. આ મતવિસ્તાર અનામત હોવાને કારણે, ઈચ્છા હોવા છતાં પ્રેરણા બલકવડે વિધાનસભાની ચૂંટણી લડી શક્યા નહીં. તેથી, બલકવડેએ નગર પંચાયતની ચૂંટણીમાં પોતાની પૂરી તાકાત લગાવી દીધી હતી. કરંજકર વિરુદ્ધ બલકવડે મુકાબલામાં બલકવડે જીત્યા હતા. અજિત પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના બલકવડેને ૫૪૦૭ મત મળ્યા, જ્યારે અનિતા કરંજકરને ,૩,૪૯૪ મત મળ્યા. છેલ્લા ૨૭ વર્ષથી ભગુર નગર પરિષદમાં શિવસેના સત્તામાં છે. ત્યારે શિવસેના એક હતી, પરંતુ હવે ભગુરના લોકોએ શિંદેના નેતૃત્વમાં શિવસેનાને નકારી કાઢી હતી. ■

## પાલઘર-દહાણુમાં

પ્રમુખપદ મેળવ્યું હતું.

પાલઘર મ્યુનિસિપલ કાઉન્સિલમાં ભાજપના કૈલાશ મ્હાત્રેને હરાવી શિવસેનાના ઉમેદવાર ઉત્તમ ઘરાટ પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. દહાણુ મ્યુનિસિપલ કાઉન્સિલમાં, શિવસેનાના રાજુ માછીએ ટોચનું પદ મેળવ્યું, જ્યારે તેમના હરીફ ભાજપના ભરત રાજપૂતનો પરાજય થયો હતો.

જવાર મ્યુનિસિપલ કાઉન્સિલમાં ભાજપના પૂજા ઉદાવંત પ્રમુખ તરીકે ચૂંટાયા હતા અને તેમણે એનસીપી (એસપી) ના રશ્મીન રિયાઝ મણિયારને હરાવ્યા હતા.

વાડા નગર પંચાયતમાં, ભાજપનાં રીમા ગાંધેએ શિવસેનાના હેમાંગી પાટીલને હરાવીને પ્રમુખપદ જીત્યું હતું. ■

## નાંદેડમાં એક જ

રીના અમોલ વ્યવહારે, આ તમામ લોકોને ઉમેદવારી આપવામાં આવી હતી. જોકે, જનતાએ આ તમામને નકારી દીધા હતા અને વંશવાદ માટે કોઈ સ્થાન નથી તેવું લોકોએ બતાવી દીધું હતું. બીજી તરફ નગરપાલિકા પ્રમુખપદ માટે શરદ પવારની એનસીપીએ વિજય મેળવ્યો છે.

લોહા રાષ્ટ્રવાદી અજિત પવાર જૂથના ધારાસભ્ય પ્રતાપ પાટીલ ચિખલીકરનો મજબૂત ગઢ માનવામાં આવે છે. અત્યાર સુધીની ચૂંટણીઓમાં પ્રતાપ પાટીલ ચિખલીકરનું વર્ચસ્વ રહ્યું છે. લોહા નગર પરિષદમાં કુલ દસ વોર્ડ છે અને ૨૦ નગરસેવકો માટે આ ચૂંટણી યોજાય છે. ■

## નંદુરબારમાં ભાજપનો

ચર્ચામાં રહી હતી. અહીં છેલ્લાં ૨૦ વર્ષથી શિંદેની શિવસેનાના વિધાનસભ્ય ચંદ્રકાંત રઘુવંશીની એકહથ્થુ શાસન ચાલી રહ્યું છે. આ ચૂંટણીમાં તેમનાં પત્ની રત્ના રઘુવંશી પણ ઉમેદવાર હતાં અને તેમણે ભાજપ સહિત ઠાકરેની શિવસેના અને અપક્ષના ઉમેદવારોને પડકાર આપ્યો હતો.

છતાં ખરી લડત શિવસેના વિરુદ્ધ ભાજપની હતી અને તેમા ભાજપને પડાછવામાં તેઓ સફળ રહ્યા હતા. નંદુરબાર નગરપરિષદમાં શિવસેના શિંદે ગ્રૂપના ૨૯, ભાજપના આઠ અને એમઆઈએમના ચાર ઉમેદવાર જીતી ગયા છે. ■

## ૧૫ જાન્યુઆરીએ

થશે, એમ તેમણે અહીં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

મહાયુતિએ ૨૮૬ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીમાં ૨૦૦નો આંકડો પાર કર્યો હોવાનું ભારપૂર્વક જણાવતા શિંદેએ દાવો કર્યો કે ‘‘ભાજપે સદી ફટકારી છે’’ અને શિવસેનાએ ‘‘અર્ધ સદી’’ ફટકારી છે અને રાજ્યમાં બીજા ક્રમની સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી છે. કોંકણ શિવસેનાનો ગઢ છે. પાર્ટી ફક્ત મુંબઈ અને થાણે સુધી મર્યાદિત નથી પરંતુ રાજ્યના દરેક ઘર સુધી પહોંચી છે. જ્યાં પાર્ટીને નુકસાનનો સામનો કરવો પડ્યો છે ત્યાં પણ મહાયુતિનો સામૂહિક વિજય પ્રાથમિકતા છે. ભાજપ અને શિવસેના વચ્ચે ઘણી બેઠકો પર ‘‘મૈત્રીપૂર્ણ લડાઈ’’ થઈ હતી.

તેમણે શિવસેના (યુબીટી) ના નેતા ઉદ્ધવ ઠાકરે પર કટાક્ષ કરતા કહ્યું કે મતદારોએ ચૂંટણીમાં ઘરે બેઠેલા લોકોને ઘરે બેસાડી દીધા છે.

તેમણે કોંગ્રેસ, શિવસેના (યુબીટી) અને શરદ પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી પર પ્રહાર કરતા કહ્યું કે શિવસેનાએ મહા વિકાસ આઘાડીની સંયુક્ત સંખ્યા કરતાં વધુ બેઠકો જીતી છે. શિંદેએ ઉદ્ધવ ઠાકરે અને મનસે નેતા અને પિતરાઈ ભાઈ રાજ ઠાકરે સાથે જોડાણ કરવાના પ્રશ્નોને ફગાવી દીધા હતા અને કહ્યું હતું કે તેનો કોઈ પ્રભાવ પડશે નહીં કારણ કે લોકોએ કામ કરનારાઓને મત આપવાનું નક્કી કર્યું છે.

શિંદેએ ‘‘લાડકી બહિણ’’ (રાજ્ય સરકારની યોજનાના મહિલા લાભાર્થીઓ) અને પાર્ટીના કાર્યકરોનો પણ વિજય માટે આભાર માન્યો હતો. (પીટીઆઈ) ■

## વિજય માટે

શિવસેના અને અજિત પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ એકબીજાની સામે લડી હતી. તો મહાવિકાસ આઘાડીમાં અમુક જગ્યા પર શિવસેના (યુબીટી), એનસીપી (શરદ પવાર)અને કોંગ્રેસ એકબીજા વિરુદ્ધ લડી હતી.

રવિવારના વહેલી સવારથી ચાલી રહેલી મતગણતરી બાદ ધીમે ધીમે મહાયુતિના ઉમેદવારોને વિજેતા જાહેર કરવાની સાથે જ કોંગ્રેસે રાજ્યના ચૂંટણી પંચને રાજ્યમાં શિવસેના અને ભાજપની જીત માટે જવાબદાર ગણાવ્યા હતા.

રાજ્યના કોંગ્રેસના અધ્યક્ષ હર્ષવર્ધન સકપાળે રાજ્યમાં તેમના પક્ષના જીતી ગયેલા ઉમેદવારને અભિનંદન આપ્યા હતા. એ સાથે જ તેમણે મહાયુતિના ઉમેદવારોને વિજયી બનાવવા માટે મદદ કરનારા ચૂંટણી પંચને પણ કટાક્ષ કરતા અભિનંદન આપ્યા હતા.

યુબીટીના નેતા આંબાદાસ દાનવેએ મહાયુતિના ઉમેદવારોની જીત માટે પૈસા અને મસલ પાવરને જવાબદાર ગણાવ્યા હતા. જોકે રવિવારની ચૂંટણીનાં પરિણામની આગામી ૨૯ મહાનગરપાલિકાની ચૂંટણીને કોઈ અસર નહીં થાય તેવો ભારપૂર્વક દાવો પણ કર્યો હતો.

ગ્રામીણ વિસ્તારની સરખામણીમાં શહેરી વિસ્તારમાં મહાનગરપાલિકા મોટી હોવાથી સાથે જ તેમની સમસ્યાઓ, મુદ્દાઓ અલગ હોય છે અને શહેરના મતદારોના વિચાર પણ અલગ હોય છે એવો દાવો પણ તેમણે કર્યો હતો. ■

## પરલી અને બીડને

‘‘અરાજકતા’’ હોવાના વિપક્ષોના નિવેદનોના સંદર્ભમાં તેમણે કહ્યું કે આ લડાઈ એ લોકો સામે હતી જેમણે પરલીને બદનામ કરવાનો પ્રયાસ કર્યો હતો.

પત્રકારો સાથે વાત કરતા, પરલીના ધારાસભ્ય મુંડેએ કહ્યું કે અમે મોટી જીત મેળવી છે. અમારા ગઠબંધનના લગભગ બધા ઉમેદવારો જીત્યા છે. ૨-૩ અપક્ષ ઉમેદવારો છે, અને તેઓ પણ મહાયુતિના છે. વિપક્ષે હવે પોતાની સ્થિતિ વિશે વિચારવું જોઈએ.


તેમણે દાવો કર્યો કે અંબાજોગાઈ, ગેવરાઈ, બીડમાં પણ લોકોએ જોરદાર પ્રતિસાદ આપ્યો છે કારણ કે મહાયુતિએ આ સ્થળોએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જીતી છે. સરપંચ દેશમુખ ખંડણી અને હત્યા કેસમાં તેમના નજીકના સાથી વાલ્મિક કરાડની ધરપકડ બાદ તેમણે પ્રધાનપદું ગુમાવ્યું હતું. હવે પ્રદેશમાં સારા પ્રદર્શનથી શું પ્રધાન તરીકે પાછા ફરવાનો માર્ગ મોકળો થશે? તેવા પ્રશ્નોને તેમણે ટાળ્યા હતા. મુંડેએ કહ્યું કે મને પ્રધાનપદની લાલચ નથી. લોકો માટે કામ કરવું વધુ મહત્ત્વપૂર્ણ છે. (પીટીઆઈ) ■

## શિંદે જૂથ

એક નવો ઇતિહાસ રચ્યો છે. વિટા નગરપાલિકામાં શિવસેનાના શિંદે જૂથનો ભવ્ય વિજય થયો હતો અને ભાજપની ૫૫ વર્ષ જૂની સત્તાનો અંત આવ્યો છે. આ જીતની ચર્ચા સમગ્ર મહારાષ્ટ્રમાં થઈ રહી છે, કારણ કે આ ચૂંટણીમાં શિંદે જૂથને ઠાકરે જૂથ, કૉંગ્રેસ અને શરદ પવાર જૂથનો ટેકો મળ્યો હતો.વીટા મ્યુનિસિપલ કાઉન્સિલમાં ભૂતપૂર્વ ધારાસભ્ય અને ભાજપ નેતા સદાશિવ પાટીલના ૫૫ વર્ષના શાસનનો અંત આવ્યો હતો. નગરપાલિકા પ્રમુખ પદની ચૂંટણીમાં કાજલ મ્હેત્રેની જીત સાથે શિવસેના શિંદે જૂથે બાજી મારી, બીજી તરફ, નગરસેવક પદની ચૂંટણીમાં ૨૬ માંથી ૨૨ બેઠકો પર શિવસેના શિંદે જૂથે જીત મેળવી હતી, જ્યારે ભાજપને માત્ર ચાર બેઠકોથી જ સંતોષ માનવો પડ્યો હતો. ■

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# ધર્મતેજ



## પ્રાર્થના માન્ય રખાય છે

મનન

હેમંત વાળા
feedback@bombaysamachar.com

એ તો સાબિત થઈ ચૂક્યું છે કે ઈશ્વર પ્રાર્થના સાંભળે છે, વિનંતી સમજે છે અને માગણી સ્વીકારે છે. ઇતિહાસમાં એવાં ઘણાં કિસ્સા નોંધાયા છે જેનાથી આ વાત સિદ્ધ થઈ શકે.

પ્રાર્થના કરવા માટે, વિનંતી કરવા માટે કે માગણી મૂકવા માટે શબ્દોની જરૂર પણ નથી હોતી. શબ્દો હોય તો પણ બરાબર છે અને ન હોય તો પણ તેટલું જ બરાબર છે. બની શકે કે શબ્દોને કારણે પ્રાર્થના – હવે આપણે પ્રાર્થના, વિનંતી અને માગણી એ ત્રણેય માટે એક ‘પ્રાર્થના’ શબ્દ જ વાપરીશું – થોડી વધુ નિર્ધારિત થઈ શકે. વ્યક્તિ પોતે વ્યવસ્થિત રીતે નક્કી કરી શકે કે ખરેખર પ્રાર્થના શેનાં માટે છે. વ્યક્તિ પોતાનાં વિચારોમાં વધુ સ્પષ્ટ બની શકે છે. ઈશ્વર જ્યારે વરદાન આપવાની વાત કરે ત્યારે જે તે ઈચ્છાને શબ્દો દ્વારા વ્યક્ત કરવી પડે. શબ્દો દ્વારા થતી અભિવ્યક્તિ જરૂરી છે. આ શબ્દોનું વ્યવસ્થિત અને શાસ્ત્રીય ઢબે ઉચ્ચારણ થવું જોઈએ. પ્રાર્થનામાં પણ શબ્દો વણાયેલા હોય. આ શબ્દોને જો સંગીત સાથે વણી દેવામાં આવે તો માહોલ વધુ સાત્ત્વિક બન્યો હોય તેમ જણાય. શબ્દોની ઉપયોગિતા છે. કદાચ ઈશ્વરનું એ પ્રકારનું આયોજન હોઈ શકે કે જ્યારે પ્રાર્થના શબ્દો દ્વારા વ્યક્ત કરવામાં આવે છે ત્યારે તેમાં છુપાયેલા ભાવ માટે કોઈપણ પ્રકારની શંકા ન રહે.

પ્રાર્થના વૈચારિક પણ હોઈ શકે. આ માટે મનની ક્ષમતા જુદા જ સ્તરની હોવી જોઈએ. વિચારો ભટકી જાય. વિચાર અનિયંત્રિત થઈ શકે. વિચારનું સ્વરૂપ અન્ય કોઈ જાણી શકવાં સમર્થ ન હોવાથી વિચારમાં અનિચ્છાએ પણ વિકાર ઊભરી શકે. જો સૂક્ષ્મ અસ્તિત્વનાં કેટલાંક સ્વરૂપો વાસનાનાં વમળમાં ફસાયાં હોય તો વિચારમાં વિકૃતિ આવી શકે. વૈચારિક પ્રાર્થના માટે સંયમ અને મનના નિયંત્રણની મહત્તમ આવશ્યકતા હોય તેમ લાગે છે. મન તો તેની ચંચળતા જાળવી રાખવા પ્રયત્નશીલ રહે અને પ્રાર્થના તે ચંચળતાને કાબુમાં રાખવાનો પ્રયત્ન કરે. જો પ્રાર્થના વધારે સશક્ત હોય તો જ તેની અસર વર્તાય, નહિતર મન પોતાનો પ્રપંચ ચાલુ રાખે.

વૈચારિક પ્રાર્થના માટે વ્યવસ્થિત માળખું, વ્યવસ્થિત ગોઠવણ, વ્યવસ્થિત ક્રમ તથા વ્યવસ્થિત રજૂઆતનું મહત્વ નથી. વૈચારિક પ્રાર્થના માટે, કદાચ, ઉદ્દેશ્ય અને વિશ્વાસ મહત્ત્વની ભૂમિકા ભજવતાં જણાય છે. વૈચારિક પ્રાર્થના એક પ્રવાસ સમાન ઘટના છે. અહીં પ્રથમ ડગલું અને તેની દિશા નિર્ધારિત હોય છે, પરંતુ આગળ જતાં તેમાં બદલાવ આવવાની પૂરેપૂરી સંભાવના રહે. આ બદલાવ સકારાત્મક પણ હોઈ શકે અને અડચણકારી પણ હોઈ શકે. વિચારોમાં જો પરિપક્વતા હોય, વિચારોની શ્રેણી માટે જો વિશ્વાસ હોય, વિચારની પ્રક્રિયા જો શાસ્ત્રીય હોય, વિચારની શુદ્ધતા માટે જરૂરી ભૂમિકા સ્થાપિત થઈ ચૂકી હોય અને તે બધાં સાથે જીવનમુક્તતા માટેનો પાયો તૈયાર થઈ ચૂક્યો હોય તો વૈચારિક પ્રાર્થના અભૂતપૂર્વ પરિણામ આપી શકે. આ વૈચારિક પ્રાર્થનાને માનસિક પ્રાર્થના પણ કહી શકાય.

પ્રાર્થનાનું એક સ્વરૂપ મૌન પણ છે. અહીંયા નથી શબ્દોનું અસ્તિત્વ કે નથી વિચારોની હાજરી. અહીં કોઈ માધ્યમ નથી કે નથી કોઈ ઉપકરણ. પ્રાર્થનાના આ સ્વરૂપમાં દરેક બાબતથી અલિપ્ત થઈ માત્ર પોતાના અસ્તિત્વ સાથે જાણે મૌન સંવાદ સ્થાપવામાં આવે છે. ક્યારેક તો એમ જણાય છે કે આ પ્રકારનો સંવાદ પણ નથી હોતો, તે સંપૂર્ણ મૌનની સ્થિતિ છે. અહીં કશાની માંગણી નથી હોતી કે નથી હોતી કશાની ઈચ્છા. અહીં તો માત્ર હોવાપણું હોય છે, અને તેનું પણ કોઈ પ્રયોજન નથી હોતું. બસ માત્ર શૂન્યતામાં સ્થિર થયેલું અસ્તિત્વ. અહીં સમગ્ર અસ્તિત્વ જાણી શુન્યતામાં પ્રવેશી જાય છે. શૂન્યતામાં પ્રવેશ એટલે જ પરમનું સાનિધ્ય પામવાની પ્રબળ સંભાવના. આ અસ્તિત્વ એટલે જ પ્રાર્થના.

પ્રાર્થનાનો અન્ય એક પ્રકાર છે માત્ર જાત સાથેનો સંવાદ. અહીં ઈશ્વર આગળ કશાની રજૂઆત કરવાની નથી હોતી. જેમકે, જાત સાથે જ વાત કરવાની અને પોતાને જ કહેવાનું કે મારે કુંભ-મેળામાં જવાની ઈચ્છા છે. આ પ્રકારની ઈચ્છા કેમ છે તે પોતે જ પોતાને જણાવવાનું. આ પ્રમાણે કોઈ સાત્ત્વિક ઈચ્છા નક્કી કરી, તેનાં પર ચિંતન કરી તેને પોતાની પાસે જ રહેવા દેવાની. સાથે પોતાને એમ પણ કહેવાનું કે જવાય તો પણ બરાબર છે અને ન જવાય તો પણ તેટલું જ બરાબર છે. ગુરુદેવ – ઈશ્વર તો અંતર્યામી છે, તમે તમારી જાત સાથે કરેલો સંવાદ તેઓ પણ સાંભળી જ લે. પછી તે પ્રમાણે, જો યોગ્ય સંભાવના હોય તો, તેઓ વરદાન તરીકે કુંભમેળામાં જવાની પરિસ્થિતિ ગોઠવી આપે. પ્રાર્થના કર્યા વગર પ્રાર્થના સ્વીકારાય જાય. આ પ્રાર્થનામાં અનૌપચારિકતાની સંભાવના વધુ રહે. આ પ્રકારની પ્રાર્થના પણ એટલી જ અસરકારકતા રહેતી હોય છે.

જ્ઞાન માટે પ્રયત્ન કરવો તે પણ એક પ્રકારની પ્રાર્થના જ છે. જ્ઞાન દ્વારા પણ ચોક્કસ બાબત સિદ્ધ થાય તેવી અપેક્ષા હોય છે. નિષ્કામ કર્મ પણ સૃષ્ટિનાં સિદ્ધાંત પર વિશ્વાસ રાખીને કરવામાં આવતી પ્રાર્થના સમાન ઘટના છે. યોગ સાધનામાં, હૃદયમાં કુંડળી મારીને બેસેલ સર્પીણીને જાગ્રત કરી આત્માની પ્રતીતિ કરવા માટે કરવામાં આવતી પ્રક્રિયા પણ પ્રાર્થના છે. ભક્તિનો તો આધાર જ પ્રાર્થના છે. અહીં પ્રાર્થના, વિનંતી કે માગણી બધું જ માન્ય છે.

કોઈપણ સ્વરૂપે અંતે તો પ્રાર્થના જ કરવામાં આવે છે. શુદ્ધ ચિત્તે, પવિત્ર ભાવનાથી, શાંતિ અને સંયમ આધારિત, ધાર્મિક તેમજ આધ્યાત્મિક ભાવનાથી યુક્ત, સત્ય અને ધર્મના સહયોગ સાથેની અને નિષ્ઠાપૂર્વક એકાગ્રતાથી કરવામાં આવેલી કોઈપણ સ્વરૂપની પ્રાર્થના અંતે સૃષ્ટિના નિયમ અનુસારનું પરિણામ તો આપે જ. સૃષ્ટિના સમીકરણમાં માત્ર સહભાગી થવાં માટે કરવામાં આવતી પ્રાર્થના હંમેશાં ઈશ્વર દ્વારા – ગુરુદેવ દ્વારા માન્ય રાખવામાં આવે છે. ■

## જિસસ કહે છે તમારો ચહેરો સ્મિતથી પ્રસન્ન રાખો, તો તમારી સાધના થઈ ગઈ



માનસ મંથન

મોરારિબાપુ
feedback@bombaysamachar.com



**જિસસનું** સરળ જીવન, સરળ વચન, સરળ વર્તન છે. એ જે એનાં સૂત્ર મેં કહ્યાં એનાં મૂળ વેદમાં મળે છે. તો,મારાં ભાઈ-બહેનો, દિનચર્યાનાં આ થોડાં સૂત્ર છે જિસસનાં. હવે જુઓ, કેટલાં સીધાં-સાદાં છે? કોઈ નહીં કહી શકે આ અમારાથી નહીં થાય.

પહેલું, ‘તમારો ચહેરો સ્મિતથી પ્રસન્ન અને સુશોભિત રાખવો.’ તમારા ચહેરાને મુસ્કુરાહટથી અને બરાબર સુશોભિત રાખવો. ધરમ થઈ ગયો, સાધના થઈ ગઈ. સવારે જાગો, ગાયત્રીમંત્ર જપો, ખૂબ ખૂબ પ્રણામ. પરંતુ પહેલાં મુસ્કુરાઓ. કોઈ પણ મંત્ર લો, પહેલો મંત્ર મુસ્કુરાહટ. પ્રસન્ન ચિત્તથી આપણી સવાર શરૂ થાય; અને ચહેરો સુશોભિત કરો એટલે સ્વચ્છ રાખો.

પ્રસન્ન રહો. મેં તમને ઘણીવાર કહ્યું છે, છ સમયે ક્યારેય ક્રોધ ન કરવો, પ્લીઝ. ભોજન કરતી વખતે ક્યારેય ગુસ્સો ન કરવો. ભોજન કરનારા પણ ન કરે અને પીરસનારા પણ ન કરે! અને ભજન કરતી વખતે ક્યારેય ગુસ્સો ન કરવો. ત્રીજું, ઊઠતાંવેંત ગુસ્સો ન કરવો અને ગુસ્સો કરીને રાત્રે સૂવું નહીં. પાંચમું, ઘરની બહાર જાવ ત્યારે ક્રોધ કરીને ન જાવ અને ઘરમાં પાછા ફરો ત્યારે ગુસ્સો ન કરો. એક ભાઈએ મને કહ્યું કે, તો પછી બાકી શું રહ્યું? હા,મારી એ જ રીત છે કે તમે ક્યારેય કરી જ ન શકો !

ત્રીજું, પોતાની ખોજનું લક્ષ્ય રાખો જેથી અન્યની આલોચના કરવાનો સમય ન રહે. રોજ પોતાની ખોજ કરો અને નિજખોજમાં એટલા વ્યસ્ત થઈ જાઓ જેથી બીજાની નિંદા કરવાનો સમય જ ન રહે. કેટલાં પ્રેક્ટિકલ વચન છે આ! આગળ, ‘યાદ રાખો,ગમે તેટલી મુશ્કેલી પણ હલ થઈ જ શકે છે.’ કેટલી વ્યવહારુ વાતો કરી રહ્યા છે પરમાત્માના પુત્ર! ‘દિવસમાં જે માણસ સાથે તમારી મુલાકાત થાય એની સાથે એને રસ પડે એવા વિષયોની ચર્ચા કરો.’ સામેવાળાને રસ પડે; અને એ વાત બધા સમજે તો પછી કોઈનો પણ રસભંગ નહીં થાય. આ હું કથા કહું છું તો પણ ધ્યાન રાખું છું કે, તમને રસ પડે એવું બોલું. છે ને? રસ પડવો જોઈએ, કેમ કે કથાનો અર્થ છે, રસ; અધ્યાત્મનો અર્થ છે, રસ.

દુનિયાભરની સમસ્યાઓને જો ભરતજીના દર્શનમાં કહેવું હોય તો એક માત્ર કારણ છે,વ્યક્તિના જીવનમાં પ્રેમનો અભાવ. દુનિયામાં આટલો ક્રોધ કેમ છે? કારણ પ્રેમનો અભાવ. પ્રેમ છે તો ખરો પણ આપણે પ્રગટ નથી કરી શકતા. દુનિયામાં એટલી નિંદા,અસૂયા,નફરત,ઈર્ષ્યા કેમ છે? દ્વેષ કેમ છે? એકમાત્ર કારણ છે પ્રેમનો અભાવ. વેર,વિગ્રહ,વિભાજન કેમ છે? પ્રેમનો અભાવ અને ભરતજી કોણ છે? રામના પ્રેમનો અવતાર. રામના પ્રેમનું સાકાર સ્વરૂપ. અને એ ચરિત્ર કેટલીયે સમસ્યાઓનો જવાબ આપે છે. ગોસ્વામીજી તો કબૂલ કરે છે, કે ભરતજી ન હોતે તો આ વિષમ કળિકાળમાં મારા જેવા વિમુખને રામ સન્મુખ કોણ કરતે?

दु:ख दाह दारहि दंभ दूषन सुजस
मिस अपहरत को।
कलिकाल तुलसी से सठन्हि
हठि राम सन्मुख करत को ।।

ફરી એકવાર યાદ કરી લ્યો. સંત, સદ્ગુરુ, શાસ્ત્ર, પરમાત્મા કદી કોઈની વિમુખ થતાં નથી. એક આપણે જ વિમુખ થઈ જઈએ છીએ. અને એવી આપણી વિમુખતાને પ્રભુની સન્મુખ કોણ કરતે? જો ભરતનો જન્મ નહીં થતે. તો પ્રેમનું પ્રગટ નહીં થવું,એ જ બધી સમસ્યાઓનું મૂળ છે આ દર્શનમાં,તેથી આપણે એને ધ્યાનથી સૂત્રાત્મક રૂપમાં જોઈ રહ્યાં છે.

ધ્યાન આપજો, પ્રેમના ત્રણ સ્થાન છે, પહેલું, બીજું, ત્રીજું. પ્રેમનું આદિ સ્થાન છે, મા. અહીં કૌશલ્યાજી છે. પ્રથમ સ્થાન છે માતા, ત્યાંથી બાળકને પ્રેમની જાણકારી શરૂ થાય છે. એના પહેલાં કોઈ સ્થાન નથી. એ ભરતજીની યાત્રામાં જ વ્યાસગાદીને દેખાય છે, તેથી એની ચર્ચા કરવા હું વિવશ છું. પ્રત્યેક વ્યક્તિના જીવનમાં પ્રેમનું પ્રાગટ્ય માતાથી શરૂ થાય છે. મા છે પ્રેમનું ઉદગમસ્થાન. પછી પિતાને પણ આમાં મેળવી દો, મને કોઈ આપત્તિ નથી. એમનો પણ થોડો હિસ્સો તો છે, એની ના નહીં પડાય. પણ મા મા છે. તમે કદી જોયું છે કે બાળક ભૂલ કરે છે, તો બાપ સજા કરે છે મા શિક્ષા કરે છે. શિક્ષા અને સજામાં કેટલું સાહિત્યિક અંતર છે. શબ્દકોષમાં પણ બહુ અંતર બતાવ્યું છે.

માતાનો પ્રેમ શિક્ષા કરે છે. શિક્ષા અને સજામાં આટલો ફેર છે. મા કદી પણ સજા નહીં આપી શકે, સજા બાપ આપે છે, પિતા આપે છે. સ્વાભાવિક છે, એમાં પુરુષનો અહંકાર છે. ભરતજી,એ તો સાક્ષાત પ્રેમમૂર્તિ છે. પણ આપણા જીવનના માર્ગદર્શન માટે, કૌશલ્યા મા પાસેથી આ વાત મળે છે. મા શિક્ષા આપે છે. મા પ્રેમનું આદિ સ્થાન છે. મા ડાટેગી નહીં, મારે નહીં, એમ નહીં, પણ મા શિક્ષા કરે છે, બાપ સજા કરે છે. જેવી રીતે કોઈ તમારી લોનમાં, તમારા બગીચામાં, તમારા ખેતરમાં કોઈ છોડ યા નીંદામણ વધે, એના મૂળિયાંએ આજુબાજુની જમીન પણ ઉખડ-બાખડ કરી દીધી. તો તમારામાં બાપવૃત્તિ, પિતાવૃત્તિ હશે તો તમે એને મૂળથી ઉખેડી નાંખશો, કે અહીં ઠીક નહીં. પણ માની વૃત્તિ હશે તો માળી બનીને જે શાખાઓ વધી ગઈ છે, જે મૂળિયાં જમીનને ઉખડ-બાખડ કરી રહી છે, એને ઠીક કરશો. મા છે માળી, બાપ છે માલિક. માળી અને માલિકમાં જેટલું અંતર છે, તેટલું મા અને બાપમાં અંતર. બાપ બધાંને નિર્ભય નહીં કરી શકે, આપણા શાસ્ત્રોએ સ્વીકાર કર્યો છે, માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ,પરંતુ મૂલતઃ પ્રેમનું ઉદગમસ્થાન,આદિ કેન્દ્ર, મૂળ સ્થાન માતા છે. બીજું સ્થાન છે પ્રેમનું મહાત્મા. એ સદ્ગુરુ છે.

આગળનું સૂત્ર, સૌને મિત્ર બનાવો, જેથી કોઈ શત્રુ નહીં રહે અને તમે આપોઆપ જ અજાતશત્રુ બની જશો. મૈત્રી ભાગવતીય ભક્તિનું એક સ્થાન છે. આપણે ત્યાં પરમાત્માને પણ મિત્રભાવે ભજવાની છૂટ છે. ‘રામચરિતમાનસે’ એક વચન આપ્યું છે; પરમાત્માની પ્રતિજ્ઞા છે

सखा सोच त्यागहु बल मोरें । सब बिधि घटब काज मैं तोरें ।।

તો,ભગવાન કહે છે કે, સૌની સાથે મૈત્રી રાખો જેથી કોઈ દુશ્મન ન રહે અને તમે અજાતશત્રુની અવસ્થાનો અનુભવ કરી શકો.

આગળ,‘સદૈવ આશાવાદી અને સત્યવાદી રહો.’ સદૈવ આશાવાદી રહો કે થશે, આજ નહીં તો કાલ. મારામાં ભાવ જાગશે,મને પ્રભુની અનુભૂતિ થશે. દરેક વાતમાં લોકો નકારાત્મક વિચારે છે! જીવનમાં કોઈ પણ ઘટના ઘટે, આશાવાદી રહો. આ સંસારીજીવન માટે કહું છું, અધ્યાત્મમાં આશા ખતરો છે, અધ્યાત્મમાં આશા જંજિર છે. એની સાથે જે બીજું સૂત્ર જોડ્યું છે, ‘આશાવાદી બની રહો અને સત્યવાદી બની રહો.’ હવે, જો માણસ સત્યવાદી બની રહે તો પછી સવાલ જ નથી. બહુ સારી શિખામણ છે.

આગળનું સૂત્ર,‘ઉત્સાહશક્તિ મજબૂત કરો.’ ઉત્સાહશક્તિ, જેમ કે ડિપ્રેસ ન રહો, ફ્રેશ રહો. આ જીવન છે,આ રેલવેલાઈન નથી, કે ટ્રેક પર જ ચાલે. ગંગધારા છે, ક્યારેક ઊંડું પાણી, ક્યારેક છીછરું પાણી, ક્યારેક પાણી સુકાઈ પણ જાય! આ તો જીવનની ધારા છે. નિરુત્સાહ ન બનો; અને પછી એની સાથે જોડાયેલી વાત લખી છે કે,‘બીજા ઉત્સાહિત હોય તો એની ઈર્ષ્યા ન કરવી.’ આપણે આ નથી કરી શકતા! આપણે નથી તો ઉત્સાહમાં જીવી શકતા કે નથી બીજાને ઉત્સાહમાં જોઈ શકતા! બીજા કેમ ખુશ થઈ ગયા? ન તો ખુશ રહેવું અને ન તો કોઈની ખુશી જોઈ શકવી,એ માનવતા નથી!

(સંકલનઃ જયદેવ માંકડ)■

## ખ્રિસ્તી ધર્મના ધર્મગુરુ ભગવાન ઈસુ

પર્વચક્ર

ભાનુબેન કે. વ્યાસ
feedback@bombaysamachar.com

**મિત્રો,** આજે આપણે સહજભાવે ખ્રિસ્તી ધર્મની વાતો કરીએ. ડિસેમ્બરની ૨૫મી તારીખે ખ્રિસ્તી ધર્મના ધર્મગુરુ ભગવાન ઈસુનો જન્મ થયો હતો. આજે વિશ્વને ખૂણે ખૂણે ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓ છે. ખ્રિસ્તી ધર્મ ન જાણનારા પણ ભગવાન ઈસુના લોકોત્તર દૈવી જીવન તથા અનુકંપા અને દયાના ઉપદેશથી પરિચિત છે. ઈસુ મહામાનવ હતા. એ એવા કાળમાં જન્મ્યા જ્યારે સમાજ કુરુઢિઓના ખપ્પરમાં સપડાયેલો હતો.

ઈસુનો જન્મ યહૂદિયા (Judia) પ્રાંતમાં બેથલેહામ ગામમાં થયો હતો. તેઓ ઈ. સ. પૂર્વે ૪માં થઈ ગયા અને ઈ. સ. ૨૯ સુધી એમની જીવનયાત્રા વિસ્તરેલી. યહૂદિયા પ્રાંત એશિયાનો જ એક ભાગ છે. યહૂદી, ખ્રિસ્તી અને મુસ્લિમો માને છે કે સમગ્ર સૃષ્ટિનું સર્જન એક પરમાત્માએ જ કર્યું છે. એ પરમેશ્વર એટલે યહોવાહ, અલઈલોહી, ઈલોહિમ કે અલશદ્દોઈ. એમને મતે એ પરમાત્મા નિર્ગુણ નિરાકાર નથી. એમને શરીર અને આત્મા બંને છે. પોતાનામાંથી જ એમણે સર્વપ્રથમ માનવ આદમ અને સ્ત્રી ઈવને સર્જ્યાં. આ માનવ દંપતીએ શેતાનની વાત માનીને જ્ઞાનવૃક્ષનું ફળ ખાધું જેને પરિણામે ભગવાને એમને ઈડનના બગીચામાંથી હાંકી કાઢ્યાં. એ ક્ષણથી શેતાન અને માનવ વચ્ચે સંઘર્ષ શરૂ થયો. શેતાન માણસને લલચાવીને ભગવાનની શિખામણથી એને દૂર કરવા સતત મથી રહ્યો છે. માનવજાતિ ઉપર ઉપકાર કરવા ભગવાને દયાથી નૂહા, ઈબ્રાહિમ, ઈસહાક, મુસા, યુનૂસ, યહોશૂઆ, શમૂએલ, દાઉદ, સુલેમાન, યશાયાહ ઈત્યાદિ પ્રબોધકોને મોકલ્યા. એ સૌએ માર્ગ ભૂલેલી માનવજાતિને સન્માર્ગે વાળવાનો પ્રયત્ન કર્યો. છતાંયે કૃતઘ્ન, જડ અને કઠણ હૃદયના માનવોએ એમનો તિરસ્કાર કર્યો. એમણે અવળો માર્ગ અપનાવ્યો, ધર્મના નિયમોની વિરુદ્ધ ચાલ્યા અને એ રીતે પાપ ભેગાં કરતાં ગયા. એમના પાપનું ક્ષાલન કરવા જન્મ લીધો.

ઈસુના એક શિષ્ય જોન, સુવાર્તા (Gospel) માં ઈસુ વિશે એમ કહે છે કે સૃષ્ટિની રચનાની પણ પહેલાં ઈસુ ખ્રિસ્ત ભગવાનની સાથે જ હતા. એ ભગવાનના શબ્દ હતા. અને અંતે એ શબ્દે માનવશરીર ધારણ કર્યું. આદમથી નિર્માણ થયેલા મહાન વંશની બેતાલીસમી પેઢીમાં ઈસુ જન્મ્યા હતા. ઈબ્રાહિમ, ઈસહાક, યાકૂબ, રાજા દાઉદ, સુલેમાન જેવા મહાત્માઓ એમના પૂર્વજો હતા. અલબત્ત, સુલેમાન વંશજોના હાથમાં સત્તા ન હતી. ઈસુના પિતા યુસુફ તો સામાન્ય સુથાર હતા. ખ્રિસ્તીઓ એમ માને છે કે ઈસુનો જન્મ પવિત્ર આત્માથી જ બેથલેહામમાં એક તબેલામાં થયો. એટલે એ એમને કુમારી મરિયમના પુત્ર તરીકે સંબોધે છે. ઈસુના જન્મ, જીવન તથા મૃત્યુ વિશે જૂના કરારના ઉત્પત્તિ, નિર્ગમન, ગીતશાસ્ત્ર, યશાવહ, યોએલ, ઝખાર્યાહ અને માલાખીનાં પુસ્તકોમાં ઘણી ઝીણવટભરી આગાહીઓ છે. લગભગ બાર વર્ષના ઈસુએ મંદિરમાં બેસી જન્મ શાસ્ત્રીઓની સમસ્યાઓનો ઉકેલ કર્યો છે એમ અંતે એમની સુવાર્તામાં લખ્યું છે. ઈસુએ એમના માસી એલિઝાબેથના પુત્ર જોન ધી બાપ્ટિસ્ટ (John the Baptist)ના હાથે પાણીથી બાપ્તિસ્મા કરાવ્યો હતો અને ત્યારબાદ કઠણ તપશ્ચર્યાનો આરંભ કર્યો. ચાલીસ દિવસની તપશ્ચર્યા બાદ એમણે પોતાનું કાર્ય શરૂ કર્યું.



ઈસુનું કાર્ય મહાન હતું. એ ધર્મના અઘરા નિયમો સામાન્ય ઉદાહરણોની મદદથી સાવ સહેલા બનાવતા. પાપી, ચોર તથા માંદાઓ વિશે એમના અંતરમાં અનુકંપા હતી. એ રોગીઓની પ્રેમથી સારવાર કરતાં તેથી જ ધર્મશાસ્ત્રીઓથી પીડાયેલા સામાન્ય લોકો એમની તરફ આકર્ષાયા. સુવાર્તા એટલે કે ગોસ્પેલમાં (Gospel) લખ્યું છે કે ઈસુએ ઘણાં માંદાઓને સાજા કર્યા, આંધળાઓને દૃષ્ટિ આપી, શ્રવણશક્તિ ગુમાવી બેસેલાને શ્રવણશક્તિ આપી તથા વિશાળ જનસમુદાયને પાંચ રોટલી અને બે માછલીથી ભરપેટ જમાડ્યાં. તેઓ કહેતા કે, ‘સત્યમાર્ગ અને પ્રકાશ હું છું, હું પાપીઓ અને માંદાઓ માટે જ આવ્યો છું.’ ધર્મશાસ્ત્રીઓને તેઓ કહેતાં, ‘અરે, ઢોંગીઓ, તમે નિયમશાસ્ત્ર તો પાળો છો પણ એ શાસ્ત્ર કરતાંય ચઢિયાતી બાબતો એટલે કે ન્યાય, દયા તથા વિશ્વાસને તમે પડતાં મૂકો છો.’ પોતાના શિષ્યોને તેઓ કહે છે, ‘હું મુસાનું નિયમશાસ્ત્ર સંપૂર્ણ બનાવું છું. તમે તમારા વેરીઓ પર પ્રેમ કરો, શાપ દેનારને આશીર્વાદ આપો. અપમાન કરે તો એમના માટે પ્રાર્થના કરો, જે કોઈ તમને તમાચો મારે એની સામે બીજો ગાલ ધરો, જેટલો પ્રેમ તમે તમારી જાતને કરો છો તેટલો જ પ્રેમ તમારા પાડાશીઓને કરો, બાળકની જેમ નિષ્પાપી બનો.’ ખોટી રીતે શ્રીમંત બનેલા ધનવાનો વિશે તેઓ કહે છે કે, ‘દૌલતવાન માટે દેવના રાજ્યમાં પ્રવેશ કરવો એ અઘરું છે. એના કરતાં તો ઊંટને માટે સોયના નાકામાંથી નીકળવું સહેલું છે.’

ઈસુની વાણીએ અને કર્મે ધર્મશાસ્ત્રીઓ તથા સત્તાધારીઓનાં ભવાં ચડાવ્યાં. એમને મારી નાખવાનું કારસ્તાન રચાયું. રાજદ્રોહ તથા પ્રભુનું અપમાન કરવાના અપરાધ માટે એમને પકડવામાં આવ્યા. એમના જ શિષ્યે યહૂદીએ (Judas) આ કાવતરામાં સાથ આપ્યો. એક જ રાતમાં એક વાર ધર્મસભામાં એક વાર ન્યાયાધીશ પિલાત (Pillate) પછી રાજા હેરોદ અને ફરી પાછા પિલાત સામે એમને હાજર કરવામાં આવ્યાં. એમના પર આમ ચાર મુકદ્દમાં થયા અને સવારે પિલાતે એમને મૃત્યુદંડ આપ્યો. ઢોરમારથી લોહીલુહાણ થયેલા ઈસુના ખભા પર વધસ્તંભ (Cross) અપાયો અને સરઘસ શરૂ થયું.

એમના શત્રુઓએ ચોતરફથી એમના પર અપમાન વરસાવ્યું. આ સરઘસ બપોરે લગભગ બાર વાગ્યે ગોલગાથા નામની નાનકડી ટેકરી પર પહોંચ્યું અને ત્યાં હાથપગ પર ખીલા ઠોકી એમને ક્રોસ પર લટકાવ્યા. એ સમયે એમને માથે કાંટાળો તાજ મૂકવામાં આવ્યો હતો. એ સમયે ઈસુ માટે બહુ જ કપરી કસોટીનો સમય હતો. ત્યારે તેમણે જે બ્રહ્મ (સાત) શબ્દો કહ્યા હતા તે સર્વ માનવ માટે એમના કઠિન સમયમાં આધારસ્તંભ જેવા થશે. પોતાના જ મારનારાઓ વિશે પ્રાર્થના કરતાં ઈસુ કહે છે, ‘હે પિતા, તમે એમને માફ કરશો, કારણ કે તેઓ જાણતા નથી કે તેઓ શું કરી રહ્યા છે.’ ઈસુનો આ મૃત્યુદિન Good Fridag તરીકે ઓળખાય છે. Good Friday નો અર્થ સારો કે શુભ શુક્રવાર થાય છે. આ દિવસે ઈશુ મરણ પામ્યા તેથી લોકોને શોક થયો. પણ તે જ દિવસે ઈસુની વાત સમજાઈ એટલે ધર્મ સમજાયો એટલે તે દિવસને સારો શુક્રવાર કહે છે. ભગવાન ઈસુને વધસ્તંભ પર ચડાવ્યા તે દિવસ શુક્રવાર હતો, ઈસ્ટર સન્ડેના બે દિવસ પહેલાંનો જે માર્ચ કે એપ્રિલ મહિનામાં આવે છે. શુક્રવાર ‘ગુડ ફ્રાયડે’ તરીકે જાણીતો છે. તેમનો વધસ્તંભ પર દેહત્યાગ અને તેનું ‘પુનરુત્થાન’ એમના જીવનના છેલ્લાં આઠ દિવસ દરમિયાન બનેલા. આ દિવસે ખ્રિસ્તી લોકોના દેવળોમાં ઘંટારવ નથી થતાં, પરંતુ દેવળોમાં એમની સ્મૃતિમાં કેટલીક ધાર્મિક વિધિઓ થાય છે. કોઈપણ જાતની ઊજવણી કર્યા વિના ‘ગુડ ફ્રાયડે’ ઉપવાસ કરી શાંતિથી દિવસ પસાર કરે છે.

(ક્રમશઃ)■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombay samachar.com

# સહ-અસ્તિત્વની ભાવનાનું યથાર્થ સ્વરૂપ



**સનાતની** સંસ્કૃતિમાં સમગ્ર માનવ જાતના સહ-અસ્તિત્વ, સહ-વિકાસ તથા સહ-શ્રેયને ખૂબ મહત્ત્વ અપાયું છે. અહીં બીજાના પતનનું કારણ બની ઉન્નતિ કરવાની વાત નથી. અહીં બીજાને નુકસાન પહોંચાડી લાભ મેળવવાની વાત નથી. અહીં બીજાની શ્રદ્ધાને ઠેસ પહોંચાડી પોતાની શ્રદ્ધાને દ્રઢ કરવાની વિચારધારા નથી. અહીં અન્યની હિંસા કરી પોતાની વાત અને પોતાની માન્યતા સ્થાપિત કરવાનો પ્રયત્ન નથી થતો.

સંગચ્છધ્વં સંવદધ્વં એ ઋગ્વેદનો મહત્ત્વનો બોધ છે જે એકતા, સંવાદિતતા, સમાનતા અને સમાવેશીયતાનો ઉદઘોષક છે. તે એક સાથે બધાના આગળ આવવા માટે અને પરસ્પર સંવાદ અને વિચારવિમર્શ કરવા પર જોર આપે છે.

આ આખા શ્લોકનો સમગ્રતામાં સાર એવો કંઈક છે કે - બધાં એક સાથે ચાલો, પરસ્પર એક સાથે વાતચીત કરી એક અર્થમય સંવાદ સ્થાપિત કરો, બધાના મન તથા મનમાં ઉદ્ભવતા વિચાર સમરસતાથી એક રૂપ બની જાય, પ્રાચીન સમયમાં જેમ દેવતાઓ એક સમાન સાત્વિક ભક્તિ અને સાત્ત્વિક કર્મમાં જોડાઈને શ્રદ્ધાપૂર્વક ઉત્તરદાયિત્વની નિભાવણી કરતાં શક્તિ અને સામર્થ્ય પામ્યાં હતાં - એ પ્રમાણે બધા માનવી પણ પરસ્પર સમાનતા અને સહયોગથી તે પ્રમાણેની સ્થિતિ પ્રાપ્ત કરો. એમ કહી શકાય કે આ મંત્રનો મુખ્ય મર્મ સંવાદ, સંકલન, સમાનતા, સહકાર, સહયોગ, સુ-સમગ્રતા અને સમરસતા સ્થાપિત કરવાનો છે.

અહીં એકતાનું મહત્ત્વ સ્થાપિત થાય છે. સમાજમાં, પરિવારમાં કે કાર્યસ્થળે જો એકતા હોય તો ચોક્કસ પરિણામ હકારાત્મક આવે. એકતાને કારણે એકની નબળાઈ અન્ય દ્વારા સાચવી લેવાય. એકતાને કારણે પરસ્પરનું સામર્થ્ય વધુ સારું પરિણામ આપી શકે.

જો એકતા હોય તો ચોક્કસ દિશાના પ્રયત્ન વધુ અસરકારક રીતે થઈ શકે. એકતાથી દરેક પ્રકારની સલામતી શક્ય બને. આ એકતાનો લાભ બધાને જ મળે. સાંપ્રત સમયમાં તો આ એકતાનું મહત્ત્વ વધુ સમજી શકાય તેવું છે.

એકતા સાથે અહીં સંવાદનું પણ મહત્ત્વ સ્થાપિત થાય છે. પરસ્પરનો વાર્તાલાપ તથા વિચારવિમર્શ જરૂરી છે. સંવાદથી પરસ્પરના વિચારો જાણી, તેના પર ચર્ચા કરી, તેનું વિશ્લેષણ કરવાથી યોગ્ય નિર્ણય લેવાવાની સંભાવના વધી જાય. સંવાદથી પરસ્પરની ઓળખ થાય, પરસ્પરની વિચારસરણી જાણવા મળે, પરસ્પરનાં મૂલ્યો પ્રતીત થાય, પરસ્પરનો અગ્રતાક્રમ સમજમાં આવે, પરસ્પરની શ્રદ્ધા વિશે જાણકારી મળે - અને આ બધાંને કારણે સમગ્રતામાં યોગ્ય નિર્ણય લેવાવાની સંભાવના વધી જાય. આ મંત્ર દ્વારા સહકારનું મહત્વ પણ દર્શાવાયું છે.

એકની ક્ષમતા બીજાને કામમાં આવવી જોઈએ. એકની નબળાઈ બીજા દ્વારા સચવાઈ જવી જોઈએ. એકની મર્યાદા અન્ય સાથે જોડાયેલી સંભાવના વડે બિન-અસરકારક થઈ જવી જોઈએ. એકંદરે સહકારને કારણે સમાજ તરીકે 'સમૂહની એકત્રિત ક્ષમતા પ્રમાણે પરિણામ મેળવી શકાય.

એકતા, સંવાદ અને સહકારની વાત દરેક કાળખંડમાં એટલી જ ઇચ્છનીય અને સાર્થક છે. એમ ન કહી શકાય કે આ મંત્ર જે સમયગાળામાં લખાયો હશે તે સમયગાળા માટે જ આ મંત્રનો મર્મ યથાર્થ હશે. તે પછી ગીતાની વાત હોય કે ઉપનિષદની, સનાતની સંસ્કૃતિમાં કહેલી પ્રત્યેક વાત સમય, સ્થળ અને પરિસ્થિતિની મર્યાદાની બહારના સત્ય જેવી હોય છે. અહીં કેટલીક વાત સાંદર્ભિક પણ હોઈ શકે પણ તેની સાંદર્ભિકતા પણ વિસ્તૃત અને સમાવેશીય હોય.

આ શ્લોકના સંદેશ દ્વારા જીવનને ઉન્નત કરવાનો, સમાજને સક્ષમ બનાવવાનો, વ્યક્તિને સ્વાર્થના માળખામાંથી દૂર લઈ જઈ તેનામાં ઉત્તરદાયિત્વની ભાવના દ્રઢ કરી તેને સત્કાર્યના માર્ગે લઈ જવાનો હશે. આમાં તેને સફળતા પણ મળી હશે. આ મંત્રમાં માનવજાત માટે દરેક કાળખંડમાં યોગ્ય ગણાય તે પ્રકારનો માર્ગ સૂચવવામાં આવ્યો છે.

જ્યારે એકતાના માર્ગે ચાલવામાં આવે ત્યારે આપમેળે સમાનતા સ્થાપિત થતી જાય. જ્યારે સંવાદનો માર્ગ સ્વીકારવામાં આવે ત્યારે આપમેળે જ્ઞાન તથા માહિતીમાં વૃદ્ધિ થાય અને શાંતિપૂર્વક મતભેદનું નિવારણ શક્ય બને. જ્યારે સહકારનો માર્ગ અપનાવવામાં આવે ત્યારે એક એકમ તરીકે સમૂહ વધુ સક્ષમ બને. જ્યારે સમાવેશીય માર્ગ અપનાવવામાં આવે ત્યારે દરેક પુરુષાર્થનું પરિણામ બધાને સમાનતાથી પ્રાપ્ત થાય. આ વાત જેટલી સમાજને લાગુ પડે એટલી જ કુટુંબને પણ લાગુ પડે, અને રાષ્ટ્રને પણ. આ મંત્રના અનુકરણની જરૂરિયાત માનવ સમાજને આજે જેટલી છે તેટલી કદાચ ભૂતકાળમાં ક્યારેય ન હતી. સનાતનની સંસ્કૃતિએ ભવિષ્યની જરૂરિયાતોને નજરમાં રાખીને પણ સંદેશા તૈયાર કરેલાં છે. આ મંત્ર અને 'ૐ સહનાવવતુ' મંત્રનો આત્મા એક સમાન છે. અહીં દેવતાઓનો જે ઉલ્લેખ કરાયો છે તે પણ સમજવા જેવો છે. અહીં કહેવામાં આવ્યું છે કે દેવતાઓ જેવી આદર્શતા અપનાવો. જેમ પ્રાચીન સમયમાં દેવતાઓએ સહકાર અને સમજૂતીથી પોતાનું કાર્ય નિભાવ્યું હતું તેમ માનવીએ પણ સમાજમાં શાંતિ અને સમૃદ્ધિ માટે તે જ પ્રકારના ભાવથી કાર્ય કરવું જોઈએ.

એ સિવાય પણ આ મંત્ર માં દેવતાઓનો ઉલ્લેખ કરવા માટે અન્ય કેટલાંક પણ સંભવિત સંદેશા હોઈ શકે. એક સંદેશો એ હોઈ શકે કે આ પ્રકારનો ભાવ માત્ર માનવી માટે જરૂરી નથી, સૃષ્ટિના અસ્તિત્વના દરેક સ્વરૂપ માટે તે એટલો જ યથાર્થ છે. દેવતાઓ અને દૈવી પ્રકૃતિ એક જ વિષયના બે પાસાં છે એમ કહી શકાય.

ગીતામાં જે દૈવી પ્રકૃતિને શુભ ગણાવાઈ છે, તેને આધારે એમ કહી શકાય કે જો આ મંત્રમાં જે પ્રકારની ભાવના વ્યક્ત થઈ છે તે ભાવના, તે પ્રમાણેના ચૈતન્ય-યુક્ત અસ્તિત્વ માટે જો શુભ હોય તો માનવી માટે તો હોય જ. અહીં કદાચ એમ પણ કહેવામાં આવ્યું હશે કે આ મંત્રમાં વ્યક્ત થતી ભાવના જેમ સમય, સ્થળ અને પરિસ્થિતિના પરિમાણથી મુક્ત છે તેમ તે ચૈતન્ય-યુક્ત અસ્તિત્વના પ્રત્યેક પ્રકારને પણ સમાનતાથી લાગુ પડે છે. એકંદરે એમ કહી શકાય કે આ મંત્રમાં જે અર્થ અને ભાવ સ્થાપિત થાય છે તે દરેક સંજોગોમાં દરેક સમયે, દરેક સ્થાને, દરેક પરિસ્થિતિમાં દરેક વ્યક્તિ માટે, દરેક વ્યક્તિ-સમૂહ માટે સર્વથા યથાર્થ છે.

સમાવેશીય વિચારધારા સનાતનની સંસ્કૃતિની સિદ્ધિ પણ છે અને શક્તિ પણ છે. ■

---

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombay samachar.com

# અવશ્ય કરવાનાં કર્મ



ગત અંકમાં ત્યાગ ને સંન્યાસની ચર્ચા કરીને હવે ભગવાન કૃષ્ણ અવશ્ય કરવાનાં કર્મોનું મહત્ત્વ સમજાવે છે.

ભગવદ્ગીતા માનવ જીવન માટે એક દૈવી માર્ગદર્શિકા છે. તેમાં ભગવાન શ્રીકૃષ્ણે કર્મ, ભક્તિ અને જ્ઞાનના માર્ગ દ્વારા આત્મઉદ્ધારનો ઉપદેશ આપ્યો છે. આ ત્રણેયની પૂર્ણતા યોગમાં કરીને આ ગીતા જ્ઞાનને ઉત્કૃષ્ટતા પર પહોંચાડ્યું છે. એમાં કર્મને પણ ખૂબ મહત્ત્વ આપવામાં આવ્યું છે. દૈનિક જીવનમાં કર્મની ઉપયોગિતા અને તેને યોગ સુધી પહોંચાડવાની તત્પરતા ગીતાનો મુખ્ય ઉદ્દેશ્ય છે.

એમાં પણ અવશ્ય કરવાનાં કર્મોનું વિવેચન દરેક માનવી માટે ઉદ્ધારક છે. હા, જીવનમાં કેટલાંક કર્મો એવાં હોય છે જે કરવા ફરજરૂપ છે. એવાં કર્મોને અવશ્ય કરવાનાં કર્મો કહેવામાં આવ્યાં છે. અવશ્ય કરવાનાં કર્મો મનુષ્યના જીવનને શિસ્તબદ્ધ બનાવે છે. જે માણસ આ કર્તવ્ય કર્મો કરતો રહે છે, તે અંદરથી પણ પવિત્ર થતો જાય છે. આવાં કર્મો વ્યક્તિને સંયમ, શાંતિ અને પ્રસન્નતાની દિશામાં લઈ જાય છે. તેની વિચારસરણી ઊંચી બને છે અને તે આધ્યાત્મિક રીતે પ્રગતિશીલ બને છે.

આ અવશ્ય કર્મો કરવાનો અર્થ એ નથી કે મનુષ્ય ફળની ઈચ્છાથી કાર્ય કરે, પણ તે નિષ્કામ ભાવથી માત્ર કર્તવ્યભાવથી કર્મ કરે. એમાં ન કોઈ અહંકાર હોય, ન ફળલાલસા. આ પ્રકારનાં કર્મો મનુષ્યને બંધનમાંથી મુક્ત કરે છે.

વિશ્વ અને સમાજ માટે પણ માનવની ફરજો રહેલી છે. આ પરસ્પર પૂરક થવાનું ચક્ર ચાલતું રહે તે માટે પણ દરેક વ્યક્તિ પોતાનું કામ કરે જ એવું જરૂરી છે. દરેક વ્યક્તિના જીવનમાં કુટુંબ, સમાજ અને વિશ્વ માટેની જવાબદારીઓથી ભાગી જવું તે ગીતાકારને માન્ય નથી. કેમકે જો માણસ પોતાની ફરજોનો ત્યાગ કરે, તો આખી સમાજ વ્યવસ્થા છિન્નભિન્ન થઈ જાય.

ગીતા કહે છે કે શરીર ધારણ કરનાર મનુષ્ય માટે સંપૂર્ણ રીતે કર્મનો ત્યાગ શક્ય નથી. કર્મ તો કરવું જ પડે, પ્રશ્ન ફક્ત એનો છે કે તે કયા ભાવથી થાય છે. જો કર્મ પવિત્ર ભાવથી થાય, તો તે માણસને મોક્ષ તરફ લઈ જાય છે.

જો કોઈ તબીબ પોતાનાં આવશ્યક કર્મો કરવાનું ચૂકે તો પરિણામો માત્ર વ્યક્તિગત નહીં, પણ સામાજિક અને નૈતિક સ્તરે પણ હાનિકારક બની શકે.

તબીબનું કામ છે રોગીનો જીવ બચાવવો, સાચું નિદાન કરવું, સારવાર આપવી, અને દરદીને સ્વસ્થ જીવન તરફ દોરી જવો. તબીબ માત્ર વ્યાવસાયિક નથી તે જીવ બચાવનારો એક ઋષિ સમાન છે. જ્યારે કોઈ તબીબ પોતાની ફરજથી દૂર જશે જેમ કે સમયસર સારવાર નહીં આપે, શિષ્ટતાથી ન વર્તે, ખોટો ઈલાજ કરે, પૈસાની લાલચ રાખે કે ઓછા પૈસા મળતા હોવાથી ઈલાજ ટાળી દે ત્યારે તેની સીધી અસર માત્ર એક રોગી નહીં, અનેક પરિવારો પર પડી શકે છે. આવું વર્તન સામાજિક દૃષ્ટિથી નિંદનીય છે જ પણ ભગવદ્ગીતાની દૃષ્ટિએ પણ અધર્મ સમાન ગણાય છે, કારણ કે અવશ્ય કરવાનાં કર્મોમાંથી મુખ ફેરવવું એ સ્વધર્મથી પલાયન છે.

તે જ રીતે જ્યારે કોઈક શિક્ષક પોતાની ફરજ ચૂકે એટલે કે તેનાં અવશ્ય કરવાનાં કર્મોથી દૂર ભાગે ત્યારે પણ મોટી સામાજિક હાનિ થાય છે. શિક્ષકનું કામ માત્ર પાઠ ભણાવવો નહીં, પણ બાળકના મન, ચરિત્ર અને દિશાનું ઘડતર કરવું છે. શિક્ષક ભવિષ્ય ઘડે છે. તે કાચા માનસને ઊંડા સિદ્ધાંતો અને સારાં મૂલ્યો આપી શકે છે. હવે કલ્પના કરો કે શિક્ષક પોતાની ફરજમાંથી પલાયન કરે મોડો આવે, ખોટી માહિતી આપે, વિદ્યાર્થીમાં રસ જાગૃત ન કરે, પોતાની નિષ્પક્ષતા ગુમાવે કે વ્યક્તિગત રોષથી નિર્ણય કરે તો તે બાળકની એક આખી પેઢીને નુકસાન પહોંચાડી શકે છે.

જેમ ખેડૂત જમીન તૈયાર કરે છે, તેમ શિક્ષક મનુષ્યના આંતરિક ક્ષેત્રને તૈયાર કરે છે. જો એ ભૂમિકા ખોટી રીતે ભજવે, તો પૂરી પેઢી માર્ગભ્રષ્ટ થાય જેને ફરી સાચા માર્ગે લાવવા બહુ વખત લાગી જાય. શિક્ષકનું અવશ્ય કર્મ છે સાચું જ્ઞાન આપવું, બાળકને આધ્યાત્મિક અને નૈતિક ઉંચાઈ તરફ ઉઠાવવું. આ કર્તવ્યમાં છૂટછાટ રાજ્યની દૃષ્ટિએ તો ગુન્હા સમાન છે જ પણ ગીતાની દૃષ્ટિએ ઘોર પાપ છે.

મહંતસ્વામી મહારાજ સમજાવે છે કે 'દરેકને જે કાર્ય સોપાયું છે તે ચોકસાઈ અને ઊંડાણથી કરવું એ માત્ર એક પસંદગી નથી એ જીવનની અનિવાર્ય ફરજ છે. તેને આપણે આવશ્યક કર્મ કહીને ઓળખીએ છીએ. તે કામ ટાળવું, અવ્યવસ્થિત રીતે કરવું કે અનૈતિક વિચાર સાથે કરવું એ અધર્મ તરફનું પગથિયું બની શકે છે.' ■


---

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombay samachar.com

# સંસારમાં ક્યાંય ધર્મનું આચરણ થતું દેખાતું નથી

માતા સરસ્વતી અને બ્રહ્માજી ફરી બ્રહ્મલોક પહોંચતાં જુએ છે કે તેમનું બ્રહ્મલોક અડધું બળી ગયું હોય છે. માતા સરસ્વતી કહે છે, આ અગ્નિ તો સમસ્ત લોકોને બાળીને ખાખ કરી દેશે. ચાર વેદ સમાજરચનામાં મહત્ત્વનો ભાગ ભજવી રહ્યા છે તેમને વરદાનમાં આપશો જ નહીં. કમને બ્રહ્માજી અને માતા સરસ્વતી દુર્ગમાસુર પાસે પહોંચી કહે છે, દુર્ગમ બોલો તમને શું વરદાન જોઈએ છે. દુર્ગમાસુર કહે છે કે, 'પરમપિતા તમને ખબર જ છે કે મને ચાર વેદ અને ત્રિદેવોમાંથી કોઈપણ મારો વધ ન કરી શકે તેવું વરદાન જોઈએ છે. બ્રહ્માજી તેને સમજાવે છે કે ચાર વેદને મેળવીને તને કંઈ નહીં મળે. પણ દુર્ગમાસુર કહે છે કે 'પરમપિતા જો તમે પણ અન્ય દેવતાઓની જેમ કપટ કરવાના હો તો તમે અહીંથી ચાલી જાવ, મને તમારા વરદાન નથી જોઈતાં.' મુશ્કેલીમાં મુકાયેલા બ્રહ્માજીએ કહ્યું, 'તથાસ્તુ.' બ્રહ્માજીનું વરદાન મેળવતાં જ દુર્ગમાસુર ચાર વેદને લઈ પાતાળલોક જાય છે. ત્યાં ચારેય વેદને બંદી બનાવી સમસ્ત સંસારમાં હાહાકાર મચાવે છે. યજ્ઞ શાળામાં બેઠેલા બ્રાહ્મણો અને પુરોહિતોના મોઢેથી વેદ ઋચાઓના શ્લોકો નીકળતાં નથી, તેઓ ભૂલી જાય છે. દુર્ગમાસુર ત્યાં પહોંચી તેમને જણાવે છે કે, ચારેય વેદ મારા દાસ છે, મેં તેમને પાતાળલોકમાં કેદ કર્યાં છે. તમે દૈત્ય સંસ્કૃતિને અપનાવી લો અન્યથા તમને દંડિત કરવામાં આવશે. થાકી હારેલા બ્રાહ્મણો દૈત્ય સંસ્કૃતિને અપનાવતાં સંસારમાંથી દેવ સંસ્કૃતિનું પતન થવા લાગ્યું. પૃથ્વીલોક પર પોતાનું શાસન સ્થાપ્યા બાદ દુર્ગમાસુર સ્વર્ગલોક પહોંચે છે. દુર્ગમાસુરને મળેલા વરદાનની શક્તિનો આભાસ હોવાથી દેવરાજ ઇન્દ્ર અને દેવગણ ત્યાંથી પલાયન થઈ જાય છે. ત્રાહિત દેવર્ષિ નારદ ઋષિ મુનીઓ સાથે કૈલાસ તરફ પ્રયાણ કરે છે. તેમને શોધતાં શોધતાં દેવરાજ ઇન્દ્ર પણ કૈલાસ પહોંચે છે. દેવર્ષિ નારદ કહે છે, 'દેવાધિદેવ દૈત્ય દુર્ગમાસુરથી પિડિત તમારા ભક્તોની રક્ષા કરો. ચારેય વેદને દુર્ગમાસુરે પાતાળલોકમાં બંદી બનાવ્યા છે. પૃથ્વીલોક અને સ્વર્ગલોકનું વાતાવરણ દૂષિત થઈ ગયું છે. આટલું સાંભળતાં જ માતા પાર્વતી કહે છે, દેવતાઓ અને માનવોની અવદશા માટે શુક્રાચાર્ય જ જવાબદાર છે, ભગવાન શિવ શુક્રાચાર્યનું આહ્વાન કરતાં શુક્રાચાર્ય તુરંત કૈલાસ ઉપસ્થિત થાય છે. ભગવાન શિવ તેમને કહે છે કે, શુક્રાચાર્ય તમારા માર્ગદર્શનથી જ દુર્ગમાસુરનું આચરણ આટલું ક્રૂર છે. તેને આદેશ આપો કે ચારેય વેદને તુરંત મુક્ત કરે. ભગવાન શિવનો આદેશ લઈ શુક્રાચાર્ય ત્યાંથી વિદાય લે છે. ભગવાન શિવ કહે છે, 'શુક્રાચાર્ય તો ગયા પણ, શું તેઓ વેદોને દુર્ગમાસુરની કેદમાંથી છૂટા કરાવી શકશે?'



* * *

અસુરગુરુ શુક્રાચાર્ય પોતાના આશ્રમ પહોંચી દુર્ગમાસુરનું આવાહન કરે છે. છાકટો થયેલો દુર્ગમાસુર શુક્રાચાર્યનું આવાહન પર ધ્યાન આપતો નથી. છેલ્લે થાકી હારી શુક્રાચાર્ય દુર્ગમાસુર પાસે પહોંચે છે.

અસુર ગુરુ શુક્રાચાર્યઃ 'દુર્ગમાસુર... શું તમને મારું આવાહન ન મળ્યું.'

દુર્ગમાસુરઃ 'શુક્રાચાર્ય... એટલું યાદ રાખો કે હું તમારો દાસ નથી, તમારે ત્રિલોકવિજેતા અસુર સમ્રાટની પ્રતિભાનું સન્માન જાળવવું જોઈએ. તમારે ધ્યાન રાખવું જોઈએ કે, તમે અસુર સમ્રાટને આવાહન કઈ રીતે આપી શકો.'

અસુર ગુરુ શુક્રાચાર્યઃ 'દુર્ગમાસુર તમે ભૂલી ગયા લાગો છો કે તમે પાતાળ લોકમાં દબાઈ ગયેલા હતા બહાર નીકળી શકતાં નહોતાં મેં તમને બહાર કાઢયા અને જ્યારે દેવતાઓ તમારો વધ કરતા હતા ત્યારે મેં જ તમને બચાવ્યા હતા.'

દુર્ગમાસુરઃ 'શુક્રાચાર્ય તમારે ભૂલવું ન જોઈએ કે દૈત્યજાતિને આટલું માન સન્માન તમે નથી અપાવ્યું. મેં મારી તપસ્યાથી વરદાન મેળવી અપાવ્યું છે.'

અસુર ગુરુ શુક્રાચાર્યઃ 'દુર્ગમાસુર હું દૈત્યજાતિના ગુરુ હોવાના પ્રતાપે તમને આદેશ આપું છું કે ચારેય વેદને તુરંત મુક્ત કરો.'

દુર્ગમાસુરઃ 'આદેશ... પરમ બળશાલી, મહાપરાક્રમી, ત્રિલોકવિજેતા, દૈત્યઉદ્ધારક દુર્ગમાસુરને આદેશ, તમારા દુઃસાહસની પ્રશંસા કરવી પડશે શુક્રાચાર્ય કેમકે હજી પણ તમે તમારા આદેશની પરિભાષામાં મને બાંધવાની કોશિશ કરી રહ્યા છો.'

અસુર ગુરુ શુક્રાચાર્યઃ 'દુર્ગમાસુર હજી સમય વિત્યો નથી સમજદારી બતાવ, આટલો અહંકાર તારા પતનનું કારણ બનશે.'

દુર્ગમાસુરઃ 'મારું અને પતન... અસંભવ. મૂર્ખ શુક્રાચાર્ય તને આદેશ આપું છું કે તુરંત શિવની આરાધના છોડ, મારી આરાધના કર, સમસ્ત સંસાર મારી આરાધના કરી સુખ ભોગવી રહ્યું છે, તું પણ મદિરાપાન કરી સુખ ભોગવ.'

અસુર ગુરુ શુક્રાચાર્યઃ 'દુર્ગમાસુર ભગવાન શિવની આજ્ઞાની અવહેલના ન કરો, તુરંત ચારેય વેદને મુક્ત કરો.'

દુર્ગમાસુરઃ 'શિવ... શિવ... શિવ... ન કર, જા અહીંથી. એ તારા ભગવાન શિવને પણ હું જોઈ લઈશ.'

કોઈ પણ વાત દુર્ગમાસુર માનતો ન હોવાથી કંટાળીને શુક્રાચાર્ય ત્યાંથી વિદાય લે છે.

* * *

સામે દેવતાઓનો પક્ષ દુર્ગમાસુરની સાથે યુદ્ધમાં પરાજિત થઈ સ્વર્ગલોકથી પલાયન થયા બાદ અહીંતહીં ભટકી રહ્યા હતા. દેવગુરુ બૃહસ્પતિ અને દેવર્ષિ નારદ જુએ છે કે દુર્ગમાસુર શુક્રાચાર્યની વાત માનતો નથી અને શુક્રાચાર્ય ત્યાં જઈ રહ્યા છે. દેવર્ષિ નારદ અને બૃહસ્પતિ જુએ છે કે સંસારમાં ક્યાંય ધર્મનું આચરણ થતું દેખાતું નથી અને દરેક જગ્યાએ અનીતિ અને અધર્મ થઈ રહેલો દેખાય છે. દેવગુરુ બૃહસ્પતિ અને દેવર્ષિ નારદ ચર્ચામગ્ન હોય છે કે ત્યાં દેવરાજ ઈન્દ્ર સહિત દેવગણો ત્યાં પધારે છે.

દેવરાજ ઈન્દ્રઃ 'ગુરુદેવ, મને ક્ષમા કરો, હું હંમેશાં તમારા આદેશનું અપમાન કરું છું. આવેલી વિપત્તિથી દેવતાઓને બહાર કાઢો.'

દેવગુરુ બૃહસ્પતિઃ 'દેવરાજ તમે દેવતા યોનિ ધરાવો છો, હું તમારો ગુરુ છું, તમને માર્ગદર્શન કરવાથી વિમુખ કઈ રીતે થઈ શકું. પ્રથમ આપણે દેવર્ષિ નારદનાં મંતવ્યો સમજવા જોઈએ ત્યારબાદ જ દેવતાઓની રણનીતિ બનાવવી જોઈએ.'

દેવરાજ ઈન્દ્રઃ 'જ્યારે જ્યારે દેવતાઓ પર સંકટ આવી પડયું છે ત્યારે દેવર્ષિ નારદ તમે દેવતાઓને સહાય કરી છે, હવે ફરી માર્ગદર્શન આપો.'

દેવર્ષિ નારદઃ 'દેવરાજ ઈન્દ્ર, જ્યારે જ્યારે મોટા અસુરનો વધ થાય છે, ત્યારબાદ તમને ફરી સ્વર્ગલોકનું સિંહાસન મળે છે અને સિંહાસન મળતાં જ તમે સંસાર કલ્યાણ અને આરાધનાનો માર્ગ ભૂલી સંગીતની મહેફિલમાં વિલુપ્ત થઈ જાઓ છો. એ સમયગાળામાં કોઈ નવો અસુર ફરી બળવાન થઈ જાય છે અને તમારે સ્વર્ગલોક ખોવું પડે છે. હવે સમય બચ્યો નથી આપણે ત્વરાએ કૈલાસ પહોંચવું જોઈએ. (ક્રમશઃ) ■

---

વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback@ bombaysamachar.com

# ધર્મના પવિત્ર પ્રતીકોમાં મહત્ત્વનો શંખ

શંખનું હિન્દુ ધર્મમાં વિશેષ મહત્ત્વ છે. અનેક કથાઓ, દંતકથાઓ, પરંપરાઓ અને ધાર્મિક વિધિઓ સાથે શંખ સંકળાયેલા છે. શંખ કુદરતી રીતે જ સમુદ્રથી ઉત્પન્ન થયેલા હોય છે. વિષ્ણુ પુરાણ અનુસાર, શંખ સમુદ્ર મંથનમાંથી ઉદ્ભવ્યો હતો. સમુદ્ર મંથન દરમિયાન, શંખ સમુદ્રમાંથી નીકળેલા ૧ ૪ રત્નોમાંથી એક હતું. અન્ય કથા મુજબ, જ્યારે ભગવાન શ્રીકૃષ્ણએ સમુદ્ર કિનારે જઈને શંખાસુરનો વધ કર્યો, ત્યારે તેનું બહારનું રક્ષાત્મક આવરણ શેષ રહ્યું. શંખની ઉત્પત્તિ તેમાંથી જ થઇ.

દેવી લક્ષ્મી સમુદ્રરાજના પુત્રી છે, અને શંખની ઉત્પત્તિ પણ સમુદ્રમાંથી થઇ છે, તેથી શંખને દેવી લક્ષ્મીનો ભાઈ કહ્યો છે. એવું માનવામાં આવે છે કે જ્યાં શંખ રહે છે, ત્યાં દેવી લક્ષ્મીનો પણ વાસ હોય છે. ભગવાન શ્રી હરિ હંમેશાં તેને પોતાના હાથમાં ધારણ કરે છે. મંગળકારી અને શક્તિપુંજ હોવાથી, સૂર્ય, દેવી અને વેદમાતા ગાયત્રી જેવા અન્ય દેવતાઓ પણ તેને પોતાના હાથમાં ધારણ કરે છે; શંખમાં અન્ય દેવતાઓનો પણ વાસ હોવાનું માનવામાં આવે છે. એવું કહેવાય છે કે શંખના મૂળ ભાગમાં ચંદ્ર, કુક્ષીમાં વરુણ, પૃષ્ઠ ભાગમાં પ્રજાપતિ અને આગળ ગંગા અને સરસ્વતી રહે છે.



ભારતીય સંસ્કૃતિમાં શંખનું ધાર્મિક અને સામાજિક, બંને પ્રકારનું મહત્ત્વ છે. સામાજિક દૃષ્ટિએ જોઈએ તો પરંપરાગત રીતે યુદ્ધમાં શંખનાદ મહત્ત્વપૂર્ણ માનવામાં આવતો હતો. સવારે શંખનાદ એ યુદ્ધની શરૂઆતનો સંકેત આપતો હતો. સાંજે, તે દિવસના યુદ્ધના અંતનું પ્રતીક હતું યુદ્ધ સમાપ્ત થયા પછી વિજયી પક્ષ પણ શંખનાદ કરીને વિજયની જાહેરાત કરતા હતા. અર્જુનના સારથી ભગવાન કૃષ્ણએ યુદ્ધની ઘોષણા કરવા માટે તેમનો પંચજન્ય શંખ વગાડ્યો હતો. સંસ્કૃતમાં પંચજન્યનો અર્થ 'પાંચ વર્ગના જીવો પર નિયંત્રણ રાખનાર' થાય છે. નોંધનીય છે કે પાંડવો પણ પાંચ હતા! કહે છે કે શ્રી કૃષ્ણના પંચજન્ય શંખનો નાદ સિંહની ગર્જના જેવો ભયંકર હતો. ભગવાન કૃષ્ણે પોતાના ગુરુ સંદીપનીના પુત્રને ચોરીને શંખમાં છુપાવનાર રાક્ષસ પંચજન્યને પૃથ્વી અને આકાશમાં શોધખોળ કરી, અંતે તેનો વધ કર્યો. ગુરુના ખોવાયેલા પુત્રને પાછો આપીને કૃષ્ણએ ગુરુ દક્ષિણા અર્પણ કરી હતી. પાંચેય પાંડવ ભાઈઓના પોતાના શંખ હોવાનું વર્ણવવામાં આવ્યું છે. યુધિષ્ઠિર પાસે અનંતવિજય, ભીમ પાસે પૌંડ્ર, અર્જુન પાસે દેવદત્ત, નકુલ પાસે સુઘોષ અને સહદેવ પાસે મણિપુષ્પક હતા.

અથર્વવેદ અનુસાર, શંખ રાક્ષસોનો નાશ કરનાર છે - 'શંખેણ હત્વા રક્ષાંસી.' દેવી-દેવતાઓ પણ યુદ્ધો દરમિયાન રાક્ષસોમાં ભય પેદા કરવા માટે શંખ વગાડતા હતા, જેનાથી તેમનું મનોબળ તૂટી જતું હતું અને સરળતાથી તેમનો સંહાર કરી શકાતો હતો. વૈદિક સમયમાં, શંખમાં જળ ભરીને તે જળથી રાજાઓનો રાજયાભિષેક કરવામાં આવતો હતો.

શંખનાદ ધાર્મિક વિધિવિધાનનો પણ ભાગ રહ્યો છે. મંદિરોમાં, પૂજારી આરતી અને પૂજા પહેલાં અને પૂજા દરમિયાન શંખનાદ કરે છે. જોકે, આ બંને પરિસ્થિતિઓમાં વપરાતા શંખ અલગ અલગ હોવા જોઈએ. વરુણ પુરાણ મુજબ, પૂજારી શંખનાદ કર્યા પછી જ મંદિર ખોલી શકે છે.

શંખનો ધ્વનિ સૃષ્ટિના સર્જન વખતે ઉત્પન્ન પ્રથમ ધ્વનિ ઓમકાર જેવો હોય છે. તેના નાદથી થતાં કંપન વાતાવરણની નકારાત્મક ઊર્જા દૂર કરે છે. શંખમાંથી પસાર કરેલું જળ તીર્થજળ જેટલું પવિત્ર મનાય છે. કહેવાય છે કે, શંખમાં પાણી ભરીને ઘરમાં છાંટવાથી ઘરની નકારાત્મક ઊર્જા દૂર થાય છે. ભગવાન વિષ્ણુનો અભિષેક કરવા શંખમાંથી જળ અર્પણ કરવાનું વિધાન છે. ઘરમાં સવાર-સાંજ શંખ ફૂંકવાથી ભૂત-પ્રેતનો અવરોધ પણ દૂર થાય છે. શંખનો ધ્વનિ સાત ચક્રોને જાગૃત કરે છે. આ ધ્યાન અને આધ્યાત્મિક અભ્યાસમાં મદદ કરે છે. શંખના ધ્વનિથી વાસ્તુદોષનું પણ નિવારણ થાય છે. સનાતન ધર્મની સાથે, શંખને બૌદ્ધ ધર્મમાં આઠ શુભ પ્રતીકોમાંનું એક માનવામાં આવે છે, જેને અષ્ટમંગલ કહે છે.

મૂળ શંખ બે પ્રકારના જોવા મળે છે. એક દક્ષિણાવર્તી શંખ અને બીજો વામવર્તી શંખ. વામાવર્તી શંખ એટલે જે શંખનો ખૂલતો ભાગ ડાબી તરફ હોય તેવો. આ પ્રકારના શંખ સામાન્યપણે જોવા મળે છે. જ્યારે દક્ષિણાવર્તી શંખ તેને કહેવાય છે જેનો ખૂલતો ભાગ જમણી તરફ હોય. આ પ્રકારના શંખ દુર્લભ હોય છે. માટે જ તેની કિંમત પણ વધુ હોય છે. દક્ષિણાવર્તી શંખ અતિ પવિત્ર મનાય છે. જેમ જમણી સૂંઢાળા ગણપતિ જાગૃત ગણાય છે, અને તેમની વિધિવિધાન પૂર્વક નિયમિત પૂજા-અર્ચના કરવી આવશ્યક છે, તેવું જ દક્ષિણાવર્તી શંખ વિશે માનવામાં આવે છે. તેને અનંત અંતરિક્ષનું પ્રતીક માનવામાં આવે છે. આ ઉપરાંત પણ શંખના દેખાવના આધારે શંખને વિવિધ અનેક નામ મળ્યા છે. તેમાંથી કેટલાક વિશેષ નામ, ગણેશ શંખ, કોડી શંખ, મહાલક્ષ્મી શંખ (તેને શ્રીયંત્ર પણ કહે છે), કામધેનુ શંખ (ગૌમુખી શંખ પણ કહેવાય છે.) ■

# ગંગસાહેબનું સાધકને માટે ચેતવણી ભજન

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

ગંગસાહેબની રચનાઓ ગંગારામ નામછાપથી પણ પ્રાપ્ત છે. ગંગસાહેબ ભાણસાહેબના પુત્ર ખીમસાહેબના પુત્ર તરીકે જાણીતા છે. ખીમસાહેબે રવિસાહેબ સાથે ખૂબજ સત્સંગ અને યોગવિદ્યાનો વિમર્શ કરેલો. પુત્ર ગંગસાહેબને રવિસાહેબ પાસે દીક્ષા ગ્રહણ કરાવરાવેલી. વધુ સમય તેમણે સાધના ઉપાસનામાં પિતાશ્રી ખીમસાહેબની જગ્યા કચ્છના રાપરમાં નિવાસી બનીને સાધનામાં ક્રિયાશીલ રહેલા. ઈ.સ.૧૮૨૭માં એમણે મોરારસાહેબની નીશ્રામાં આમરણ ગામની જગ્યાને સ્થાનકે સમાધિ લીધેલી.


યોગમાર્ગના મરમી ખીમસાહેબ અને યોગસાધનાના મોટા યોગી રવિસાહેબના શિષ્ય તરીકે તેમણે પોતાની શક્તિ પ્રમાણે પોતાની રીતે યોગસિદ્ધિ પ્રાપ્ત કરેલી.

ગંગસાહેબની ભજન રચનાઓ વિષયે બહુ ઓછો સ્વાધ્યાય થયો છે. બાલ્યાવસ્થાથી જ તેઓ પિતાશ્રી ખીમસાહેબની યોગિક સિદ્ધિઓથી સુપરિચિત થતાં જીજ્ઞાસાથી એ પથમાં સેવાકાર્યમાં સહયોગ આપતા રહ્યા અને સાધનામાં આગળ વધીને સિદ્ધિ મેળવી ચૂકેલા. તેઓ રવિસાહેબના શિષ્ય પણ સાધનાની અનુભૂતિની પોતીકી અભિવ્યક્તિ એમણે સ્થાપી. ગંગસાહેબ રવિ-ભાણ પરંપરાનો મહત્ત્વનો અવાજ પ્રસરાવનાર હોવા છતાં એને એ રીતે બહુ મૂલવ્યા પણ નહીં.

મકરંદભાઈએ અમને ભજનશિબિરમાં, નંદિગ્રામમાં એની એક પંક્તિ અમારા સમક્ષ ટાંકેલી. ભાયાણીસાહેબને શ્રોતા તરીકે મેં વર્ષો સુધી અનેક કાર્યક્રમમાં જોયા છે. કાર્યક્રમમાં પૂર્તિ રૂપે લગભગ કશુંક ઉમેરણ કરતા સાંભળ્યા છે. પણ એ દિવસે મકરંદભાઈએ ભજનના અભ્યાસમાં એની વાણીને સમજવામાં રાખવાની સાવધાની તરીકે ગંગસાહેબની ભજનરચનાનો સંદર્ભ ટાંકીને કહેલું કે,

*મન ગાળીને સંતોને મળીએ*
*ભ્રાંતું ભાંગીને ભળીએ, જેમ પાણીમાં પાણી....*

મકરંદભાઈ તો ભજનનાં મરમી સંત હતા. સંત કેરી વાણીમાં આસ્વાદ માટે એમણે સિતેરથી વધુ ભજનો રવિભાણ પરંપરાના સંતોના પસંદ કર્યા છે. એમનો આસ્વાદ અને અર્થઘટન મને દિશા દર્શક જણાયા છે. એમણે પ્રવેશકમાં જ પ્રેમલક્ષણા ભક્તિ ઉપરાંત યોગમાર્ગની ઉપાસનાની અનુભૂતિને-આત્મપ્રતીતિને ગાનારા કવિઓની વાણી વિગતે તપાસાવી જોઈએ. મને એ કારણે મધ્યકાલીન જ્ઞાનમાર્ગી ધારાની વાણીનો અભ્યાસ કરવાની પ્રેરણા થયેલી. અને રવિભાણ પરંપરાનું તત્ત્વદર્શન અવલોક્વા ઉદ્યુક્ત થવાની



સ્પૃહા પ્રગટેલી.

ગંગારામ-ગંગસાહેબની એક ખૂબ જ પ્રચલિત પરંપરિત-ભજન પરંપરાને આસ્વાદીએ-

*હે મનવા, રામ સમર હૈયે હેત આણી*
*પ્રેમે પૂજા કરીને થાવને પાવન પ્રાણી,*
*અંતરમાં સમરોને સારંગપાણિ. ....(ટેક)...૧*
*મન ગાળીને સંતોને મળીએ,*
*ભ્રાંતું ભાંગીને ભળીએ, જેમ પાણીમાં પાણી. હે મનવા...૨*
*તન મન ધન અરપીને સેવા કીજે,*
*હરિને હરદે રાખો, જુઠી માયાને જાણી. હે મનવા...૩*
*હે તે પ્રીતે હળતા ને ભળતા,*
*જશ રાખી ચાલ્યા, જગમેં વરતી વાણી. હે મનવા...૪*
*ભજન પ્રતાપે પતિત ઓધારણ,*
*અવિચળ પદને પામ્યા, મહારસને માણી. હે મનવા...૫*
*ગંગારામ ગુરુ ખીમ, ભાણ રવિ*
*શરણે સદાય રાખો, જન આપનો જાણી. હે મનવા...૬*

ગંગારામ નામછાપથી મળતી ગંગસાહેબની આ રચનામાં એમણે ખીમસાહેબ અને રવિસાહેબ એમ બન્નેનો નિર્દેશ કરેલ છે. પણ સાથે-સાથે યોગ સાધકે રાખવાની જાળવવાની કેટલીક વિગતો કથી છે. એ રીતે મને આ ચેતવણીનું ભજન જણાયું છે. ગંગસાહેબ ગાય છે કે-

હે મનુષ્ય-ભક્ત-રામનામ સ્મરણ કરવું પણ હૈયામાં સ્નેહ-હેત ધારણ કરીને, પ્રેમથી પૂજા કરીને પાવન-પવિત્ર થવાનું છે. અંતઃકરણથી, હૃદયભાવથી ઈશ્વરને સ્મરવાના છે.

શરીર, મન અને દ્રવ્ય બધું જ એમને અર્પણ કરીને હરિને હૃદયમાં ધારણ કરીને એમની સેવા-પૂજા-સાધના આરાધનામાં તલ્લીન થવું. માયા-મોહતત્ત્વને જુઠું માનીને એની આસક્તિ છોડીને હે માનવ હૈયામાં સ્નેહાસક્ત ભાવ ધારણ કરીને રામનામનો જપ કરો.

હેત, પ્રેમ રાખીને બધાની સાથે હળીને-મળીને સમરસતા-સમભાવ અને સદભાવ ધારણ કરીને યશ ફેલાવતા રહો કે જેથી જગતમાં-સમાજમાં તમારી વાત-વાણી અન્યને પણ સ્પર્શી જાય. બધા સાથે ભળવાની સમરસતાની વિગત અહીં છે.

આવા ભક્તિભાવથી, ભજનપ્રભાવથી જ અનેક સાધકો અવિચળ પદને પામ્યા છે. તેઓએ ભક્તિરૂપી મહારસને ખરા અર્થમાં માણ્યો છે. માટે હે માનવ તું રામનામ સ્મરણમાં જ લીન રહે.

ગંગસાહેબ પણ કહે છે કે ભાણના શિષ્ય ખીમસાહેબ અને રવિસાહેબ તમો સદાય મને આપનો જન-આત્મજ માનીને આપના શરણમાં જ રાખો.

ગંગસાહેબ ગુરુકૃપાર્થી છે અને એની પાછળનું પરિબળ એમનું સહજ પ્રકારનું ભક્ત હૃદય કારણભૂત છે. સાધકે સાધના, સાધનાક્રિયા અને સિદ્ધિ પ્રાપ્તિ પછી પણ જે ઘટકો જાળવવાના છે. એનો હૃદયસ્પર્શી વાણીમાં પરિચય કરાવતી આ રચના. અજપાજાપની ક્રિયાને કથે છે. ગંગસાહેબે સનાતન સત્ય, સત્વ અને તત્ત્વ અહીં આલેખેલું અવલોકવા મળે છે. ■

# મૃત્યુ પછી પણ ફરજ નિભાવતા સૈનિકનું મંદિર!

ફોકસ

કવિતા યાજ્ઞિક
feedback@bombaysamachar.com

આપણા દેશમાં દેવી-દેવતાઓના મંદિરો હોય એ તો નવાઈની વાત નથી. આપણને અહીં ફિલ્મી કલાકારોથી લઈને રાજકારણીઓનાં મંદિરો બન્યાં હોય તેવા દાખલા પણ જોવા મળે છે. જોકે, આપણે એવા કોઈ મંદિરની વાત નથી કરવી. તો કોના મંદિરની વાત કરીશું? આજે આપણે એક સાવ અનોખા મંદિરની વાત કરવી છે. તેના વિશે જાણીને એક ભારતીય તરીકે પણ આપણું મસ્તક ગર્વથી ઊંચું થઇ જાય, આંખોમાં અહોભાવ છલકાઈ આવે.

ગુજરાતની ધરતીની માટીની સુગંધ જેમની રચનાઓમાં છલકાય છે, તેવા કવિ દાદની અમર રચના છે,

‘ધડ ધીંગાણે, જેનાં માથાં મસાણે, એના પાળિયા થઇને પૂજાવું
રે ઘડવૈયા, મારે ઠાકોરજી નથી થાવું!’

આ શબ્દોને અક્ષરશઃ સાચો કરનાર એક સૈનિકના મંદિરની વાત કરવી છે. અને આશ્ચર્યની વાત એ છે કે, ખરેખર જીવતાંજીવ નહીં, પરંતુ મૃત્યુ પછી પણ ધડ ધીંગાણે, અર્થાત્ સરહદ પર તેની હાજરી છે!! ન માની શકાય તેવી પણ આ હકીકત છે. આમ તો આપણે ભૂતપ્રેત જેવી વાતોને અંધશ્રદ્ધા ગણીને નકારી દઈએ છીએ. પણ સરહદ પર પહેરો ભરતાં અનેક સૈનિક, સાક્ષી પુરાવે છે કે હા, તેઓ છે.

આપણે જેની વાત કરી રહ્યા છીએ, તે છે ભારતીય સેનાના જાબાંઝ સિપાહી હરભજન સિંહ, જેઓ હવે બાબા હરભજન સિંહ તરીકે ઓળખાય છે. ૩૦ ઓગસ્ટ ૧૯૪૬ના રોજ પંજાબ (હાલનું પાકિસ્તાન)ના સદરાણા ગામમાં જન્મેલા હરભજન ૧૯૬૬માં ભારતીય સેનાની પંજાબ રેજિમેન્ટમાં સૈનિક તરીકે જોડાયા. આ પછી, ૧૯૬૮માં, તેમને ૨૩મી પંજાબ રેજિમેન્ટ સાથે પૂર્વ સિક્કિમમાં પોસ્ટ કરવામાં આવ્યા.

૪ ઓક્ટોબર, ૧૯૬૮ ના રોજ, નાથુલા પાસ પાસે ખચ્ચરના ઝુંડને દોરી જતી વખતે, તેનો પગ લપસી ગયો અને તે કોતરમાં પડી ગયો, જેના કારણે તેનું મૃત્યુ થયું. તે સમયે કોતરોમાં વહેતા પાણીના જોરદાર પ્રવાહ સાથે તેનું શરીર તણાઈ ગયું. ભારે શોધખોળ બાદ પણ તેમનો મૃતદેહ મળી નહોતો રહ્યો. તે સમયે સૌથી પહેલી આશ્ચર્યજનક ઘટના બની. હરભજન સિંહ તેમના એક સાથી સૈનિક પ્રીતમ સિંહના સપનામાં દેખાયા અને તેને તેમના ગુમ થયેલા શરીરની જગ્યા જણાવી સેનાના અધિકારીઓએ પહેલા તો આ વાત ન માની. પરંતુ આશ્ચર્યજનક રીતે, ભારતીય સેનાને ત્રણ દિવસની શોધખોળ પછી બરાબર તે જ સ્થળે તેમનો મૃતદેહ મળ્યો, જે જગ્યા સાથી સૈનિકને સપનામાં



જણાવી હતી! એવું કહેવાય છે કે હરભજન સિંહે પોતાના સાથીને સ્વપ્નમાં દર્શન આપીને પોતાનું સ્મારક બનાવવાની વિનંતી કરી હતી. ત્યારબાદ, યુનિટે જેલેપ પાસ અને નાથુલા પાસ વચ્ચે ૧૪,૦૦૦ ફૂટની ઊંચાઈએ સિપાહી હરજભજન સિંહની સમાધિ બનાવી. આ સમાધિ હવે એક મંદિરમાં ફેરવાઈ ગઈ છે.

ત્યાં બાજુમાં હરભજન સિંહનો અંગત રૂમ છે જેમાં તેમનો તમામ અંગત સામાન છે - સુઘડ રીતે રાખેલા યુનિફોર્મ, પોલિશ્ડ જૂતા, સારી રીતે જાળવણી કરેલ સૂવાનો પલંગ અને અન્ય ઘરગથ્થુ સામાન. ભારતીય સેનાના સૈનિકો મંદિરની ચોકીદારી કરે છે અને દરરોજ તેમના જૂતા પોલિશ કરે છે. ત્યાં તૈનાત સૈનિકોએ ઘણીવાર તેમના જૂતા પર કાદવ અને તેમના પલંગ પર કરચલીઓ જોયાની વાત કરી છે. ક્યારેક બીજી સવારે બધું વ્યવસ્થિત ગોઠવાઈ ગયાનું પણ જોવાયું છે.

હરભજન સિંહ મૃત્યુ પછી પણ સૂક્ષ્મ દેહે સરહદની રખેવાળી કરે છે, તેની પુષ્ટિ અનેક ભારતીય સૈનિકો કરી ચુક્યા છે. ઘણા સૈનિકોએ હરભજન સિંહને ઘોડા ઉપર સરહદની ચોકી કરતા જોયા છે. તમે નહીં માનો, પણ સિક્કિમની સરહદે ચોકી કરતા ચીની સૈનિકોએ પણ રાત્રીના સમયે તેમને સરહદ પર એકલા ચોકી કરતા જોયાનો દાવો કર્યો છે! ચીની સૈનિકોમાં તેને કારણે હરભજન સિંહનો ડર પેસી ગયો છે.

આપણા કેટલાક સૈનિકોએ કહ્યું છે કે હરભજન સિંહ તેમને સ્વપ્નમાં આવીને દુશ્મનની ગતિવિધિઓની માહિતી આપી જાય છે. આ માહિતી દરેક વખતે સચોટ પણ સાબિત થઇ છે! તેને કારણે લશ્કરને સરહદની સુરક્ષામાં ઘણી મદદ મળે છે. ઘણા સૈનિકો જેમના ગણવેશમાં શિસ્તનો અભાવ હોય, અથવા જેઓ રાત્રે પેટ્રોલિંગ કરતી વખતે સૂઈ જતા હતા, તેમને હરભજન સિંહે થપ્પડ મારી હોવાના અહેવાલ છે. સૈનિકોને નજીકમાં કોઈની હાજરી ન હોવા છતાં તેમને થપ્પડ પડતી હતી!

હરભજન સિંહની મૃત્યુ પછી પણ ડ્યૂટી નિભાવવાની આ દેશભક્તિને ભારતીય સેનાએ બિરદાવીને તેમની નોકરી કાયમ રાખી હતી. તેમને રીતસરનો પગાર પણ અપાતો હતો, જે તેમના પરિવારને મોકલવામાં આવતો હતો. અન્ય સૈનિકોની જેમ તેમને પણ બે મહિનાની છુટ્ટી અપાતી હતી. તે દરમિયાન તેમના ઘરે જવા માટે ટ્રેન ટિકિટ બુક કરવામાં આવે અને સ્થાનિક લોકો તેમનો સામાન લઈને રેલવે સ્ટેશન પર છોડવા પણ જાય.

સૈનિકો તેમનો સમાન તેમના ઘરે મૂકી આવે અને રજા પૂરી થતાં ફરીથી તેમના રૂમમાં ગોઠવી દેવાય. તેમને સમય-સમયે પ્રોમોશન પણ અપાતું હતું. તેઓ ડિસેમ્બર ૨૦૧૬માં સેનામાંથી માનદ કેપ્ટન તરીકે સત્તાવાર રીતે નિવૃત્ત થયા. પરંતુ ભારત-ચીન ફ્લેગ મિટિંગમાં હરભજન સિંહના બેસવા માટે એક ખુરશી આજે પણ ગોઠવાય છે.

બાબા હરભજન સિંહના મંદિર પર તેમની પુણ્યતિથિના દિવસે વિશેષ કાર્યક્રમનું આયોજન થાય છે. તેમના મંદિર પર ધરાવવામાં આવેલું પાણી પીવાથી બીમાર વ્યક્તિ સાજો થવાની માન્યતા છે. ૨૧ દિવસ સુધી આ પાણી વાપરી શકાતું હોવાનું કહેવાય છે. નિવૃત્તિ પછી પણ માનદ કેપ્ટન હરભજન સિંહ સરહદ પર પોતાની સેવા આપી રહ્યા છે તેવું કહેવાય છે. ન માત્ર ભારતીય સેના, પણ પ્રત્યેક ભારતીયને આ મંદિરની મુલાકાત લઈને ગર્વની લાગણી થાય તે સ્વાભાવિક છે. ■

# પરબ ધામના સંત કવિ હમીરો ભગત

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com



પરબના સાંઈ શેલાણીના શિષ્ય હમીર ભગતનો જન્મ જૂનાગઢ પાસેના ધણફૂલિયા ગામે વાલ્મીકિ-રૂખી જ્ઞાતિમાં થયેલો. જેમની સમાધિ ધણફૂલિયા ગામે આવેલી છે. (સંત દેવીદાસ પુસ્તકમાં હરસુર ગઢવીએ તેમને જામનગરના કુંભાર ભક્ત તરીકે ઓળખાવ્યા છે.)

*પરબુંના પીરને કોઈ સમજાવીને કેજો રે...*
*રોઈ રોઈ અંખિયાં મેં તો લાલ કરી છે,*
*મારા નેણલે વરસે ઉના મેહ.*
*પરબના પીરને કોઈ સમજાવી કેજો રે...૦*
*સાયાંજીની હાર્યે મારૂં સગપણ કીધું,*
*મારૂં જોબનિયું છે નાનું બાળ.*
*પરબના પીરને કોઈ સમજાવી કેજો રે...૦*
*દેશ પરદેશના જોશીડા તેડાવો,*
*મારાં ઘડિયાં લગનિયાં લેવડાવો રે...*
*પરબના પીરને કોઈ સમજાવી કેજો રે...૦*
*આલા રે લીલુડા રૂડા વાંસ વઢાવો,*
*મારા ચિતડામાં ચોરી ચીતરાવો રે...*
*પરબના પીરને કોઈ સમજાવી કેજો રે...૦*
*સાયાંજીની સાથે મારી વરમાળા રોપાવો,*
*હું તો પ્રીતે પરણું રે...*
*પરબના પીરને કોઈ સમજાવી કેજો રે...૦*
*સાંઈ શેલાણી ચરણે બોલ્યા હમીરો,*
*મને લાગી લગનિયાંની લે..*
*પરબના પીરને કોઈ સમજાવી કેજો રે...૦*

કરમણપીરના શિષ્ય સેલાનીશાએ ધોરાજીમાં જગ્યા બાંધેલી. પાછળથી ત્યાં હૂરબાઈ માતાજી નિવાસ કરતા.

*સાંઈ મુંજા મહેરૂં રે કરો તો,*
*હમકો એસા સંત મિલત હે...*
*નિરખું નેણાંથી ભરપૂર,*
*દલડેથી રાખું નહીં એને દૂર,*
*સાંઈ મુંજા મહેરૂં રે કરો તો,*
*હમકો એસા સંત મિલત હે...૦*
*કોણ તારી વાડી ખાવંદ કોણ વિસ્તારા ગુરુ મારા*
*કોણ રે ડાળી ને કોણ એનાં મૂળ?..*
*સાંઈ મુંજા મહેરૂં રે કરો તો,*
*હમકો એસા સંત મિલત હે...૦*
*સત મારી વાડી ખાવંદ,*
*વચન વિસ્તારા ગુરુ મારા*
*દયા રે ડાળી ને ધરમ એનાં મૂળ..*
*સાંઈ મુંજા મહેરૂં રે કરો તો,*
*હમકો એસા સંત મિલત હે...૦*
*ન્યાંથી ડગલાં પાછાં નહીં રે વળે રે ગુરુ મારા*
*પાટી રે થોડી ને પંથડો છે દૂર...*
*સાંઈ મુંજા મહેરૂં રે કરો તો, હમકો એસા સંત મિલત હે...૦*
*કરમણ પ્રતાપે સાંઈ શેલાણી બોલ્યા ગુરુ મારા*
*હીરલો મળ્યો છે મોંઘેરા મૂલ..*
*સાંઈ મુંજા મહેરૂં રે કરો તો,*
*હમકો એસા સંત મિલત હે...૦*

(કેટલાક ભજનિકો આ રચના ગાતી વખતે માત્ર બોલ્યા સાંઈ શેલાણી...એમ નામાચરણ વાળે છે તો કેટલાક ભજનિકો ‘સાંઈ શેલાણીના ચરણે બોલ્યા દાસ હમીરો...’ એમ આ રચનાને હમીરાની રચના તરીકે સ્થાપે છે...)

મોબાઈલ યુટ્યૂબ પર પચીસેક જેટલા વિવિધ ભજનકલાકારોના કંઠેથી વિવિધ પાઠાંતરો- શબ્દાંતરો સાથે આ ભજન વિવિધ રાગ-તાલ- સંગીતમાં સાંભળવા મળે છે... પરબના ફકીર જ્ઞાતિના સહેલાણશાહ- શેલાણી સાંઈનાં બહેન હતાં માઈ સાહેબ- ગોંડલમાં કોલેજ ચોક પાસે માઈ સાહેબમાંનો તકિયો છે. જ્યાં દર વર્ષે મેળો- ઉર્સ ભરાય છે.

પરબના સ્થાનકે આજે દર વર્ષે અષાઢી બીજના દિવસે ભવ્ય મેળો ભરાય છે અને લાખો માણસો ભજન અને ભોજનનો લાભ લેવા ઊમટી પડે છે. ગુજરાતના તમામ ખ્યાતનામ ભજનિકો અને ભજન કલાકારો ત્રણ ત્રણ રાત્રિ સુધી સળંગ ભજનગાન કરતા રહે છે. ■

# ઇશ્વરનું શ્રેષ્ઠ સર્જન ઇન્સાન તું થયો છે હેવાન

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

દૂરથી માસ્તરને સાઇકલ પર આવતા જોઇ વિનુ દોડતો ઉપરના ખંડમાં પહોંચી ગયો. ‘ડેડી’ ટીચર આવે છે.

તે ટેલિફોન પર વાત કરી રહ્યા હતા. ‘અરે ભાઇ, પચાસ-સાઇઠ હજાર થાય તો ભલે પણ બર્થ ડે પાર્ટી ફર્સ્ટ ક્લાસ થવી જોઇએ સમજ્યા.’

રિસીવર મૂકી તે વિનુને પૂછે તે પહેલાં માસ્તર સીડી ચઢી ઉપર આવ્યા. માસ્તરને જોતાં તેમણે પિત્તો ગુમાવ્યો. વિનુ હળવેકથી નીચે ઊતરી પડયો.

‘મનુ પ્રસાદ તમે ટ્યુશન -ફીની ઉઘરાણી કરવા આવ્યા છો, તે હું જાણું છું. પણ તમને ખબર છે. વિનુના માર્કસ કેટલા આવ્યા છે? ફકત પચાસ ટકા ને તમે ફી ફર્સ્ટ કલાસની લો છો.

સ્કૂલમાં આખો દિવસ ભણાવતા બોલ્યે ન થાકતા માસ્તર અહીં બે શબ્દો બોલતાય એકદમ થાકી ગયા. તે કશું જ બોલી શકયા નહીં. ચૂપચાપ ધીમે પગલે તે સીડીના પગથિયાં ઊતરી નીચે આવ્યા. સામે હાથમાં ગ્લાસ લઇ ઊભેલા વિનુ તેમની નજદીક આવ્યો. તેની આંખમાં આંસુ હતાં.

‘સર, આ શરબતા’ આંગળીથી ગાલ સરકી રહેલ અશ્રુને લૂછતાં કહે : ‘સરઃ સર, આખી જિંદગી તમારો ઉપકાર નહી ભૂલું.’

માસ્તર વિનુનો ચહેરો કેટલીક ક્ષણો સુધી જોઇ રહ્યા પછી તેના માથે હાથ મૂકી કહે બેટા મને મારી ફી મળી ગઇ.

* * *

**આશ્રય સ્થાનઃ**

ગામમાંથી કોઇ માણસ શહેરમાં આવે છે. શહેરમાં પહોંચીને પોતાનો સરસામાન કોઇ સુરક્ષિત જગ્યાએ મૂકીને તે ફરવા નીકળે છે.

આખો દિવસ ફરી ફરીને રાત્રે નિયત સ્થળે પહોંચી જાય છે અને નિશ્ચિંત બનીને સૂઇ રહે છે.

શરૂઆતમાં જ જો તેણે આરામની જગ્યા ખોળી લીધી ન હોત તો રાત્રે થાકયા પાક્યા પાછા ફર્યા પછી તેને ઘણી જ તકલીફ પડત.

**બોધ...**

સંસારના કલેશોથી થાકેલા મનનો આશરો ઇશ્વર-અલ્લાહ-ગોડ છે. એ સ્થાન પોતા માટે ખોળી રાખો; નહીંતર લટકતા રહેશો.

* સુખ - ભોગનો સમય પૂરો થતાં અંધકાર છવાઇ જશે એ વખતે તમને આશ્રય સ્થાનની જરૂર પડશે.
* આ મનુષ્ય જન્મ જે દુર્લભ છે તે મળ્યા છતાં ઇશ્વર -પ્રભુની પ્રાર્થના ન થાય તેના દર્શન ન થાય અને ખુદાના દિદાર ન થાય તેનું જીવન અર્થહિન છે, નકામું છે.

**મુક્તિનો માર્ગ**

*હવામાં ઉડતી બુલબુલ પીંજર પડે છે જયારે*
*દિલમાં તલબ કરે છે અહીંથી છુટીશ કયારે?*
*ઇશ્વરનું શ્રેષ્ઠ સર્જન ઇન્સાન તું થયો છે*
*હેવાન કરતા ઉતમ તુજમાં એ ગુણ કયો છે?*
*હેવાન ખાય, પીએ છે, બચ્ચા કરે પયદા*
*તેવા જ તારા ધંધા, કરણી તું શું કરે છે?*
*શ્રદ્ધા તણી એ મૂડી દિલથી વિસારી દીધી*
*સેતાન તણી જે શીખો દિલમાં ઉતારી લીધી !*
*વિચાર કર તું ઇન્સાન જગથી તરી જવાનો*
*સારો છે એક જ રસ્તો જીવતાં મરી જવાનો.* ■

## ક્લાસિફાઈડ

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૬૭૩૭)

### ૧૪. નોકરી ખાલી છે

**URGENT VACANCIES FOR ACCOUNTANT**
- B.Com / CA Inter / CA dropout with 2 years experience
- Good Knowledge of Excel, GST, Income Tax, TDS must
- Salary : Rs.30000/-
- Walkable distance from Mulund West Station

LOCATION MULUND(W)
Cell - 9270965033
Mail detailed Resume : hemaxibadia@gmail.com
(662/A)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૩૧. નાણાંકીય

**''શેર ગોતો - કરોડપતી બનો''**
તમારાં ખોવાયેલાં - ગુમાવેલાં અથવાં વારસાગત 'શેર' અમે 'ફ્રીમાં' ગોતી આપશું.. સંપર્ક: ''ઈન્વેસ્ટમેન્ટ હાઉસ'' - વોટસઅપ 7977599396. (બી-૧૬૮૭૫)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**ગુરુજી**
**પિતૃદોષ, મુંઝવતા પ્રશ્નોનો, લવ, બ્રેકઅપ, લગ્ન, સંતાન, ટૂંક સમયમાં તારીખ સાથે ચોક્કસ રિઝલ્ટ. 7219004517. (૬૫૨-એ)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675 / 9326448699. (કાંદિવલી). (૬૧૪/બી)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

**ફોરેન**
પાર્સલ માટે એકમાત્ર જૂનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440/ 9224320626. (બી-૧૬૮૩૫)


# ગાવસકરે ગિલને કહ્યું, 'ઘરે જઈને કોઈને કહેજે, તારી નજર ઉતારી લે'



નવી દિલ્હીઃ ભારતના ટેસ્ટ અને વન-ડે સુકાની શુભમન ગિલનું ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ફૉર્મેટમાં છેલ્લું એક વર્ષ સારું નથી રહ્યું તેમ જ ટીમ-મૅનેજમેન્ટની જરૂરિયાતને આધારે આગામી ફેબ્રુઆરીમાં રમાનારા ટી-૨૦ વર્લ્ડ કપ માટેનું પ્લેયર્સ કૉમ્બિનેશન નક્કી કરવામાં આવ્યું હોવાથી ગિલને વર્લ્ડ કપની ટીમમાં નથી લેવામાં આવ્યો, પરંતુ સુનીલ ગાવસકરને તેની બાદબાકીથી આશ્ચર્ય થયું છે અને તેમણે ગિલની પ્રશંસા કરવાની સાથે તેને નવાઈ પમાડે એવી એક સલાહ પણ આપી છે.

અજિત આગરકરના અધ્યક્ષસ્થાન હેઠળની પસંદગીકાર સમિતિએ ગિલને ટી-૨૦ ટીમમાંથી પડતો મૂકીને ઇશાન કિશનને એમાં સમાવ્યો છે. રિન્કુ સિંહને પણ ૧૫ પ્લેયરની સ્ક્વૉડમાં સ્થાન આપ્યું છે. આ સૌથી ટૂંકા ફૉર્મેટમાં ફરી ફૉર્મમાં આવવા ઝઝૂમી રહેલા ગિલની બાદબાકી અપેક્ષિત હતી. સિલેક્ટરોએ તેને ટીમની બહાર કરવાનો મુશ્કેલ નિર્ણય લીધો છે અને તેના સ્થાને અક્ષર પટેલને વાઇસ-કૅપ્ટન બનાવ્યો છે. આ જ ટીમ પહેલાં તો જાન્યુઆરીમાં ન્યૂ ઝીલૅન્ડ સામેની ટી-૨૦ શ્રેણીમાં રમશે.

સુનીલ ગાવસકરની ગિલની બાદબાકી ગમી નથી. તેમણે શનિવારે કહ્યું, 'ગિલને વર્લ્ડ કપના સ્ક્વૉડની સાવ બહાર કરી દેવામાં આવશે એવું તો ધાર્યું જ નહોતું. મને થોડું નહીં, પણ પૂરું આશ્ચર્ય થયું છે. ગિલ ક્લાસિક પ્લેયર છે. બૅટ્સમૅનનું ફૉર્મ તો આવે ને જાય, તેનો ક્લાસ કાયમી હોય છે.'

ગાવસકરે એક મુલાકાતમાં એક રસપ્રદ ઘટનાની વાત કરતા કહ્યું, 'તાજેતરમાં હું અમદાવાદથી જે ફ્લાઇટમાં પ્રવાસ કરી રહ્યો હતો એમાં ગિલ અને સૂર્યકુમાર પણ હતા. ત્યારે મેં ગિલ પ્રત્યે સ્નેહ બતાડીને તેને પ્રેમથી કહ્યું, 'ઘરે જાય ત્યારે કોઈને કહેજે કે તારી નજર ઉતારી લે, કારણકે આપણે સૌ આવી વાતોમાં વિશ્વાસ કરતા હોઈએ છીએ. મારું માનવું છે કે ક્યારેક નજર લાગી જતી હોય છે.'

ગાવસકરે ઇન્ટરવ્યૂમાં એવું પણ જણાવ્યું કે 'આઇપીએલમાં ગિલનું પ્રદર્શન સારું રહ્યું છે જેના પરથી તેની ટી-૨૦ ક્ષમતાનો પુરાવો મળી જાય છે. ગિલ બહુ જ સારો બૅટ્સમૅન છે.' ■

# સ્મૃતિએ ઈતિહાસ રચ્યા બાદ ભારતે મેળવી જીત

વિશાખાપટનમઃ અહીં રવિવારે વન-ડેની વર્લ્ડ ચૅમ્પિયન ભારતીય મહિલા ખેલાડીઓએ શ્રીલંકાને ટી-૨૦ સિરીઝની પ્રથમ ટી-૨૦માં આઠ વિકેટે હરાવીને ૧-૦થી સરસાઈ મેળવી એ પહેલાં ઓપનર સ્મૃતિ મંધાના (પચીસ રન, પચીસ બૉલ, ચાર ફોર)એ ભારત વતી ટી-૨૦માં નવો ઇતિહાસ રચ્યો હતો. તે આ ફૉર્મેટમાં ૪,૦૦૦ રન પૂરા કરનારી પ્રથમ ભારતીય બૅટર બની હતી. એટલું જ નહીં ૪,૦૦૦ રનની સિદ્ધિ મેળવનારી વિશ્વની તે માત્ર બીજી જ બૅટર છે. આ ફૉર્મેટમાં તેના નામે અત્યારે કુલ ૪,૦૦૭ રન છે. ન્યૂ ઝીલૅન્ડની સુઝી બેટ્સના ટી-૨૦માં કુલ ૪,૭૧૬ રન છે અને તે પ્રથમ સ્થાને છે. હરમનપ્રીત કૌર આ યાદીમાં ૩,૬૫૪ રન સાથે ત્રીજા નંબરે છે.

શ્રીલંકાએ ભારતને સિરીઝની પ્રથમ ટી-૨૦માં ૧૨૨ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ભારતે ૧૪.૪ ઓવરમાં બે વિકેટે ૧૨૨ રન કરી લીધા હતા. જેમાઇમા રૉડ્રિગ્સ (૬૯ અણનમ, ૪૪ બૉલ, દસ ફોર)નું બૅટિંગમાં સૌથી મોટું યોગદાન હતું. તેની સાથે હરમનપ્રીત ૧૫ રને અણનમ રહી હતી. વર્લ્ડ કપ ફાઇનલની સ્ટાર બૅટર શેફાલી વર્મા માત્ર નવ રન કરીને આઉટ થઈ ગઈ હતી.

એ પહેલાં, ભારતીય બોલર્સે શ્રીલંકન બૅટર્સને કાબૂમાં રાખી હતી જેને કારણે તેઓ ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૨૧ રન કરી શકી હતી. વિકેટકીપર રિચા ઘોષે ત્રણ શ્રીલંકન બૅટરને રનઆઉટ કરી હતી. ક્રાંતિ ગૌડ, દીપ્તિ શર્મા અને શ્રી ચરનીને એક-એક વિકેટ મળી હતી.




સ્મૃતિ મંધાના



**વેલકમ ટુ ટીમ ઈન્ડિયાઃ** ભારતની નવી ખેલાડી ૨૦ વર્ષીય સ્પિનર વૈષ્ણવી શર્માને ગઈ કાલે ટી-૨૦ કૅપ આપવામાં આવી હતી. તેને વિકેટ નહોતી મળી, પણ તેણે ૪-૦-૧૬-૦ની બોલિંગ ઍનેલિસિસ સાથે પ્રભાવ પાડ્યો હતો.

# પાકિસ્તાની બોલર કૂદવા લાગ્યો એટલે વૈભવે તેની ઇજ્જત કેટલી છે એ બતાવી દીધું





દુબઈઃ અહીં રવિવારે અન્ડર-૧૯ એશિયા કપ વન-ડે ફાઇનલમાં ભારતનો વિશ્વવિખ્યાત ૧૪ વર્ષીય ઓપનર વૈભવ સૂર્યવંશી ટૂંકી, પણ ધમાકેદાર ઇનિંગ્સમાં જ્યારે ૨૬ રન કરીને આઉટ થયો ત્યાર બાદ પાકિસ્તાની બોલર અલી રઝા સાથેની તેની દલીલ ચર્ચાનો વિષય બની ગઈ છે, કારણકે એમાં પોતાને ઉશ્કેરનાર રઝાને ઇશારાથી પોતાના બૂટ તરફ ઇશારો કરીને વૈભવે સંકેત આપી દીધો હતો કે તારી ઇજ્જત મારા જૂતાં બરાબર પણ નથી.

વૈભવ પાકિસ્તાનના ફાસ્ટ બોલર અલી રઝાના બૉલમાં વિકેટકીપર હમઝા ઝહૂરના હાથમાં કૅચઆઉટ થયો હતો. વૈભવ આઉટ થઈને નિરાશ હાલતમાં પાછો જઈ રહ્યો હતો, પણ રઝાએ તેની સામે આક્રમક મિજાજ બતાવીને તેને ઉશ્કેરવાની કોશિશ કરી હતી.

એ તબક્કે મેદાન પર થોડી તંગદિલી થઈ ગઈ હતી. વૈભવે તરત રઝાને પોતાના શૂઝ તરફ હાથથી ઇશારો કરીને તેને સંકેત આપી દીધો હતો કે તેનું (રઝાનું) સ્થાન ક્યાં છે.

એ ઘટનાનો વીડિયો અને ફોટો વાઇરલ થયા છે. જોકે આ ગરમાગરમી પહેલાં ઇનિંગ્સની શરૂઆતમાં વૈભવે અલી રઝાની એક ઓવરમાં બે છગ્ગા અને એક ચોક્કો ફટકારી દીધા હતા ત્યારથી જ રઝાએ મગજ પરથી કાબૂ ગુમાવ્યો હતો. ત્યાર બાદ વૈભવે મોહમ્મદ સય્યુમના બૉલમાં છગ્ગો ફટકારી દીધો હતો. ભારતે આ મૅચના પરાજય પહેલાં લીગ રાઉન્ડમાં પાકિસ્તાનને પરાજય ચખાડ્યો હતો. ■

# જુનિયર એશિયા કપની ફાઇનલમાં ભારત હારી ગયું

દુબઈઃ અહીં ગઈ કાલે ભારતીય અન્ડર-૧૯ ટીમનો પાકિસ્તાન સામે એશિયા કપની ફાઇનલમાં ૧૯૧ રનથી પરાજય થયો હતો. પાકિસ્તાને ૫૦ ઓવરમાં આઠ વિકેટે ૩૪૭ રન કર્યા બાદ ભારતીય ટીમ ૧૫૬ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. જોકે ભારતીય ખેલાડીઓએ મૅચ પછી દુશ્મન-દેશ પાકિસ્તાનના ખેલાડીઓને જીત બદલ અભિનંદન ન આપીને તેમને શરમમાં મૂકી દીધા હતા.

ભારતની બૅટિંગ લાઇન-અપ સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ હતી. પેસ બોલર દીપેશ દેવેન્દ્રનના ૩૬ રન ટીમમાં હાઇએસ્ટ હતા. તેણે આ ૩૬ રન માત્ર ૧૬ બૉલમાં બે સિક્સર અને છ ફોરની મદદથી કર્યા હતા. ટૂંકમાં, તેણે તમામ ૩૬ રન છગ્ગા-ચોક્કામાં બનાવ્યા હતા.

૧૪ વર્ષના વૈભવ સૂર્યવંશીએ ભારતીય ઇનિંગ્સની શરૂઆત સારી કરી હતી. તેણે ૧૦ બૉલ અને ૨૬ રનની ટૂંકી ઇનિંગ્સમાં ત્રણ સિક્સર અને એક ફોર ફટકારી હતી. તે ધીરજથી રમ્યો હોત તો ટીમને સારું ઓપનિંગ આપી શક્યો હોત એ પહેલાં, ભારતે બૅટિંગ આપ્યા બાદ પાકિસ્તાને આઠ વિકેટે જે ૩૪૭ રન કર્યા હતા એમાં ઓપનર સમીર મિન્હાસ (૧૭૨ રન, ૧૧૩ બૉલ, નવ સિક્સર, સત્તર ફોર)નું સૌથી મોટું યોગદાન હતું. ભારતીય બોલર્સમાંથી દીપેશ દેવેન્દ્રને ત્રણ વિકેટ તેમ જ ગુજરાતના ખિલન પટેલ અને હેનિલ પટેલે બે-બે વિકેટ લીધી હતી. ■

# એશિયા કપમાં હાર્યા બાદ ભારતીયોએ નકવીના હાથે મેડલ ન લીધા

દુબઈઃ અન્ડર-૧૯ એશિયા કપની ફાઇનલમાં રવિવારે ભારતનો પાકિસ્તાન સામે ૧૯૧ રનથી પરાજય થયો, પણ ત્યાર બાદ ઇનામ-વિતરણ સમારોહમાં જે કંઈ બન્યું એ પાકિસ્તાન માટે બહુ શરમજનક કહેવાય, કારણકે ભારતની જુનિયર ટીમે એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ના ચૅરમૅન અને પાકિસ્તાની ક્રિકેટ બોર્ડના વડા મોહસિન નકવીના હાથે રનર-અપ તરીકેના મેડલ ન સ્વીકારીને તેનું નાક કાપ્યું હતું.

આયુષ મ્હાત્રેના સુકાનમાં ભારતીય ખેલાડીઓએ આઇસીસીના અસોસિયેટ મેમ્બર-રાષ્ટ્રોના સંઘના અધ્યક્ષ મુબસ્સિર ઉસ્માનીના હસ્તે મેડલ સ્વીકાર્યા હતા અને એ ફ્રેમમાં મોહસિન નકવી ક્યાંય પણ નહોતો. નકવીને બહુ દૂર ઊભા રહેવાનું કહેવામાં આવ્યું હતું.

નકવીએ પાકિસ્તાનની વિજેતા ટીમને ટ્રોફી આપી હતી, પણ પાકિસ્તાની ટીમનું સેલિબ્રેશન થોડું ઝાંખું તો લાગતું જ હતું. આ ટૂર્નામેન્ટના લીગ રાઉન્ડમાં ભારતે પાકિસ્તાનને પરાસ્ત કર્યું હતું.

સપ્ટેમ્બરના એશિયા કપ ટી-૨૦ એશિયા કપમાં સૂર્યકુમાર યાદવના સુકાનમાં ભારતે ચૅમ્પિયનપદ મેળવી લીધું હતું, પરંતુ ત્યારે ભારતીય ટીમે નકવીના હાથે ટ્રોફી સ્વીકારવાની ના પાડી એટલે નકવીએ ટ્રોફી અને મેડલ્સ ગુમ કરી દીધા હતા. ■



ભારતીય વિકેટકીપર અભિજ્ઞાન કુન્ડુના ૨૦૯ રન આખી ટૂર્નામેન્ટમાં હાઇએસ્ટ હતા.

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| જોખમ | ભંગાણ |
| જોડાણ | કમજોર |
| જોબન | ઢીલું |
| જોશીલું | સલામતી |
| જોરાવર | ઘડપણ |

### માતૃભાષાની મહેક

નસીબ એટલે કિસ્મત, ભાગ્ય, પ્રારબ્ધ, તકદીર. નસીબ ઊઘડવું એટલે ભાગ્યોદય થવો, કલ્યાણ થવું, સવળો પાસો પડવો. નસીબ ફરી વળવું એટલે ખરાબી થવી. નસીબ ફોડી નાખવું એટલે પાયમાલ કરવું, મોટી દુર્દશામાં મૂકવું. નસીબ બે ડગલાં આગળનું આગળ એટલે જ્યાં જઈએ ત્યાં ભાગ્ય તો છે જ, ભાગ્ય વગર મળતું નથી.

### ગુજરાત મોરી મોરી રે

પ્રાકૃતિક સૌંદર્ય અને વહેતી નદીના વિસ્તારમાં સ્થિત શક્તિપૂજાનું પ્રતીક કનકાઈ મંદિર ગુજરાતના કયા જિલ્લામાં સ્થિત છે?


અ) જૂનાગઢ  બ) કચ્છ
ક) અમરેલી  ડ) બનાસકાંઠા

### ઈર્શાદ

*કંઈ જ ન કહેવાય ક્યારે છેતરે,*
*શક્યતા સૌથી વધુ છેતરે.*

-- બાબુલાલ ચાવડા

### શબ્દલાલિત્ય



**આડી ચાવી**

૧. જાતને છેતરવી તે (૫)
૪. બંદોબસ્ત, ગોઠવણ (૪)
૬. દ્રાક્ષ (૩)
૮. જંગલ (૩)
૯. મૃત્યુનો દેવ (૨)
૧૦. મુસલમાન ન્યાયધિશ (૨)
૧૧. ગાવા જેવું, ગવાય તેવું (૨)
૧૨. નશો, કેફ, સુસ્તી (૨)
૧૪. છાલ કે કેડો ન છોડે તેવું, જિદ્દી (૩)
૧૬. --- દીવાની (૩)
૧૭. સરિત્પતિ (૩)
૧૮. પવન (૩)
૨૦. માટલું (૨)
૨૧. બડાઈ, પતરાજી (૨)
૨૨. માફી (૨)
૨૪. તાવ (૨)
૨૫. મુસાફરી (૩)
૨૭. સદાવ્રત (૩)
૩૦. આખી દુનિયાનો અભિપ્રાય (૪)
૩૧. વશ કરવાનો મંત્ર (૫)

**ઊભી ચાવી**

૧. --- ફાટે ત્યાં થીગડું ક્યાં દેવું? (૨)
૨. નમસ્કાર, પ્રણામ (૩)
૩. અવાજ, ધ્વનિ (૨)
૪. નુકસાન, ધોકો (૩)
૫. અફવા, ગપ (૩)
૭. રાજા (૩)
૮. શરીર (૨)
૧૧. અદૃશ્ય, ગૂઢ (૨)
૧૨. ગાંડું (૨)
૧૩. નાહવા ધોવાનો ઘાટ (૩)
૧૪. મિયાં પડ્યા પણ --- ઊંચી (૩)
૧૫. લાગે તો --- નહીં તો તુક્કો (૨)
૧૬. જીત, ફતેહ (૨)
૧૮. રાહ, રસ્તો (૨)
૧૯. સહેલી (૨)
૨૦. હરિનો --- છે શૂરાનો, નહીં કાયરનું કામ (૩)
૨૧. --- ને માથે સવા શેર (૨)
૨૩. હાથી (૩)
૨૪. પ્રકાશમાન, જળહળતું (૩)
૨૬. ફેર, તફાવત (૩)
૨૮. અવાજ, ઘોષ (૨)
૨૯. પળ (૨)

**ગયા વખતનો ઉકેલ**



### ઓળખાણ પડી?



સ્થાપત્ય કલાનો એક શ્રેષ્ઠતમ નમૂના તરીકે પંકાયેલો જાડેજા રાજપૂતોની શાન જેવો નવલખા મહેલ કયા શહેરમાં આવેલો છે એ જાણો છો?

અ) વિસાવદર  બ) રાણકપુર  ક) ગોંડલ  ડ) અજમેર

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'જીવનમાં અન્યનું વિશેષ અવલંબન ન રાખવું' પંક્તિમાં 'અવલંબન' શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) તાકાત  બ) આધાર  ક) અરમાન  ડ) બુદ્ધિ

### માઈન્ડ ગેમ

એક કાટકોણ ત્રિકોણના એક ખૂણાનું માપ જો ૩૫ અંશ હોય તો ત્રિકોણના ત્રીજા ખૂણાનું માપ ગણતરી કરીને કહી શકશો?

અ) ૫૫  બ) ૬૫  ક) ૪૫  ડ) ૪૦

### સુડોકુ-૯૧૭૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૮ | | ૯ | | ૩ | | ૬ | ૫ |
| | ૧ | | ૨ | | ૭ | | ૮ | |
| ૫ | | | ૧ | | ૬ | | | ૨ |
| ૧ | | ૭ | | | | ૬ | | ૪ |
| | | | | | | | | |
| ૪ | | ૯ | | | | ૭ | | ૮ |
| ૨ | | | ૪ | | ૧ | | | ૯ |
| | ૫ | | ૭ | | ૨ | | ૪ | |
| ૬ | ૯ | | ૫ | | ૮ | | ૧ | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૧૭૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૮ | ૧ | ૫ | ૪ | ૬ | ૨ | ૯ | ૩ |
| ૬ | ૩ | ૯ | ૨ | ૮ | ૭ | ૫ | ૪ | ૧ |
| ૨ | ૫ | ૪ | ૩ | ૯ | ૧ | ૬ | ૭ | ૮ |
| ૩ | ૯ | ૮ | ૭ | ૨ | ૪ | ૧ | ૬ | ૫ |
| ૪ | ૨ | ૫ | ૬ | ૧ | ૯ | ૩ | ૮ | ૭ |
| ૧ | ૬ | ૭ | ૮ | ૫ | ૩ | ૯ | ૨ | ૪ |
| ૫ | ૭ | ૨ | ૯ | ૩ | ૮ | ૪ | ૧ | ૬ |
| ૮ | ૪ | ૩ | ૧ | ૬ | ૨ | ૭ | ૫ | ૯ |
| ૯ | ૧ | ૬ | ૪ | ૭ | ૫ | ૮ | ૩ | ૨ |

### ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| જારી | બંધ |
| જાડું | બારીક |
| જાચવું | આપવું |
| જાગ્રત | અસાવધ |
| જાંગડ | વેચાતું |

**ગુજરાત મોરી મોરી રેઃ** વડોદરા
**ઓળખાણ પડી?** નવસારી
**માઈન્ડ ગેમ :** ૭૫
**ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ** સાદ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) મુલરાજ કપૂર (૪) સુભાષ મોમાયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) હર્ષા મહેતા (૭) શ્રદ્ધા આશર (૮) પુષ્પા પટેલ (૯) લજિતા ખોના (૧૦) જ્યોતિ ખાંડવાલા (૧૧) મીનલ કાપડિયા (૧૨) કિરીટ છેડા (૧૩) ચેતના છેડા (૧૪) નયના ગિરીશ મિસ્ત્રી (૧૫) જયશ્રી બુચ (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) તાહેર ઔરંગાબાદવાલા (૧૯) શીરીન ઔરંગાબાદવાલા (૨૦) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) ભરત કજરિયા (૨૪) જયવંત પદમશી ચિખલ (૨૫) મહેન્દ્ર લોઢાવિયા (૨૬) અરવિંદ કામદાર (૨૭) ભાવના કર્વે (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) વિણા સંપટ (૩૦) પુષ્પા ખોના (૩૧) ડાયના સંતોકે (૩૨) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૩) મહેશ સંઘવી (૩૪) કમલ માતલિયા (૩૫) નિતીન જયંતિલાલ બજરિયા (૩૬) પ્રવીણ વોરા (૩૭) ડો. પ્રકાશ કટકિયા (૩૮) પ્રતિમા પમાણી (૩૯) ધીરેન્દ્ર મુલરાજ (૪૦) ગીતા ઉદેશી (૪૧) મહેશ દોશી (૪૨) અલકા વાણી (૪૩) વિપીન શાહ (૪૪) નૂતન વિપીન શાહ (૪૫) પ્રજ્ઞા પુરોહિત - જામનગર (૪૬) પ્રમોદ પુરોહિત - જામનગર (૪૭) હિંમત ખોલીયા (૪૮) વિજય આસર

# મજબૂત ફંડામેન્ટલ ભારતને સૌથી ઝડપથી વિકસતા મુખ્ય અર્થતંત્રોમાં ટકાવી રાખશે!

નવી દિલ્હીઃ મજબૂત ફંડામેન્ટલ ભારતને સૌથી ઝડપથી વિકસતા મુખ્ય અર્થતંત્રોમાં ટકાવી રાખશે, એવું એક આર્થિક અહેવાલમાં જણાવાયું છે, જે મુજબ ડિજિટાઇઝેશન, ટેક્નોલોજીકલ પ્રગતિ અને અનુકૂળ વસતિ વિષયક જેવા માળખાકીય ડ્રાઇવરો ભારતને સૌથી ઝડપથી વિકસતા મુખ્ય અર્થતંત્રોમાં સ્થાન આપવાનું ચાલુ રાખી શકે છે.

ભારતનું અર્થતંત્ર ૨૦૨૬માં તેના લાંબા ગાળાના વિકાસ માર્ગ પર એકીકૃત થવાની અપેક્ષા છે, જેમાં વાસ્તવિક જીડીપી વૃદ્ધિ ૬.૬ ટકા સુધી મધ્યમ રહેશે અને ફુગાવો ૪.૨ ટકા સુધી વધશે, એમ માસ્ટરકાર્ડ ઇકોનોમિક્સ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા જાહેર કરવામાં આવેલા કોનોમિક આઉટલુક ૨૦૨૬ રિપોર્ટમાં જણાવાયું છે.

આ આઉટલુક ૨૦૨૫માં અપેક્ષિત મજબૂત પ્રદર્શનને આધારે ભારત ૨.૨ ટકાના ફુગાવા સાથે ૭.૮ ટકા જીડીપી વૃદ્ધિ નોંધાવશે. ભારતનું અર્થતંત્ર ૨૦૨૬માં લાંબા ગાળાના વલણો તરફ એકીકૃત થવાની અપેક્ષા છે, જે ઉપરના વલણથી વધુ ટકાઉ ગતિ તરફના પરિવર્તનને પ્રતિબિંબિત કરે છે.

ઘરેલુ નીતિગત પગલાં આર્થિક પ્રવૃત્તિને ટેકો આપવાની અપેક્ષા છે. રિપોર્ટ મુજબ, નાણાકીય સરળતા, આવકવેરા સુધારા અને માલ અને સેવા કર (જીએસટી) દરોનું તર્કસંગતકરણ વ્યક્તિગત વપરાશને વેગ આપી શકે છે. વધુમાં, લક્ષિત નિકાસ સહાય વૈશ્વિક વિક્ષેપો અને એક્સટર્નલ માર્કેટની અસ્થિરતાને કારણે ઉદ્ભવતા ઘટાડાના જોખમોને ઘટાડવામાં મદદ કરી શકે છે.

રિપોર્ટમાં એવું નોંધ્યું છે કે વૈશ્વિક સ્તરે માલ અને કોમોડિટીના નીચા ભાવથી ફુગાવામાં થઇ રહેલો ઘટાડો ભારતના વિકાસ સ્થિતિસ્થાપકતાને ટેકો આપી શકે છે. માળખાકીય પરિબળો પણ સહાયક રહે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ડિજિટાઇઝેશન, ટેક્નોલોજીકલ પ્રગતિ અને અનુકૂળ વસ્તી વિષયકતા ભારતને સૌથી ઝડપથી વિકસતા મુખ્ય અર્થતંત્રોમાં સ્થાન આપવાનું ચાલુ રાખી શકે છે,“ જે ગતિને ટકાવી રાખવામાં લાંબા ગાળાના ડ્રાઇવરોની ભૂમિકા પર ભાર મૂકે છે.

રિપોર્ટમાં એવી ચેતવણી આપી હતી કે અમેરિકાની ઊંચી ટેરિફ કાપડ, રત્નો અને ઝવેરાત જેવા શ્રમલક્ષી ક્ષેત્રોને પડકાર આપી શકે છે. રિપોર્ટમાં આઇટી સેવાઓ ક્ષેત્ર માટેના જોખમોને પણ પ્રકાશિત કરવામાં આવ્યા છે, નોંધ્યું છે કે કડક ઇમિગ્રેશન ધોરણો શ્રમ ગતિશીલતા, મુસાફરી પ્રવાહ અને રેમિટન્સને અસર કરી શકે છે.

આ જોતા ચાલુ યુએસ-ભારત દ્વિપક્ષીય વેપાર કરાર પરની પ્રગતિ પર ૨૦૨૬માં ઝીણવટભરી નજર રાખવામાં આવશે. ચાલુ યુએસ-ભારત વેપાર સોદા પરની પ્રગતિ પર નજીકથી નજર રાખવામાં આવશે. આ ફેરફારો ભારત માટે પુરવઠા શૃંખલાઓને વૈવિધ્યીકરણ કરવાની અને દ્વિપક્ષીય અને પ્રાદેશિક કરારો દ્વારા માલ વેપારને વિસ્તૃત કરવાની તકો પણ રજૂ કરે છે, જે વૈશ્વિક ક્ષમતા કેન્દ્રો અને ટાયર ૨-૩ શહેરોમાં વૃદ્ધિને વેગ આપે છે.

# સેન્ટા રેલીની કોઇ ઉમ્મીદ નથીઃ બજારમાં ઘટાડે લેવાલી અને ઉછાળે વેચવાલી વચ્ચે કોન્સોલિડેશન જોવા મળશે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શેરબજારનું પાછલા કેટલાક મહિનાઓથી જાણે નૂર હણાઇ ગયું હોય એવું લાગે છે. સ્તાનિક ફંડોની લેવાલીના જોરદાર ટેકા છતાં એફઆઇઆઇની કધારી વેચવાલી અને તેમાં ડોલર સામે રૂપિયાના મૂલ્યનો ઘટાડો બજારને બમણો ફટકો મારી રહ્યાં છે. નિષ્ણાતો માને છે કે ભારતીય શેરબજારમાં ૨૨થી ૨૬ ડિસેમ્બર ૨૦૨૫ના સપ્તાહ દરમિયાન કોન્સોલિડેશન ચાલુ રહેશે. આ અઠવાડિયે બજારની ભાવનાને વેગ આપવા માટેના મુખ્ય ટ્રિગર્સમાં ખાસ કોઇ નવા ફેરફાર નથી. શેરબજારની કાર્યવાહી વૈશ્વિક સંકેતો, યુ.એસ.-ભારત વેપાર વાટાઘાટો, વિદેશી ભંડોળ પ્રવાહ અને ક્ષેત્રીય પ્રદર્શન દ્વારા સંચાલિત થશે. એકંદરે, વલણ હકારાત્મક તરફ બાજુ તરફ રહેવાની અપેક્ષા છે, પસંદગીયુક્ત લેવાલી અને સાવચેતીના માનસ સાથે પ્રોફિટ બુકિંગ થતું જોવા મળશે.

ભારતીય બેન્ચમાર્ક સૂચકાંકો સતત ત્રીજા સપ્તાહે તેમના નકારાત્મક તબક્કાને લંબાવતા રહ્યા, જેમાં નિફ્ટી ૦.૩૧ ટકા ઘટ્યો અને સેન્સેક્સ ૦.૪૦ ટકાની આસપાસ ઘટીને અનુક્રમે ૨૫,૯૬૬.૪૦ પોઇન્ટ અને ૮૪,૯૨૯.૩૬ પોઇન્ટની સપાટી પર બંધ થયો છે. સપ્તાહ દરમિયાન ક્ષેત્રીય પ્રદર્શન મિશ્ર રહ્યું હતું. પીએસયુ બેંકો, આઇટી, મેટલ્સ અને કેપિટલ ગૂડ્સના શેરોએ સારો દેખાવ કર્યો હતો, જ્યારે મીડિયા, ખાનગી બેંકિંગ અને માળખાગત શેરોએ નબળો દેખાવ કર્યો હતો. એકંદરે આ સપ્તાહ દરમિયાન બજારમાં સાવચેતીનું માનસ રહેવાની ધારણા છે. ટોચના ટેક્નિકલ એક્સપર્ટ અનુસાર નિફ્ટી ૨૫,૭૦૦ અને ૨૬,૩૦૦ની વચ્ચે રેન્જમાં આથડાતો રહે એવી સંભાવના છે, જ્યારે સેન્સેક્સ ૮૪,૫૦૦-૮૫,૨૦૦ પોઇન્ટના સ્તરની નજીકની રેન્જ બતાવી શકે છે.

યુએસ-ભારત વેપાર વાટાઘાટોની આસપાસની અનિશ્ચિતતા, નબળા

**શેરબજાર**
**નિલેશ વાઘેલા**

યુએસ મેક્રોઇકોનોમિક ડેટા સાથે, વૈશ્વિક સ્તરે રિસ્ક એસેટની વધતી માગને કારણે રોકાણકારોના સેન્ટિમેન્ટને ડહોળાયું હતું. જોકે, સાવચેતીભર્યા મૂડ હોવા છતાં, નીચા સ્તરે વેલ્યૂ બાઇંગને કારણે બેન્ચમાર્ક ઇન્ડેક્સને તેમના સાપ્તાહિક નીચા સ્તરથી રિકવરી કરવામાં મદદ કરી હોવાથી ઘટાડો મર્યાદિત બન્યો હતો. ચલણ મોરચે, ભારતીય રૂપિયો થોડા સમય માટે યુએસ ડોલર સામે ૯૧.૦૭ની ઓલટાઇમ લો સપાટીને સ્પર્શ્યો, જે વૈશ્વિક ડોલરની મજબૂતાઈ અને મૂડીના પ્રવાહને પ્રતિબિંબિત કરે છે. જોકે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા સંભવિત હસ્તક્ષેપથી રૂપિયામાં સ્થિરતા આવી, જેના કારણે તે ૯૦ના મુખ્ય મનોવૈજ્ઞાનિક સ્તરથી નીચે બંધ થયો છે.

વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) સતત આઠમા સપ્તાહે ચોખ્ખા વેચાણકર્તા રહ્યા, વિદેશી ફંડોએ ૨૫૨ કરોડ રૂપિયાના ઇક્વિટી વેચ્યા. દરમિયાન, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ મજબૂત ટેકો પૂરો પાડ્યો અને ૧૨,૦૬૨ કરોડ રૂપિયાનો ચોખ્ખો પ્રવાહ નોંધાવ્યો. બેંક ઓફ જાપાને વ્યાજ દરમાં ૨૫ બેસિસ પોઈન્ટનો વધારો કર્યો છે. વૈશ્વિક નાણાકીય વિકાસે પણ બજારની સાવચેતીમાં વધારો કર્યો. બેંક ઓફ જાપાને ૧૯ ડિસેમ્બર, ૨૦૨૫ની તેની બેઠકમાં તેના મુખ્ય નીતિ દરમાં ૨૫ બેસિસ પોઈન્ટનો વધારો કરીને ૦.૭૫ ટકા જાહેર કર્યો, જે લગભગ ત્રણ દાયકામાં સૌથી વધુ વ્યાજ દર સ્તર દર્શાવે છે. જે આ વર્ષોની અત્યંત છૂટક નાણાકીય સ્થિતિ પછી નીતિ સામાન્યીકરણ તરફ બીઓજેના સતત પરિવર્તનને રેખાંકિત કરે છે.

નિફ્ટીએ ગયા અઠવાડિયે ભાવમાં અસ્થિરતા બતાવી હતી, પરંતુ સપ્તાહના અંત તરફ સ્થિરતાના સંકેતો દર્શાવ્યા હતા. દૈનિક ચાર્ટ પર ઇન્ડેક્સે ડબલ બોટમ પેટર્ન બનાવી છે, જે સંભવિત રિવર્સલનો સંકેત આપે છે. ૨૫,૭૦૦-૨૫,૭૫૦ની આસપાસ, મજબૂત ખરીદીનો રસ મુખ્ય સપોર્ટ ઝોન તરીકે કાર્ય કરવાનું ચાલુ રાખે છે. જ્યાં સુધી ઇન્ડેક્સ આ સ્તરથી ઉપર રહે છે, ત્યાં સુધી આઉટલુક રચનાત્મક રહે છે. ઉપર તરફ, ૨૬,૦૫૦ની નજીક પ્રતિકાર જોવા મળે છે, આ સ્તરથી ઉપર સતત ચાલ ૨૬,૩૦૦ તરફ વધુ ખરીદી આકર્ષિત કરે તેવી શક્યતા છે, એમ અગ્રણી સ્ટોક બ્રોકિંગ કંપનીના ચીફ રિસર્ચ ઓફિસરે જણાવ્યું હતું.

એકંદરે વિદેશી રોકાણકારોની ટ્રેડિંગ પ્રવૃત્તિ, ચલણની ગતિવિધિ, મેક્રો ડેટા બજારોને આગળ ધપાવશે. વિશ્લેષકોએ જણાવ્યું હતું કે રજાને કારણે ટૂંકાયેલા આ સપ્તાહમાં શેરબજારો રેન્જ બાઉન્ડ ટ્રેડિંગ દર્શાવે તેવી શક્યતા છે, જ્યાં વિદેશી રોકાણકારોની ટ્રેડિંગ પ્રવૃત્તિ, ચલણની ગતિવિધિ અને વૈશ્વિક મેક્રોઇકોનોમિક ડેટા જાહેરાતો સેન્ટિમેન્ટને અસર કરશે અને તે પ્રમાણે ટ્રેડિંગ પેટર્ન જોવા મળશે. એક નિષ્ણાતે જણાવ્યું હતું કે નાતાલ અને નવા વર્ષની રજાઓને કારણે ઘણા વૈશ્વિક બજારોમાં પ્રવૃત્તિ ધીમી પડી શકે છે. નાતાલ માટે ગુરુવારે સ્થાનિક શેરબજાર બંધ રહેશે.

કોર્પોરેટ હલચલમાં વેદાંતની પાંચ લિસ્ટેડ કંપનીઓમાં વિભાજીત થવાની યોજના ટ્રિબ્યુનલની મંજૂરી પછી અમલીકરણની નજીક પહોંચી રહી છે, જોકે, મુખ્ય મંજૂરીઓ અને એસેટ ટ્રાન્સફર હજુ બાકી છે. જેએસડબલ્યુ એનર્જી રૂ. ૪૦,૦૦૦ કરોડના ખર્ચે વેસ્ટ બંગાળ સ્થિત સર્બોની પાવર પ્લાન્ટની ક્ષમતા બમણી કરીને ૩૨૦૦ મેગાવોટ સુધી પહોંચાડવાની યોજના ધરાવે છે. એસેન્શરની પ્રથમ ક્વાર્ટરની રેવન્યૂ છ સટકાના વધારા સાથે ૧૮.૭ બિલિયન ડોલર નોંધાઇ છે. મેક્સ હેલ્થકેર પુણેમાં રૂ. ૧૦૦૦ કરોડનું રોકાણ કરવાની યોજના ધરાવે છે. નેટવર્ક પીપલ સર્વિસીસ ટેક્નોલોજીસ લિમિટેડે નાની અને મધ્યમ કદની બેંકોને માટે બેંક ઇન એ બોક્સ પ્લેટફોર્મ રજૂ કર્યું છે.

મેક (માયા એકેડેમી ઑફ એડવાન્સ્ડ ક્રિએટિવિટી)એ બે અત્યાધુનિક પ્રોગ્રામ્સ, કારકિર્દી એક્સ અને ક્રિએટર એક્સ લોન્ચ કર્યા છે, જેમાં એનિમેશન, વિઝ્યુઅલ ઇફેક્ટ્સ, ગેમિંગ અને ડિજિટલ કન્ટેન્ટ ક્રિએશન સહિતની તાલિમ પૂરી પાડવાંમાં આવશે. આ માટે કંપનીએ સિમ્પ્રેસ, ફિઝિક્સવાલા અને કેનન સહિત ૧૩ ઉદ્યોગ ભાગીદારો સાથે સહયોગ સાધ્યો છે.

પ્રાઇમરી માર્કેટમાં મેઇનબોર્ડ સેગમેન્ટમાં નેફ્રોકેર હેલ્થ સર્વિસીસે લગભગ સાતેક ટકાના પ્રીમિયમ સાથે બુધવારે પ્રવેશ મેળવ્યો હતો, જ્યારે પાર્ક મેડી વર્લ્ડના શેર બુધવારે તેના ઇશ્યૂભાવ સામે ચાર ટકાના ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા. આ અગાઉ સોમવારે કોરોના રેમેડીઝના શેર તેના રૂ.૧૦૬૨ના ઇશ્યૂ ભાવ સામે ૩૮ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૧૪૫૨ના ભાવે લિસ્ટેડ થયા હતા. જ્યારે એ જ દિવસે વેકફીટ ઇનોવેશનના શેર તેના ઇશ્યૂભાવથી ૪૬ પૈસા નીચા ભાવે લિસ્ટેડ થયા હતા.

ગુજરાત કિડનીનો ઇશ્યૂ ૨૨ ડિસેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૪ ડિસેમ્બરના રોજ બંધ થશે. એડમેક સિસ્ટમ્સ લિમિટેડ રૂ. ૪૨.૬૦ કરોડના આઇપીઓ સાથે ૨૩ ડિસેમ્બરના રોજ મૂડીબજારમાં પ્રવેશ કરશે. શ્યામ ધની ઇન્ડસ્ટ્રીઝનો રૂ. ૩૮.૪૯ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૨ ડિસેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે.

એપોલો ટેક્નો ઇન્ડસ્ટ્રીઝનો રૂ. ૪૭.૯૬ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૩ ડિસેમ્બરે સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૬ ડિસેમ્બરે બંધ થશે. શેરોની ફાળવણીને ૨૯ ડિસેમ્બરે, જ્યારે લિસ્ટિંગ ૩૧ ડિસેમ્બરે થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૨૩થી રૂ. ૧૩૦ પ્રતિ શેર છે અને અરજી માટે લોટ સાઈઝ ૧,૦૦૦ શેરની છે. કંપની બાંધકામ ઉદ્યોગ માટે ટ્રેન્ચલેસ ટેકનોલોજી અને ફાઉન્ડેશન સાધનોમાં નિષ્ણાત છે, જે હોરિઝોન્ટલ ડાયરેક્શનલ ડ્રિલિંગ રિગ્સ, ડાયાફ્રેમ ડ્રિલિંગ રિગ્સ, રોટરી ડ્રિલિંગ રિગ્સ અને સ્પેરપાર્ટસનું ઉત્પાદન કરે છે.

# એફઆઈઆઈની ₹ ૧,૩૬૬.૦૮ કરોડની ચોખ્ખી વેચવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ કોઇપણ જાતની સેન્ટારેલીના અણસાર વગર પૂરા થયેલા સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન પીએસયુ બેન્ક, આઈટી અને ટેક ઈન્ડેક્સ વધ્યા હતા, જ્યારે પાવર અને બેન્કેક્સ શેર્સ સર્વાધિક ઘટ્યા હતા. એફઆઈઆઈની રૂ.૧,૩૬૬.૦૮ કરોડની ચોખ્ખી વેચવાલી નોંધાવી હતી.

શુક્રવાર તા. ૧૯ ડિસેમ્બર, ૨૦૨૫એ સમાપ્ત થયેલા સપ્તાહમાં બીએસઈ સેન્સેક્સ ૩૩૮.૩૦ પોઈન્ટ્સ (૦.૪૦ ટકા) ઘટ્યો હતો. સપ્તાહના આરંભે સોમવાર ૧૫ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સેન્સેક્સ ૮૪,૮૯૧.૭૫ પોઈન્ટ્સ પર ખૂલી એ જ દિવસે ઊંચામાં ૮૫,૨૭૮.૬૩ અને ગુરુવાર ૧૮ ડિસેમ્બરે નીચામાં ૮૪,૨૩૮.૪૩ થઈ છેવટે શુક્રવારે ૮૪,૯૨૯.૩૬ બંધ રહ્યો હતો.

ગત શુક્રવાર ૧૨ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ માર્કેટ કેપ રૂ.૪૭૦.૨૯ લાખ કરોડ હતું તે ૧૯ ડિસેમ્બર, ૨૦૨૫ના અંત સુધીમાં રૂ.૦.૯૨ લાખ કરોડ ઘટીને રૂ.૪૭૧.૨૧ લાખ કરોડ થયું હતું. એસએમઈ આઈપીઓ ૨.૦૯ ટકા ઘટ્યો અને બીએસઈ આઈપીઓ ૨.૨૦ ટકા વધ્યો હતો.

સપ્તાહ દરમિયાન બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૧૫ ટકા વધ્યો હતો, જ્યારે બીએસઈ સ્મોલકેપ ૦.૧૮ ટકા, બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૦.૨૬ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૦.૨૨ ટકા અને બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૦.૨૩ ટકા ઘટ્યા હતા.

સેક્ટરલ ઈન્ડેક્સમાં પીએસયુ બેન્કસ ૧.૨૭ ટકા, આઈટી ૧.૨ ટકા અને ટેક ઈન્ડેક્સ ૧.૦૭ ટકા વધ્યા હતા, જ્યારે પાવર ૦.૯૯ ટકા, બેન્કેક્સ ૦.૭૮ ટકા, ઓટો ૦.૫૧ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૩૭ ટકા, હેલ્થકેર ૦.૩૧ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૧૭ ટકા, રિયલ્ટી ૦.૧૭ ટકા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ૦.૧૫ ટકા અને મેટલ ૦.૧૫ ટકા ઘટ્યા હતા.

બીએસઈ ૧૦૦ ઇન્ડેક્સમાં ૩૯ સ્ક્રિપ વધી, ૬૧ ઘટી, બીએસઈ ૨૦૦માં ૮૩ સ્ક્રિપ વધી, ૧૧૭ સ્ક્રિપ ઘટી, બીએસઈ ૩૦માં ૧૩ સ્ક્રિપ ઘટી, ૧૭ સ્ક્રિપ ઘટી. બીએસઈ ૫૦૦માં ૨૦૫ સ્ક્રિપ વધી, ૨૯૫ સ્ક્રિપ ઘટી. મિડકેપની ૬૬ સ્ક્રિપ વધી, ૭૮ સ્ક્રિપ ઘટી હતી. સ્મોલ કેપની ૪૭૩ સ્ક્રિપ વધી, ૭૪૧ સ્ક્રિપ ઘટી અને પાંચ સ્ક્રિપ સ્થિર રહી હતી.

બીએસઈ સેન્સેક્સમાં સમાવિષ્ટ સૌથી અધિક વધેલી પાંચ સ્ક્રિપ્સમાં ઈન્ફોસિસ ટેક્નોલોજી (૨.૪૯ ટકા), ટેક મહિન્દ્ર (૨.૧૦ ટકા), ટાટા કન્સલ્ટન્સી (૧.૯૦ ટકા), સ્ટેટ બેન્ક (૧.૭૬ ટકા) અને ટાટા મોટર્સ પેસેન્જર (૧.૫૦ ટકા)નો સમાવેશ હતો. જ્યારે સેન્સેક્સ સમાવિષ્ટ સૌથી અધિક ઘટેલી પાંચ સ્ક્રિપમાં એશિયન પેઈન્ટ્સ (૭.૨૯ ટકા), એક્સિસ બેન્ક (૪.૫૩ ટકા), ઈટર્નલ (૪.૨૦ ટકા), સન ફાર્મા (૨.૮૨ ટકા), મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર (૨.૧૧ ટકા) અને બજાજ ફિનસર્વ (૨.૦૬ ટકા)નો સમાવેશ હતો.

ગ્રુપ અનુસાર વધઘટમાં એ ગ્રુપની ૭૩૨ કંપનીઓમાંથી ૨૯૭ કંપનીઓના ભાવ વધ્યા અને ૪૩૫ના ઘટ્યા હતા. બી ગ્રુપની ૧૪૬૫ કંપનીઓમાં ૫૩૦ કંપનીઓના ભાવ વધ્યા, ૯૧૬ના ભાવ ઘટ્યા અને ૧૯ના સ્થિર રહ્યા હતા. સપ્તાહ દરમિયાન બી ગ્રુપની સાત કંપનીઓને નીચલી તેમ જ ૧૮ કંપનીઓને ઉપલી સર્કીટ લાગી હતી.

સપ્તાહ દરમિયાન બીએસઈ અને એનએસઈ પર સંયુક્તપણે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ રૂ.૮૬,૦૮૧.૧૧ કરોડની ખરીદી અને રૂ. ૭૦,૧૫૦.૨૫ કરોડની વેચવાલી કરી હતી. આમ સ્થાનિક સંસ્થાઓએ રૂ.૧૫,૯૩૦.૮૬ કરોડની ચોખ્ખી ખરીદી કરી હતી.

વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ રૂ.૮૧,૭૪૬.૧૩ કરોડની ખરીદી અને રૂ.૮૩,૧૧૨.૨૧ કરોડની વેચવાલી કરી હતી. આમ એફઆઈઆઈએ રૂ.૧,૩૬૬.૦૮ કરોડની ચોખ્ખી વેચવાલી કરી હતી.

એફઆઇઆઇની એકધારી વેચવાલી મોટી ચિંતાનો વિષય છે. નવેમ્બર મહિનાના પહેલા બે અઠવાડિયામાં વિદેશી રોકાણકારોએ ભારતીય ઇક્વિટીમાંથી ૨૦૨૫માં રૂ. ૧.૬ લાખ કરોડ (૧૮.૪ અબજ ડોલર)થી વધુ નેટ સેલીંગ નોંધાવ્યું છે. વિદેશી ભંડોળના સતત આઉટફ્લો અને રૂપિયાના મૂલ્યમાં તીવ્ર ઘટાડાથી રોકાણકારોના વિશ્વાસ પર ભારે નકારાત્મક અસર પડી છે.

એફઆઇઆઇના એકધારા આઉટફ્લોને સંદર્ભે જાણીતા માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે યુએસ વ્યાજ દરમાં વધારો, પ્રવાહિતાની કડક સ્થિતિ અને સુરક્ષિત અથવા વધુ ઉપજ આપતી ડેવલપ્ડ માર્કેટ એસેટની પસંદગી રોકાણકારોના સેન્ટિમેન્ટ પર ભાર મૂકી રહી છે. ઉપરાંત, ભારતના પ્રમાણમાં વધુ પડતાં ઊંચા ઇક્વિટી મૂલ્યાંકને તેને અન્ય ઉભરતા બજારોની તુલનામાં ઓછું આકર્ષક બનાવ્યું છે જે હાલમાં વધુ સારું મૂલ્ય પ્રદાન કરે છે.

દરમિયાન, ભારતની નિકાસ નવેમ્બરમાં ૧૯.૩૭ ટકા વધીને ૩૮.૧૩ અબજ ડોલરની સપાટીએ પહોંચી છે, જ્યારે આયાત ૧.૮૮ ટકા ઘટીને ૬૨.૬૬ અબજ ડોલરની સપાટીએ પહોંચી છે. વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે નવેમ્બરના આઉટબાઉન્ડ શિપમેન્ટે આ વર્ષે ઓક્ટોબરમાં થયેલા નુકસાનને સરભર કર્યું છે. તેમણે કહ્યું કે નવેમ્બરમાં ૩૮.૧૩ બિલિયન ડોલરની નિકાસ પાછલા દસ વર્ષમાં સૌથી વધુ આંકડો દર્શાવે છે.

નવેમ્બરમાં વેપાર ખાધ ૨૪.૫૩ અબજ ડોલર હતી. સંયુક્ત રીતે, એપ્રિલ-નવેમ્બર દરમિયાન નિકાસ ૨.૬૨ ટકા વધીને ૨૯૨.૦૭ અબજ ડોલર થઈ હતી, જ્યારે આઠ મહિનામાં આયાત ૫.૫૯ ટકા વધીને ૫૧૫.૨૧ અબજ ડોલર નોંધાઇ હતી. સંયુક્ત રીતે, એપ્રિલ-નવેમ્બર દરમિયાન નિકાસ ૨.૬૨ ટકા વધીને ૨૯૨.૦૭ અબજ ડોલર થઈ હતી, જ્યારે આઠ મહિનામાં આયાત ૫.૫૯ ટકા વધીને ૫૧૫.૨૧ અબજ ડોલર થઈ હતી.


## PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**ઈ-ટેન્ડર નોટીસ**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA) રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી વેબસાઈટ **www.ireps.gov.in** પર ઈ-ટેન્ડર દ્વારા *ઓપન ટેન્ડર* મંગાવે છે. વિગતો નીચે મુજબ છેઃ- **ક્ર. નં. ૧ - ઈ-ટેન્ડર નં.: RTM - ૨૦૨૫-૨૬-૧૫૬. કામનું નામઃ** ગોધરા-નાગદા સેક્શનઃ- RQRS દ્વારા સ્લીપર રિન્યૂઅલ TSR(P) ૪૭.૬૭૪ Tkm દ્વારા. **અંદાજિત જથ્થોઃ** ટેન્ડર શેડ્યૂલ મુજબ. **અંદા. મૂલ્યઃ** ₹ ૧૧,૧૮,૯૮,૪૮૫.૯૪/-. **બાના રકમઃ** ₹ ૭,૦૯,૫૦૦.૦૦/-. **પૂર્ણતાનો સમયગાળોઃ** ૨૪ મહિના. **કામનો સમાન પ્રકારઃ** કોઈપણ ટ્રેક વર્ક. **વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ** ૧૬.૧૨.૨૦૨૫. **ટેન્ડર ખોલવાની તારીખઃ** ૦૯.૦૧.૨૦૨૫. **ક્ર. નં. ૨- ઈ-ટેન્ડર નં.: RTM-૨૦૨૫-૨૬-૧૫૭, કામનું નામઃ** GDA-NAD સેક્શન - DEN/WEST/RTMના અધિકારક્ષેત્ર હેઠળ RW-૨૦ ટ્રાન્સલેમેટિક રોબોટિક વેલ્ડીંગ ટેક્નોલોજી પૂર્ણતાનો કામ દ્વારા CMS ક્રોસિંગનું રિકન્ડીશનિંગ. **અંદા. મૂલ્યઃ** ₹૫૭,૮૨,૮૧૩.૭૫/-. **બાના રકમઃ** ₹૧,૧૫,૭૦૦.૦૦/-. **પૂર્ણતાનો સમયગાળોઃ** ૧૨ મહિના. **કામનો સમાન પ્રકારઃ** કોઈપણ ટ્રેક વર્ક નોંધ - RDSO's લેટર નં. CT/MRP તા. ૨૬.૦૪.૨૦૧૮ મુજબ, ફક્ત મેસર્સ CTF ફ્રાન્સ SA દ્વારા અધિકૃત કંપનીઓ/ સેવા જોગવાઈઓ, ટેક્નોલોજી અને RDSO દ્વારા ટ્રાન્સલેમેટિક રોબોટિક વેલ્ડીંગની ટેક્નોલોજી સાથે CMS ક્રોસિંગના ઈન-સીટુ રિકન્ડિશનિંગ માટે પરવાનગી આપવામાં આવી છે. **વેબસાઈટ પર અપલોડની તારીખઃ** ૧૭.૧૨.૨૦૨૫. **ટેન્ડર ખોલવાની તારીખઃ** ૧૨.૦૧.૨૦૨૫. **ક્ર.નં. ૩- ઈ-ટેન્ડર નં.: RTM-૨૦૨૫-૨૬-૧૫૮, કામનું નામઃ** ગોધરા - નાગદા સેક્શનઃ- બેલાસ્ટ રિન્યૂઅલ (TBR) - ૪૨.૩૨૫ Tkms દ્વારા. **અંદા. જથ્થોઃ-** ટેન્ડર શેડ્યૂલ મુજબ. **અંદા. મૂલ્યઃ** ₹ ૪,૪૫,૪૯,૫૫૭.૬૬/-. **બાના રકમઃ** ₹ ૩,૭૨,૮૦૦.૦૦/-. **પૂર્ણતાનો સમયગાળોઃ** ૧૨ મહિના. **કામનો સમાન પ્રકારઃ** કોઈપણ ટ્રેક વર્ક. **વેબસાઈટ પર અપલોડીંગની તારીખઃ** ૧૭.૧૨.૨૦૨૫. **ટેન્ડરની ખોલવાની તારીખઃ** ૧૨.૦૧.૨૦૨૫. વિગતવાર ટેન્ડર નોટીસ, પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઈટ **www.ireps.gov.in** પર ઉપલબ્ધ છે. V/381

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly• અમને ફોલો કરોઃ x.com/WesternRly

અમારા અસીલો, ટોકરશી જીવરાજ ક્રોસ રોડ, શિવરી, મુંબઈ-૧૫ ખાતે આવેલ પરેલ શીવરી ડીવીજનના કેડેસ્ટ્રલ સર્વે નં. ૪/૨૦૭ ધરાવતી જમીન પર **કેયુરી કંસ્ટ્રકશન પ્રા. લી.** દ્વારા બાંધવામાં આવેલ ઉપર જણાવેલ બીલ્ડીંગના પ્રથમ પોડિયમ લેવલ પર કાર પાર્કીંગ જગ્યાઓ નં. B5 અને B6 સાથે બીલ્ડીંગ હાઈ-ટેક **IT પાર્ક (સત્યા હાઉસ)**ના સાતમા માળ પર ભરતમાં ૩૮૭.૭૫ ચો.મી. એટલે કે ૪,૧૭૩.૭૪ ચો. ફુટ બીલ્ટપ એરીયાની ઓફિસ પ્રીમાઈસીસ અને તેની સાથે સદર બીલ્ડીંગની કોમન એરીયાઝ સુવિધાઓ અને સગવડો, સવલતોમાં એન્જોયમેન્ટના અવિભાજીત પ્રપોર્શનેટ, પ્રમાણસરના હક્ક જેમાં, તેમાં અને તેમાંથી કોમન ઈન્ગ્રેસ અને એગ્રેસના હક્ક તથા ઉપર જણાવેલ સદર બીલ્ડીંગમાં વિવિધ પ્રીમાઈસીસની બાબતમાં રચના થઈ શકે છે તે કોમન સંસ્થાના સભ્ય તરીકે એનરોલ થનાર હક્કનો સમાવેશ છે તે બધું તમામ બોજાઓ અને દાવાઓથી મુક્તપણે વેલ્યુએબલ કન્સીડરેશન માટે **શ્રીમતી ઉષા હિતેશ સંઘવી** પાસેથી ખરીદવા માટે કબૂલ થયેલ છે, અને સદરનું ટાઈટલ તપાસવા અને પ્રમાણિત કરવા અમોને સૂચના આપી છે.

સદર **શ્રીમતી ઉષા હિતેશ સંઘવીએ** અમારા અસીલોને જણાવ્યું છે કે તેણીએ ઉપર જણાવેલ પ્રીમાઈસીસ તેણીની તરફેણમાં **સદર મેસર્સ કમલા એન્ટરપ્રાઈઝીસ** દ્વારા બજાવાયેલ તા. ૧૮-૮-૨૦૨૩ના ડીડ ઓફ ટ્રાન્સફરના અન્વયે અને હેઠળ એક **મેસર્સ કમલા એન્ટરપ્રાઈઝીસ** પાસેથી ખરીદેલ અને સદર **મેસર્સ કમલા એન્ટરપ્રાઈઝીસએ HDFC બેન્ક લી.** પાસેથી લોન/ફાયનાન્સ ફેસીલીટીનો લાભ લીધેલ, જેના માટે ઉપર જણાવેલ પ્રીમાઈસીસ મોર્ગેજ કરેલ, જે લોન/ફાયનાન્સ ફેસીલીટી સંપૂર્ણપણે ડીસ્ચાર્જ થયેલ છે અને રીપેડ થયેલ છે. સદર **શ્રીમતી ઉષા હિતેશ સંઘવીએ** તદ્નુસાર અમારા અસીલને જણાવ્યું છે કે આજની તારીખે ઉપર જણાવેલ પ્રીમાઈસીસની બાબતમાં કોઈ બોજા નથી જે કોઈપણ શખ્સ / એન્ટીટીની તરફેણમાં અમારા અસીલોને તેણીની દ્વારા વેચવા માટે કબૂલાયેલ છે.

કોઈપણ શખ્સ જે ઉપર દર્શાવેલ ઓફિસ પ્રીમાઈસીસ અને/કે કાર પાર્કીંગ જગ્યાઓ કે અહીં ઉપર વર્ણવેલ મિલકતના કોઈપણ ભાગમાં વેચાણ, અદલાબદલી, ગીરો, ભેટ, ટ્રસ્ટ, વારસો, કબજો, ઈઝમેન્ટ, લીઝ, લીયન, એસાઈનમેન્ટ, નિભાવ કે બીજી કોઈ રીતે કોઈપણ હિસ્સો, હક્ક, ટાઈટલ, હિત, દાવો કે માંગણી ધરાવતા હોય કે દાવો કરતા હોય તો આથી વિનંતી કે સદરની જાણ અમોને લેખિતમાં, તેના સમર્થનમાં દસ્તાવેજી પુરાવાની ફોટોકોપીઝ સાથે, આ છપાયાના ૧૪ દિવસમાં વીન્ડસર ચેમ્બર્સ, ૧લો માળ, કાવસજી પટેલ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧ ખાતે કરે, જેના નિષ્ફળ જવા પર, અમો માની લઈશું કે ત્યાં આવા કોઈ સદર ઓફિસ પ્રીમાઈસીસ અને કાર પાર્કીંગ જગ્યાઓમાં કે તે અંગે કોઈપણના બાકી રહેલા દાવા કે માંગણી નથી, અને સદરના ટાઈટલ પ્રમાણિત કરવા આગળ વધશે અને અમારા અસીલો તદ્અનુસાર ખરીદી પૂર્ણ કરવા આગળની કાર્યવાહી કરશે, અને કોઈપણના કોઈપણ દાવા, હક્ક, ટાઈટલ, હિત કે માંગણી, જેની ઉપર જણાવ્યા મુજબ અમોને જાણ કરાયેલ નથી; તેને જતા કરેલ, છોડી દીધેલ, ત્યજી દીધેલ અને રીલીઝ કરેલ તરીકે ગણાશે.

આજ તા. ૨૨મી ડિસેમ્બર, ૨૦૨૫.

સહી/-
**નારાયણન & નારાયણન**
એડવોકેટસ & સોલીસીટર્સ


# બાયોગાસ ક્ષેત્રમાં ૨૦૨૬-૨૭ માં ₹ ૫,૦૦૦ કરોડનું રોકાણ થવાની અપેક્ષા

નવી દિલ્હીઃ આ કેલેન્ડર વર્ષમાં રોકાણકારો અને હિસ્સેદારોના મજબૂત રસને કારણે ૨૦૨૬-૨૭માં બાયોગાસ ક્ષેત્રમાં રૂ. ૫,૦૦૦ કરોડથી વધુનું રોકાણ થવાની અપેક્ષા છે, એમ ભારતીય બાયોગેસ એસોસિએશને જણાવ્યું હતું.

આજની તારીખે, ૧૦૦ થી વધુ કોમ્પ્રેસ્ડ બાયોગેસ (સીબીજી) પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યા છે, અને વર્ષ ૨૦૨૫ માં રોકાણકારો અને હિસ્સેદારો અને વધતી જતી સીબીજી પાઇપલાઇન તરફથી મજબૂત રસ જોવા મળ્યો છે. સરકારી ડેટા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ૯૪ સીબીજી પ્લાન્ટ્સે ૩૧,૪૦૦ ટનથી વધુ સીબીજી વેચ્યું હતું.

એસોસિએશને એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ વૃદ્ધિ અને બજારના ઉદભવનો મૂર્ત પુરાવો છે. ઉપરાંત, નાના પાયે પરંપરાગત લાખો બાયોગેસ ડાયજેસ્ટરમાં કાર્યક્ષમતામાં સુધારો અને ક્ષમતાના ઉપયોગ માટે પૂરતી જગ્યા છે અને દેશના કાર્યક્રમો વિવિધ મધ્યમ કદના પ્લાન્ટ્સ માટે સમર્થન વધારી રહ્યા છે જે સ્વચ્છ રસોઈ ઇંધણ, ગ્રામીણ રોજગાર અને કાર્બનિક ખાતરના ફાયદા પ્રદાન કરે છે.

સીબીજી સુવિધાઓના નોંધપાત્ર કમિશનિંગ, ફીડસ્ટોક માટે અસરકારક અને સંગઠિત સપ્લાય ચેઇન અને બાયોગેસના ઝડપી અપનાવણને ટેકો આપવા માટે એસોસિએશન એકીકૃત અને સંકલિત નીતિ માળખાની અપેક્ષા રાખે છે. સીબીજી ઇકોસિસ્ટમમાં વ્યવસાય કરવાની સરળતા વધશે.

સીબીજી ક્ષેત્ર માટે લાગુ જીએસટી દરમાં સાત ટકાનો ઘટાડો પ્રોજેક્ટની કાર્યક્ષમતામાં નોંધપાત્ર સુધારો કરશે અને સીધી અસર ટૂંકાથી મધ્યમ ગાળામાં ઉદ્યોગમાં નવા રોકાણોમાં ટારથી પાંચ ટકાના વધારામાં પરિણમશે, ઉદ્યોગ મૂલ્ય શૃંખલામાં પરોક્ષ રીતે, ગુણક અસર ઘણી મોટી હશે. ૨૦૨૬માં, સીબીજી ઉદ્યોગનું કદ આશરે ત્રણથી ટાર અબજ ડોલર સુધી વધશે

# નિકાસ મોરચે પેટ્રોલિયમ પ્રોડક્ટસને ઈલેક્ટ્રોનિક્સ માત આપશે

મુંબઈ : વર્તમાન નાણાં વર્ષના એપ્રિલથી નવેમ્બરના પ્રથમ આઠ મહિનામાં દેશની ઈલેક્ટ્રોનિક્સ માલસામાનની નિકાસ વાર્ષિક ધોરણે ૩૮ ટકા વધી ૩૧ અબજ ડોલર રહી છે. ઈલેક્ટ્રોનિક્સ નિકાસમાં સ્માર્ટફોનનો હિસ્સો ૬૦ ટકા જેટલો રહ્યો હોવાનું વાણિજ્ય મંત્રાલયના ડેટા જણાવે છે.

દેશમાંથી નિકાસની ટોચની ૩૦ મુખ્ય ચીજવસ્તુઓમાં ઈલેક્ટ્રોનિક્સની નિકાસ સૌથી ઝડપથી વધી રહી છે. વર્તમાન નાણાં વર્ષના પ્રથમ આઠ મહિનામાં દેશની એકંદર નિકાસમાં ૭૯.૭૦ અબજ ડોલર સાથે એન્જિનિયરિંગ માલસામાનનો ક્રમ પહેલો રહ્યો છે જ્યારે ૩૭.૯૦ અબજ ડોલર સાથે બીજા ક્રમે પેટ્રોલિયમ પ્રોડક્ટસ તથા ૩૧ અબજ ડોલર સાથે ત્રીજા ક્રમે ઈલેક્ટ્રોનિક્સ માલસામાન રહ્યો છે.

નાણાં વર્ષ ૨૦૨૫ના પ્રથમ આઠ મહિનામાં પેટ્રોલિયમ પ્રોડક્ટસની નિકાસનો આંક ૪૪.૫૮ અબજ ડોલર રહ્યો હતો જ્યારે ઈલેક્ટ્રોનિક્સ માલસામાનનો આંક ૨૨.૫૦ અબજ ડોલર રહ્યો હતો. વર્તમાન નાણાં વર્ષના સમાન ગાળામાં પેટ્રોલિયમ પ્રોડક્ટસની નિકાસમાં ૧૪.૭૦ ટકા ઘટાડો થયો છે જ્યારે ઈલેક્ટ્રોનિક્સ માલસામાનની નિકાસનું મૂલ્ય ૪૦ ટકા વધ્યું છે.

આમ પેટ્રોલિયમ પ્રોડક્ટસ તથા ઈલેક્ટ્રોનિક્સની નિકાસ મૂલ્ય વચ્ચેના અંતરમાં નોંધપાત્ર ઘટાડો થઈ રહ્યો છે. નાણાં વર્ષ ૨૦૨૮ સુધીમાં ઈલેક્ટ્રોનિક્સની નિકાસ પેટ્રોલિયમ પ્રોડક્ટસ કરતા આગળ નીકળી જવાની શકયતા જોવાઈ રહી હોવાનું વાણિજ્ય મંત્રાલયના સુત્રોએ જણાવ્યું હતું.

વર્તમાન વર્ષના નવેમ્બરમાં ઈલેક્ટ્રોનિક્સ નિકાસ ૩૯ ટકા વધી ૪.૮૧ અબજ ડોલર રહી હતી. વર્તમાન નાણાં વર્ષના પ્રથમ આઠ મહિનામાં દેશની ટોચની ૩૦ નિકાસ આઈટેમ્સમાંથી ૧૭ની નિકાસમાં વધારો થયો છે જ્યારે ૧૩માં ઘટાડો નોંધાયો છે.

# ચાઈનીઝ કોલ્ડ રોલ્ડ સ્ટીલ પર એન્ટી-ડમ્પિંગ ડયૂટી

મુંબઈઃ ચીન ખાતેથી સસ્તી આયાત રોકવાના ભાગરૂપ ભારત સરકારે કોલ્ડ રોલ્ડ નોન ઈલેક્ટ્રીકલ સ્ટીલની આયાત પર પાંચ વર્ષ માટે એન્ટી ડમ્પિંગ ડયૂટી લાગુ કરી છે. ચીનના સસ્તા માલને કારણે ભારતના સ્થાનિક ઉત્પાદકોને નુકસાન થતું હોવાનું તપાસમાં જણાયા બાદ એન્ટી ડમ્પિંગ ડયૂટી લાગુ કરવા નિર્ણય લેવાયો હોવાનું નાણાં મંત્રાલયના નોટિફિકેશનમાં જણાવાયું હતું.

ડયૂટીનો દર પ્રતિ ટન ૨૨૩.૮૦ ડોલરથી ૪૧૪.૯૦ ડોલરની વચ્ચે રખાયો છે. ધ ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ટ્રેડ રેમેડિસ દ્વારા કરાયેલી ભલામણને આધારે આ નોટિફિકેશન જારી કરાયું છે. કોલ્ડ રોલ્ડ નોન ઈલેક્ટ્રીકલ સ્ટીલનો વપરાશ મોટેભાગે ઈલેક્ટ્રીક મોટર્સ, ટ્રાન્સફોર્મર્સ તથા જનરેટર્સમાં થાય છે.

ચીન ખાતેથી આયાત કરાતા આ માલ સ્થાનિક સમાન પ્રોડક્ટસની સરખામણીએ સસ્તામાં ડમ્પિંગ થતા હોવાનું ધ ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ટ્રેડ રેમેડિસને તપાસમાં જણાયું હતું. સસ્તી આયાતને કારણે ભારતના ઉત્પાદકોને નુકસાન સહન કરવું પડતું હતું.

ઘરઆંગણેના સ્ટીલ ઉદ્યોગને રક્ષણ આપવા વિયેતનામ ખાતેથી આયાત થતા હોટ રોલ્ડ ફલેટ સ્ટીલ પર સરકારે ગયા મહિને ડયૂટી લાગુ કરી હતી. વિયેતનામના આ પ્રોડકટસ પર પ્રતિ ટન ૧૨૧.૫૫ ડોલર ડયૂટી લાગુ કરવામાં આવી છે.

# સ્ટ્રાઈક રેટ ૪૮ ટકાઃ ૧૨૯ નગરાધ્યક્ષનો વિજયઃ ફડણવીસ

## મહાયુતિના ૭૫ ટકા ઉમેદવારોના વિજય માટે રાજ્ય સરકારના વિકાસલક્ષી કારભારને શ્રેય આપ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યના નગર-પંચાયત અને નગરપરિષદની ચૂંટણીઓ મહાયુતિને મળેલી સફળતા પાછળ ભાજપ સંગઠનની સંપૂર્ણ ટીમ અને સરકારના પ્રયાસ જવાબદાર હોવાનું રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે કહ્યું હતું. નગરપંચાયત અને પરિષદની ચૂંટણીમાં મળેલા ભવ્ય વિજય માટે પક્ષની સંપૂણ ટીમ અને સરકારના પ્રયાસ જવાબદાર

(જુઓ પાનું ૪) ▸▸


(અમય ઘરત)

# મહાયુતિ માટે નિર્ણાયક જનાદેશઃ મહારાષ્ટ્ર ભાજપ પ્રમુખ

મુંબઈ : રવિવારે સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીમાં મતગણતરી દરમિયાન, મહારાષ્ટ્ર ભાજપ પ્રમુખ રવિન્દ્ર ચવ્હાણે દાવો કર્યો કે તેમના પક્ષને નિર્ણાયક જનાદેશ મળ્યો છે કારણ કે મતદારોએ વિપક્ષની ''બનાવટી વાર્તાઓ''ને નકારી કાઢી છે.

તેમણે દાવો કર્યો કે મહાયુતિએ ૨૮૮ માંથી ૨૫૦ થી વધુ પરિષદો, નગર પરિષદો અને નગર પંચાયતો જીતી છે, જેમાં ભાજપના ઉમેદવારોએ ૨૩૬ માંથી ૧૩૪ કાઉન્સિલ પ્રમુખ પદો અને ૩,૦૦૦ થી વધુ કોર્પોરેટર બેઠકો મેળવી છે. મહાયુતિમાં ભાજપ, એકનાથ શિંદેની શિવસેના અને અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીનો સમાવેશ થાય છે.

ભાજપ મુખ્યાલય ખાતે પત્રકારો અને પક્ષના કાર્યકરોને સંબોધતા ચવ્હાણે કહ્યું કે હવે ધ્યાન મુંબઈ પર રહેશે, જ્યાં ૧૫ જાન્યુઆરીએ ૨૮ અન્ય મ્યુનિસિપલ કોર્પોરેશનો સાથે મ્યુનિસિપલ ચૂંટણીઓ યોજાશે અને બીજા દિવસે મત ગણતરી થશે.

ચવ્હાણે કહ્યું કે પ્રચાર દરમિયાન વિપક્ષે અનેક પાયાવિહોણા આક્ષેપો કર્યા હતા, જેને જનતાએ ફગાવી દીધા હતા. ઉદ્ધવ ઠાકરેએ પોતે કહ્યું હતું કે તેમની પાસે લોકોને આપવા માટે કંઈ નથી અને તેથી જ તેમની પાર્ટીને નકારી કાઢવામાં આવી હતી. તેમનો પક્ષ કાઉન્સિલ અધ્યક્ષ પદ પણ બે આંકડામાં જીતી શક્યો નથી, એમ તેમણે દાવો કર્યો. હવે, મુંબઈવાસીઓ પણ આગામી બીએમસી ચૂંટણીઓમાં વિપક્ષના દાવાને

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# ગડકરીએ 'જબરજસ્ત સફળતા' માટે કાર્યકરોનો આભાર માન્યો

નાગપુર : કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ રવિવારે કહ્યું કે મહારાષ્ટ્ર સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીમાં ભાજપની 'જબરજસ્ત સફળતા' એ 'કાર્યકરોનો વિજય' છે.

મહારાષ્ટ્રભરમાં ૨૮૬ નગર પરિષદો અને નગર પંચાયતોમાં પ્રમુખ અને સભ્યોના પદો માટેની ચૂંટણી માટે મત ગણતરી રવિવારે સવારે ૧૦ વાગ્યે શરૂ થઈ હતી.

''તમારું, અમારું, ભાજપ બધાનું છે અને આ કાર્યકરોનો વિજય છે,'' ગડકરીએ એક્સ પરની એક પોસ્ટમાં કહ્યું. તેમણે નગર પરિષદ અને નગર પંચાયતની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીની પ્રચંડ સફળતા બદલ ભાજપના રાજ્ય પ્રમુખ રવિન્દ્ર ચવ્હાણ, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને કાર્યકરોની પ્રશંસા કરી.

''આ કાર્યકરોનો વિજય છે. ભાજપની વિકાસલક્ષી કાર્યશૈલીમાં વિશ્વાસ જાળવી રાખીને તેને ટેકો આપનારા લોકોનો આભાર,'' કેન્દ્રીય પ્રધાને ભારપૂર્વક જણાવ્યું.

# ૧૫ જાન્યુઆરીએ યોજાનારી પાલિકા ચૂંટણીનું 'ટ્રેલર', શિંદેનો દાવો

થાણે : મહારાષ્ટ્ર સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીનાં પરિણામો ૧૫ જાન્યુઆરીએ યોજાનારી નગર નિગમ ચૂંટણીમાં શું થવાનું છે તેનું ટ્રેલર છે, એમ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ રવિવારે મતગણતરી દરમિયાન દાવો કર્યો હતો.

તેમણે શિવસેનાના ''સ્ટ્રાઈક રેટ'' ની પણ પ્રશંસા કરતા કહ્યું કે પરિણામો તેમના પક્ષ દ્વારા કરવામાં આવેલા સારા કાર્યનું સમર્થન છે.

મહારાષ્ટ્રભરમાં ૨૮૬ નગર પરિષદો અને નગર પંચાયતોમાં પ્રમુખ અને સભ્યોના પદો માટેની ચૂંટણી માટે મતગણતરી સવારે ૧૦ વાગ્યે શરૂ થઈ. શરૂઆતમાં ભાજપ, અજિત પવારની એનસીપી અને શિંદેની શિવસેનાનો સમાવેશ કરતી મહાયુતિ આરામથી આગળ હોવાનું જણાઈ રહ્યું હતું.

જનતા માત્ર રાજકારણ નહીં, પણ વિકાસ પસંદ કરે છે. મહાયુતિનો ભવ્ય વિજય આગામી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીના ટ્રેલર સમાન છે અને તેનું પુનરાવર્તન

(જુઓ પાનું ૪) ▸▸

VIETNAM 11 DAYS



SCAN FOR MORE DETAILS
DEP DATES 25th DEC | 03rd JAN | 22nd JAN | 05th FEB | 21st FEB | 07th MAR | 19th MAR | 11th APR
23rd APR | 07th MAY | 21st MAY | 04th JUN | 18th JUN | 26th SEP
PACKAGE INCLUSIONS
• Glass Bridge, Fansipan Mountain, Fanicular Ride, Basket Boat, Bana Hill, Cu Chi Tunnel અને Golden Bridge નો અદભુત અનુભવ.
• Halong Bay Cruise પર રાત્રી મુકામ નો અવિસ્મરણીય અનુભવ.
• રીટર્ન ઈકોનોમી ક્લાસ એરફેર.
• આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
• ગુજરાતી, હિન્દી અને ઈંગલિશ જાણતા ટૂર મેનેજર ની સેવા.
• વીઝા, એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.
SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74

# પરલી અને બીડને બદનામ કરવાના કાવતરાનો મતદારોએ જવાબ આપ્યોઃ મુંડે

છત્રપતિ સંભાજીનગર : રવિવારે મતગણતરી દરમિયાન મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન અને એનસીપી નેતા ધનંજય મુંડેએ દાવો કર્યો હતો કે સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીનાં પરિણામો દ્વારા લોકોએ પરલી અને બીડને બદનામ કરવાના વિપક્ષના કાવતરાને તોડી પાડ્યો છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં સરપંચ સંતોષ દેશમુખની હત્યા અને ત્યારબાદ વણજારી અને મરાઠા સમુદાયો વચ્ચેના ઘર્ષણ જેવા મુદ્દાઓના કારણે આ પ્રદેશમાં

(જુઓ પાનું ૪) ▸▸

# વિજય માટે ચૂંટણી પંચ અને મની પાવર જવાબદારઃ વિરોધ પક્ષનો આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચૂંટણી પંચે રાજ્યની નગરપંચાયત અને નગરપરિષદની ચૂંટણી ઊભી કરેલી આપેલી તમામ સુવિધાઓને કારણે મહાયુતીનો વિજય થયો હોવાનો આક્ષેપ વિરોધપક્ષ કૉંગ્રેસ અને શિવસેના(યુટીબી)એ તેમની હાર બાદ કર્યો હતો.

રાજ્યની ૨૮૬ નગરપંચાયત અને નગરપરિષદની ચૂંટણીની રવિવાર સવારથી મતગણતરી ચાલુ થઈ હતી. રાજ્યના અમુક વિસ્તારમાં મહાયુતિના ભાગીદાર ભાજપ, એકનાથ શિંદેની

(જુઓ પાનું ૪) ▸▸

# શિંદે જૂથ અને ઠાકરે જૂથ એક સાથે આવતા ૫૫ વર્ષ જૂના ભાજપ શાસનને ઉથલાવી દીધું

વીટા નગરઃ રાજ્યમાં નગરપાલિકા અને નગર પંચાયત ચૂંટણીનાં પરિણામો રવિવારે જાહેર થયા. આ ચૂંટણીમાં ભાજપ, શિંદે જૂથ અને અજિત પવારના એનસીપીનો વિજય થયો છે. જ્યારે વિદર્ભ અને અન્ય કેટલીક જગ્યાએ કોંગ્રેસ અને મહાવિકાસ આઘાડીના ઘટક પક્ષોએ કેટલીક ચૂંટણીઓ જીતી છે. બીજી તરફ ઠાકરે જૂથે ફરી એકવાર મતદાન પ્રક્રિયા સામે વાંધો ઉઠાવીને શાસક પક્ષ અને ચૂંટણી પંચને નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો હતો.

દરમિયાન, આ ચૂંટણીમાં સાંગલીની વીટા નગરપાલિકાની ચૂંટણી પરિણામોની સૌથી વધુ ચર્ચા થઈ રહી છે. આ ચૂંટણીમાં સાંગલીની વીટા નગરપાલિકાએ

(જુઓ પાનું ૪) ▸▸

# પાલઘર-દહાણુમાં ભાજપને ફટકો

પાલઘરઃ પાલઘર જિલ્લામાં આ મહિને બે તબક્કામાં યોજાયેલી નગરપાલિકા અને નગર પંચાયતોની ચૂંટણીનાં પરિણામો રવિવારે જાહેર કરવામાં આવ્યાં, જેમાં ભાજપ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાએ વિજય મેળવ્યો હતો.

સ્થાનિક ચૂંટણી અધિકારીઓના જણાવ્યા અનુસાર, શિવસેનાએ પાલઘર અને દહાણુ નગર પરિષદમાં પ્રમુખ પદ જીત્યું, જ્યારે ભાજપે જવાહરનગર પરિષદ અને વાડા નગર પંચાયતમાં

(જુઓ પાનું ૪) ▸▸

# નંદુરબારમાં ભાજપનો પરાજયઃ અજિત પવારનો હાથ ઉપર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નંદુરબાર નગરપરિષદની ચૂંટણી પહેલા દિવસથી ચર્ચામાં રહી હતી. જીલ્લામાં ચારેય નગરપરિષદની ચૂંટણીમાં ભાજપની કારમી હાર થઈ હતી. અહીં બે નગરપરિષદમાં નાયબ મુખ્ય પ્રધાન અજીત પવારના નેતૃત્વની રાષ્ટ્રવાદી કોંગ્રેસનો વિજય થયો હતો. એક જગ્યાએ શિવસેના શિંદે ગ્રૂપનો વિજય થયો હતો. તો શહાદા નગર પરિષદમાં જનતા વિકાસ આઘાડીના ઉમેદવાર વિજયી થયા હતા.

નંદુરબાર નગર પરિષદની ચૂંટણી પહેલા દિવસથી

(જુઓ પાનું ૪) ▸▸

# ઠાકરેએ ૨૭ વર્ષમાં જે કમાયું, તે શિંદેએ ગુમાવ્યું

નાશિકઃ રાજ્યની ૨૪૬ નગરપાલિકા અને ૪૨ નગર પંચાયતોના પરિણામો રવિવારે જાહેર થયા. આ ચૂંટણીમાં મહાયુતિએ જોરદાર કમબેક કરી છે. ભાજપે સૌથી વધુ બેઠકો પર જીત હાંસલ કરી છે, જ્યારે એકનાથ શિંદેની શિવસેના બીજા સ્થાને છે અને અજિત પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ ત્રીજા સ્થાને છે. નાશિકમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ આશ્ચર્યજનક પરિણામો નોંધાવ્યા છે. ભગુર નગર પંચાયતમાં એનસીપીએ સત્તા મેળવી છે અને શિંદેની સેનાનો પરાજય થયો છે.

નાશિકમાં આવેલું ભગુર સ્વાતંત્ર્ય સેનાની વિનાયક દામોદર સાવરકરના ગામ તરીકે ઓળખાય છે. છેલ્લા ૨૭ વર્ષથી આ ગામમાં વિજય કરંજકર અને શિવસેના સત્તામાં હતા. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ટિકિટ ન મળતાં કરંજકર નારાજ થયા

(જુઓ પાનું ૪) ▸▸

# નાંદેડમાં એક જ પરિવારના છ ભાજપના ઉમેદવારનો પરાજય

નાંદેડઃ નાંદેડમાં લોહા મ્યુનિસિપલ કાઉન્સિલની ચૂંટણીમાં ભાજપે એક જ પરિવારના છ લોકોને મેદાનમાં ઉતાર્યા હોવાનું બહાર આવ્યું હતું. તેથી, વંશવાદના મુદ્દે કોંગ્રેસ પર સતત પ્રહારો કરતી ભાજપની ભૂમિકા અંગે રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ પણ જામી હતી. લોહા નગરપરિષદના નગરાધ્યક્ષ પદ માટે ભાજપે ગજાનન સૂર્યવંશીની ઉમેદવારી જાહેર કરી હતી. જ્યારે નગરસેવક પદ માટે ગજાનન સૂર્યવંશીના પત્ની ગોદાવરી સૂર્યવંશી, ભાઈ સચિન સૂર્યવંશી, ભાઈના પત્ની સુપ્રિયા સચિન સૂર્યવંશી, સાળા યુવરાજ વાઘમારે અને ભાણેજની પત્ની

(જુઓ પાનું ૪) ▸▸

# સોલાપુરમાં એક જ પરિવારના ત્રણ સભ્યનો વિજય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સોલાપુર જિલ્લાના કરમાળાનું ચૂંટણી રિઝલ્ટ સમગ્ર રાજ્યમાં ચર્ચાનો વિષય બન્યો છે. અહીં એક જ ઘરના ત્રણ ઉમેદવારોએ ભવ્ય વિજય મેળવ્યો છે, જેમાં ભાઈ-બહેન અને ભાભીનો સમાવેશ થાય છે. કરમાળા નગરપાલિકા ચૂંટણીમાં નગરસેવક પદ માટે ભાઈ, બહેન અને ભાભીએ ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું. લતા ઘોલપ, સચિન ઘોલપ અને નિર્મલા ગાયકવાડે ભાજપ પક્ષમાંથી ચૂંટણી લડી હતી અને ત્રણેય જણ બહુમતીએ ચૂંટણી જીતી ગયાં હતાં. ■

MUMBAI - BREACH CANDY EXHIBITION
Real BANDHANI
Patan & Rajkoti PATOLA
DECEMBER 2025
22 MON | 23 TUE | 24 WED
10:00 am to 08:00 pm
RAJSHRUNGAR® RAJKOT
AAKAR ART GALLERY
49A, Bhulabhai Desai Road, Breach Candy, Nr. Benzer, Mahalaxmi (W), Mumbai
9879187787 RAJSHRUNGAR RAJKOT
Print Master

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.